
અજ્ઞાતકર્તૃક

# ચારિત્રમનોરથમાલા



ટીકાકાર :

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્

**વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજ**

પૂ.પં.શ્રી પદ્મવિજયજી ગણિવર જૈનગ્રંથમાળા પુષ્પ - ૪૮

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્

વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજ વિરચિત

'પ્રેમપ્રભા' ટીકા યુક્ત

અજ્ઞાતકર્તૃક

# ચારિત્રમનોરથમાલા

અનુવાદક - સંપાદક

પૂ.મુનિરાજશ્રી ભવ્યદર્શનવિજયજી ગણિવર

: ગ્રંથકાર-અજ્ઞાત :

: ટીકાકાર :

ધર્મતીર્થપ્રભાવક, સિદ્ધાંતસંરક્ષક,

અપ્રમત્તજ્ઞાનોપાસક, પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્

**વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

: ભાવાનુવાદક—સંપાદક :

**પૂ.મુનિરાજશ્રી ભવ્યદર્શનવિજયજી ગણિવર**


: પ્રથમાવૃત્તિ :

સંવત ૨૦૫૯, પોષ સુદ ૧૫, તા.૧૮-૧-૨૦૦૩, શનિવાર

: નકલ :

૧૦૦૦

: પ્રકાશક :

**પૂ.પં.શ્રી પદ્મવિજયજી ગણિવર જૈનગ્રંથમાળા**

C/o. અશોકકુમાર હિંમતલાલ શાહ

એચ.એ.માર્કેટ, ત્રીજે માળે, કપાસિયા બજાર, અમદાવાદ - ૨.

ફોન : (ઓ) ૨૧૨૩૨૮૭ (ઘર) ૬૬૧૨૫૦૭

: અક્ષરાંકન - મુદ્રણ :

**જિનેશ્વર ગ્રાફીક્સ,**

૧૦૩, ઉષાદીપ કોમ્પલેક્ષ, રેલવે ક્રોસિંગ પાસે, નવરંગપુરા, અમદાવાદ.

ફોન : (ઓ) ૬૪૦૪૮૭૪ (ઘર) ૭૫૫૧૬૫૪ (મો) ૯૮૨૪૦ ૧૫૫૧૪

# સાદર સમર્પણ

શાસનનાયક..... પરમતારક.....

કરુણાસિંધુ..... વિશ્વોદ્ધારક.....

શ્રમણભગવાન **શ્રીમહાવીરપરમાત્માની**

**૭૬મી પાટને અલંકૃત કરનારા.....**

નિઃસ્પૃહશિરોમણિ, વાત્સલ્યના મહાસાગર,

પરમકરુણાના અવતાર, સુવિશાલગચ્છનિર્માતા,

ગચ્છના સફળ સુકાની, સચ્ચારિત્રચૂડામણિ,

સંયમ-ત્યાગ-તપોમૂર્તિ, સુવિશુદ્ધબ્રહ્મમૂર્તિ,

સુરાસુરપૂજ્ય, કર્મસાહિત્યનિપુણમતિ,

સિદ્ધાંતમહોદધિ, જ્યોતિર્ધર, પૂજ્યપાદ,

સ્વ.સૂરિપુરંદર શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**નાં

પરમપાવન કરકમલોમાં

કૃતજ્ઞભાવે સાદર સમર્પણ...

આપના અનંત ઉપકારના ભાર નીચે દબાયેલો

અને આપની દિવ્યકૃપાનો ભિક્ષુક...

**- વિજય મિત્રાનંદસૂરિ**

સં.૨૦૫૯, મૌન એકાદશી

# અંતરની વાત...

લગભગ ત્રણ દાયકા પહેલાં પુસ્તકો જોતાં જોતાં સાધ્વીશ્રી લાભશ્રીજી મહારાજની પ્રેરણાથી છપાયેલું અને ભાવનગરથી પ્રકાશિત થયેલું **'જંબૂદ્વીપ સમાસ પ્રકરણ'** નામનું નાનું પુસ્તક હાથમાં આવ્યું. ક્રમશઃ વાંચતાં વાંચતાં **ચારિત્રમનોરથમાળા** નામનું પ્રકરણ, જે ફક્ત ૩૦ જ ગાથાનું હતું, એ વાંચતાં આત્માને પરમ આનંદ થયો, મન હર્ષવિભોર બન્યું. વારંવાર વાંચવાનું મન થતું. વાંચતાં વાંચતાં રોમરાજી વિકસ્વર થતી.

વયોવૃદ્ધ, પરમ આરાધક, મુનિશ્રી પુણ્યદર્શનવિજયજીની સંયમની પ્રેરણા માટે માંગણી ઊભી રહેતી. તેથી મેં એમને આ ચારિત્રમનોરથમાળા ઝેરોક્ષ કરાવી મોકલી. એમણે વાંચીને અનન્ય આનંદ વ્યક્ત કર્યો અને જાણે બધું જ મળી ગયું, એવો પ્રતિભાવ બતાવ્યો.

મુંબઈ વાલકેશ્વર શ્રીપાલનગરના ઉપાશ્રયમાં આ ગ્રંથ ઉપર સભા સમક્ષ વ્યાખ્યાનો થયાં. લોકોને પણ ખૂબ આનંદ આવ્યો અને સુશ્રાવક નવીનચંદ્ર ભગવાનદાસભાઈએ તથા નવીનચંદ્ર રીખવચંદભાઈ વગેરેએ **'સંયમ રંગ લાગ્યો'** પુસ્તક છપાવ્યું, જેમાં આ પ્રકરણ પણ સામેલ હતું.

ત્યારબાદ મુંબઈથી વિહાર કરી ગુજરાત આવતાં વાપી ગયા. ત્યાં પં.હેમભૂષણ વિજયજી ગણીની નિશ્રામાં ઉપધાન ચાલુ હતાં. ૭ દિવસ રોકાવાનું થયું. સાધુ-સાધ્વીજી ભગવંતોની વાચના માટે માંગણી થઈ અને લગભગ ૬૦ સાધુ-સાધ્વીજી સમક્ષ ચારિત્રમનોરથમાળા ઉપર વાચના આપી. સૌને ૩૦ ગાથા કંઠસ્થ કરવાની ઈચ્છા થઈ. મુંબઈથી ૧૦૦ પુસ્તકો મંગાવ્યાં. ઘણાં ખરાં સાધુ-સાધ્વીજીએ ચારિત્ર-મનોરથમાળાની ગાથાઓ કંઠસ્થ કરી અને તે પછી પણ ઘણાં સાધુ-સાધ્વીજીને પ્રેરણા કરતાં તેઓ કંઠસ્થ કરવા લાગ્યાં.

એકવાર એ ગાથાઓ વાચતાં વાચતાં એના ઉપર સંસ્કૃત ટીકા લખવાનો વિચાર આવ્યો અને શુભઘડીએ એ મંગલકાર્યનો પ્રારંભ થયો. લખાવવાની શરૂઆત કરી અને મુનિરાજશ્રી ભવ્યદર્શન વિજયજી ગણી ફેર કરવા લાગ્યા. ટૂંક સમયમાં ટીકા પૂર્ણ થઈ.

પછી આ.વિ.કુલચન્દ્રસૂરિજીએ, પં.સુબોધભાઈ વગેરેએ એનું સંશોધન કર્યું. તે પછી **મુનિશ્રી ભવ્યદર્શનવિજયજી ગણીએ** તથા બીજા કેટલાક

પુણ્યાત્માઓએ આનું ભાષાંતર થવું જોઈએ : એવો આગ્રહ સેવ્યો. મેં મુનિશ્રી ભવ્યદર્શનવિજયજી ગણીને કહ્યું : તમે જ ભાષાંતર લખી નાખો અને તેમણે ટૂંક સમયમાં ભાષાંતર લખી નાખ્યું.

તે પછી અમે સામ-સામે બેસીને મેળવી લીધું. એમાં જરૂરી સુધારો-વધારો કર્યો. ભાષાંતર થયા પછી ચોક્કસ લાગ્યું કે, આ જરૂરી હતું. ઘણા જીવોને શ્રીતીર્થંકરભગવંતોના મહાન સંયમધર્મની મહત્તા સમજવા માટે આ ખૂબ જ ઉપયોગી થશે. બહુ સંક્ષેપ નહિ, તેમ બહુ વિસ્તાર પણ નહિ - એ શૈલીથી થયેલો આ ભાવાનુવાદ વાંચી સૌ કોઈ આનંદિત થશે અને પરમાત્માના સંયમધર્મની ગરિમા સમજશે એમાં શંકાને કોઈ સ્થાન નથી. આમાં રહી ગયેલી કોઈ પણ ત્રુટી વિદ્વાનો અમને જણાવે, તો બીજી આવૃત્તિમાં સુધારો થશે.

**ટીકાનું નામ 'પ્રેમપ્રભા' શાથી ?**

ભવાબ્ધિતારક પૂજ્યપાદ પરમોપકારી પરમગુરુદેવ સ્વ.આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાએ મારો હાથ પકડ્યો. મને સંસારના કીચડમાંથી બહાર કાઢ્યો. પાંચ પ્રતિક્રમણથી અભ્યાસની શરૂઆત થઈ. અભ્યાસ માટેની તેઓશ્રીની પ્રેરણાઓ અજબ હતી. નાની શાંતિ વિહારમાં એક દિવસમાં કરાવી. મોટી શાંતિ ત્રણ જણની હરિફાઈમાં એક દિવસમાં કરાવી. વિ.સં.૧૯૯૮ના ખંભાતના ચાતુર્માસમાં (હું ગૃહસ્થપણામાં) તું રોજ છ કલાક ન ભણે તો બીજે દિવસે હું આયંબિલ કરીશ, એમ કહી કરુણાસાગર એ મહાપુરુષે મને ટાઈમ જોવા એક ઘડિયાળ આપ્યું. એક દિવસ પોણા છ કલાકનો સરવાળો થયો અને તેઓએ બીજે દિવસે આયંબિલ કર્યું. સંસ્કૃતના અભ્યાસ માટે ચાર કલાક પંડિત રાખી આપેલા. વિ.સં.૨૦૧૦માં સંગમનેરની સ્થિરતા દરમિયાન મને કહે : તું જે દિવસે શ્રીભગવતીજી સૂત્રના ૧૦૦ પાનાં નહીં વાંચે તેને બીજે દિવસે આયંબિલ કરીશ. હું એક પણ મિનિટ બગાડ્યા વગર શ્રીભગવતીસૂત્રના વાંચનમાં ડૂબી ગયો. કેવી એ પરમતારકની ભણાવવાની લગની અને કરુણા ! એ મહાપુરુષના આવા અગણિત ઉપકારોની સ્મૃતિમાં આ ચારિત્રમનોરથમાળા ગ્રંથની ટીકાનું નામ 'પ્રેમપ્રભા' રાખ્યું છે.

૧૭, ટોળકનગર,
મહાલક્ષ્મી રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦ ૦૦૭.

- *આ.વિ.મિત્રાનંદસૂરિ*
સં.૨૦૫૯, કા.વ.૬,
('સૂરિપ્રેમ' દીક્ષાદિન)

**આ ગ્રંથરત્નના પ્રકાશનમાં દ્રવ્યનો વ્યય કરનાર**

# સુ...કૃ...ત...ના...સ...હ...ભા...ગી...

- **શ્રી મનમોહન પાર્શ્વનાથ જૈન મંદિર ટ્રસ્ટ (જ્ઞાનખાતું)**
  (શ્વે.મૂ.જૈન સંઘ) ગુજરી પેઠ, ઇચલકરંજી (મહારાષ્ટ્ર)
- **પૂ.સાધ્વીજીશ્રી જિતેન્દ્રશ્રીજી મ.** ના સદુપદેશથી
  લક્ષ્મીનિવાસ વગેરે સોસાયટીની બહેનોની જ્ઞાનખાતાની ઉપજમાંથી હ. કાંતાબેન પનાલાલ, અમદાવાદ.
- **શ્રીમતી કાંતાબેન રમણિકલાલ, સુરેન્દ્રનગરવાળા**
- **અ.સૌ.હેમંતિકાબેન કીર્તિભાઈ**
  ૩૧૭, સી-ડ્રાઈવ, ન્યુ મિલફોર્ડ, અમેરિકા

જ્ઞાનભક્તિનો લાભ લેનાર સંઘ તથા પુણ્યશાળીઓની હાર્દિક અનુમોદના કરીએ છીએ.

લિ. **પૂ.પં.શ્રીપદ્મવિજયજી ગણિવર જૈનગ્રંથમાળા**
ટ્રસ્ટનું ટ્રસ્ટીમંડળ

ॐ ह्रीं अर्हँ नमः ।

पूज्यपाद-दान-प्रेम-रामचन्द्रसूरीश्वरसद्गुरुभ्यो नमः ।

**ज्ञाननिधि-चारित्ररत्न-समतासिन्धु-पू.पंन्यासप्रवरश्रीपद्मविजयजी-गणिवराणां प्रथमशिष्यरत्नेन धर्मतीर्थप्रभावकाखण्डबालब्रह्मचारि-अप्रमत्तज्ञानोपासकाचार्यविजयमित्रानन्दसूरिवरेण विरचितया 'प्रेमप्रभा' टीकयोपशोभिताऽज्ञातकर्तृकेन रचिता**

# चारित्रमनोरथमाला

**मंगलाचरणम् -**

**वीरविभोः पदाम्भोजं, नत्वा च गुणसागरम् ।**
**सद्गुरुं प्रेमसूरीशं, स्मृत्वा च श्रुतदेवताम् ॥१॥**

---

ॐ ह्रीं अर्हँ નમઃ

વિશ્વપૂજ્ય-શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરસદ્ગુરુભ્યો નમઃ

જ્ઞાનનિધિ-ચારિત્રરત્ન-સમતાસિંધુ

સ્વ. પૂજ્યપાદ **પંન્યાસપ્રવરશ્રી પદ્મવિજયજી** ગણિવર્યના પ્રથમ શિષ્યરત્ન ધર્મતીર્થપ્રભાવક, અખંડબાલબ્રહ્મચારી, અપ્રમત્તજ્ઞાનોપાસક, પૂજ્યપાદ, આ.ભ.શ્રીમદ્ **વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા** રચિત **'પ્રેમપ્રભા'** ટીકાયુક્ત અજ્ઞાતકર્તૃક

# ચારિત્રમનોરથમાલા

**(ભાવાનુવાદ)**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

**મંગલાચરણ :** શ્રીવીરપરમાત્માનાં ચરણકમળને નમસ્કાર કરીને, ગુણના સાગરસમા સદ્ગુરુ શ્રીપ્રેમસૂરીશ્વરજી મહારાજાને નમસ્કાર કરીને તથા શ્રુતદેવતા-સરસ્વતીદેવીનું સ્મરણ કરીને **'ચારિત્રમનોરથમાલા'** ગ્રંથ ઉપર, બાળજીવોને ઉપકારક **'પ્રેમપ્રભા'** નામની વૃત્તિ-ટીકા હું કરું છું-રચું છું. ૧-૨

**सच्चारित्रमनोरथ-मालायाः प्रकरोम्यहम् ।**
**बालोपकारिणीं वृत्तिं, नाम्ना प्रेमप्रभां पराम् ॥२॥**

अध्यात्मरसास्वादरसिकेन संवेगरङ्गरञ्जितमानसेनाऽज्ञातकर्तृकेन केनापि सूरिवरेण मुनिवरेण वा विरचितायास्त्रिंशद्गाथाप्रमाणायाश्चारित्रमनोरथमालाया मया-विजयमित्रानन्दसूरिणा 'प्रेमप्रभा' टीका प्रारभ्यते । तत्र चेमा प्रथमा गाथा –

**केसिंचि सउन्नाणं, संवेगरसायणं पवण्णाणं ।**
**उत्तमगुणाणुराया, सत्ताणं फुरइ इय चित्ते ॥१॥**

**प्रेमप्रभा०** '**केसिंची**'त्यादि, केषाञ्चित् – विशिष्टभव्यानामेव, न सर्वेषां, पुनः कीदृशानां '**सउन्नाणं**' सपुण्यानां–पुण्यसहितानां पुण्यानुबन्धि-पुण्यवतामित्यर्थः, '**संवेगरसायण**'मिति संवेगः सुख–दुःखरूपसंसारोपरि निर्वेदो मोक्षाभिलाषो वा, स एव रसायनं, अत्र संवेगाय रसायनस्योपमा प्रदत्ता । यथौषधरूपं रसायनं कायकल्पं करोति अर्थाद् देहस्यामयान् निष्काशयित्वा शरीरं रोगरहितं

---

અધ્યાત્મરસનો આસ્વાદ કરવામાં જેમને આનંદ આવે છે, જેઓનું અંતઃકરણ સંવેગરંગથી સારી રીતે રંગાયેલું છે. તેવા કોઈ અજ્ઞાત આચાર્યભગવંત કે મુનિભગવંતે રચેલ ચારિત્રમનોરથમાલા ગ્રંથ ઉપર હું - આચાર્ય વિજય મિત્રાનંદસૂરિ 'પ્રેમપ્રભા' નામની ટીકાનો મંગલ પ્રારંભ કરું છું. તેની પ્રથમગાથા આ પ્રમાણે છે.

**શ્લોકાર્થ :**

**સંવેગરસાયણ - મોક્ષાભિલાષને પામેલા કેટલાક પુણ્યાત્માઓના ચિત્તમાં જ, ઉત્તમ ગુણોના અનુરાગના કારણે આવા વિચારો (આગળ કહેવાતા મનોરથો) પ્રગટ થાય છે. ૧**

વિશિષ્ટ એવા કેટલાક ભવ્યાત્માઓને જ, કે જેઓ પુણ્યાનુબંધીપુણ્યના ઉદયવાળા છે, સંવેગ-રસાયણને પ્રાપ્ત થયેલા છે. અર્થાત્ સુખ-દુઃખ સ્વરૂપ સંસાર ઉપર જેઓને અણગમો પેદા થયો છે અથવા મોક્ષનો અભિલાષ પ્રગટ થયો છે; એવા સંવેગવાળા છે. તેમના જ ચિત્તમાં ઉત્તમ પુરુષોના ગુણના અનુરાગના કારણે આગળ કહેવાતા ચારિત્રના ઉત્કૃષ્ટ મનોરથો ઉત્પન્ન થાય છે.

तुष्टि-पुष्टिसहितं सौन्दर्ययुक्तं च करोति तथा संवेगरूपं रसायनमपि आत्मनो रागादिरोगानां ह्रासं-नाशं च कृत्वाऽऽत्मनो वैराग्यादिगुणसौन्दर्यं वर्धयति । तत् '**पवण्णाणं**' प्रपन्नानां रसायनं प्राप्तानां '**सत्ताणं**'ति सत्त्वानां-जीवानां '**उत्तमगुणाणुराये**'त्ति उत्तमानां गुणानामनुरागाद्धेतोः '**फुरइ**'त्ति स्फुरति-प्रादुर्भवति। '**इय**'त्ति इत्येवंरूपः सद्विचारो मनोरथ इति शेषः । कुत्रेत्याह - '**चित्ते**'त्ति चित्ते-मनसि । **अयं भावः**-विशिष्टभव्यानां पुण्यानुबन्धिपुण्यवतां संवेगरसायनप्राप्तानामुत्तमगुणानुरागाद्धेतोर्मनसि, अग्रे वक्ष्यमाणा मनोरथाः प्रादुर्भवन्ति । उत्कृष्टमनोरथानां प्राप्त्यर्थमात्मनां पात्रताऽपि उत्कृष्टा एवापेक्ष्यत इति । सैव पात्रता ग्रन्थकारेण स्वयं अस्यां गाथायां दर्शिताऽस्ति ॥१॥

अथ प्रव्रज्याग्रहणविषयकं प्रथमं मनोरथं दर्शयन्नाह -

**कइया संविग्गाणं, गीयत्थाणं गुरूण पयमूले ।**
**सयणाइसंगरहिओ, पव्वज्जं संपवज्जिस्सं ? ॥२॥**

---

જે રીતે રસાયણ (ભસ્મ-રસઔષધ) શરીરના રોગોનો નાશ કરીને કાયાકલ્પ કરે છે, તે જ રીતે સંવેગ પણ રસાયણ (ભાવરસાયણ) હોવાથી આત્માનો કાયાકલ્પ કરે છે. માટે સંવેગને રસાયણની ઉપમા આપવામાં આવી છે. ભસ્મથી કાયાના રોગોનો નાશ થાય છે. રોગ રહિત થવાથી કાયા પુષ્ટ થાય છે. સૌંદર્યયુક્ત બને છે; તે જ રીતે સંવેગદ્વારા આત્માના રાગાદિ રોગોનો નાશ થાય છે. તેનાથી આત્મા વૈરાગ્યાદિ ગુણોથી પુષ્ટ થાય છે અને આત્માનું સૌંદર્ય ખીલે છે.

આવા ઉત્કૃષ્ટ મનોરથ માટે આત્માની પાત્રતા પણ ઉત્કૃષ્ટ જ જોઈએ. એ જ પાત્રતા ગ્રંથકારે આ ગાથામાં બતાવી છે. ૧.

**સર્વ પ્રથમ પ્રવ્રજ્યા સ્વીકારવા સ્વરૂપ મનોરથ બતાવે છે.**

**શ્લોકાર્થ :**

**સ્વજનાદિના સંગથી મુક્ત બની, સંવિગ્ન-ગીતાર્થ ગુરુનાં ચરણકમળમાં હું ક્યારે પ્રવ્રજ્યા-ભાગવતી દીક્ષા અંગીકાર કરીશ ? ૨**

**प्रेमप्रभा०** '**कइये**'त्यादि, '**कइया**'-कदा '**संविग्गाणं**' ति संविग्नानां-संवेग-गुणयुक्तानां, पुनः कीदृशानामित्याह - '**गीयत्थाणं**'ति गीतार्थानां-सूत्रार्थ-विदामुत्सर्गापवादज्ञानां '**गुरूण**'त्ति गुरूणां, गृणाति तत्त्वमिति गुरुस्तेषां गुरूणां, अत्र बहुवचनं मानार्थे। '**पयमूले**'त्ति पदमूले पदयोर्मूलं पदमूलं तस्मिन् पदमूले, चरणकमले गुरूणां समीप इत्यर्थः। '**सयणाइसंगरहिओ**'त्ति स्वजनादीनां सङ्गेन रहितः, स्वजना मातृ-पितृ-भ्रातृ-भगिनी-पत्नी-पुत्र-पुत्र्यादयस्तेषां सङ्गेन सम्पर्केण मोहेन वा रहितः, आदिशब्दाद् धन-धान्य-देह-गेहोपकरणादीनां सङ्गो मोहस्तेन मुक्तोऽहं '**पव्वज्जं**'ति प्रव्रज्यां प्रकर्षेण व्रजनं-गमनं प्रव्रज्या, संसारान्निर्गत्य चारित्रमार्गे गमनमित्यर्थः। '**संपवज्जिस्सं**'ति सम्प्रव्रजिष्यामि संसारं परित्यज्य सम्यक्रूपेण प्रकर्षेण च व्रजिष्यामि गमिष्यामि रत्नत्रयीरूपे मार्गे-मोक्षमार्ग इति। **इदमत्र तात्पर्यम्** - अहं भविष्यत्काले संविग्नानां गीतार्थानां गुरूणां सकाशे स्वजनादीनां सङ्गं परिहृत्य प्रव्रज्यां कदा ग्रहिष्यामीति। अयं प्रथमो मनोरथः ॥२॥

संयमग्रहणानन्तरं यद् यत्करणीयं तस्य तस्य मनोरथान् प्रकटयन्नाह -

---

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

જેઓ સંવેગગુણથી યુક્ત છે, જેઓ સૂત્ર-અર્થ, ઉત્સર્ગ-અપવાદના જાણકાર હોવાથી ગીતાર્થ છે. એવા તત્ત્વનો પ્રકાશ આપનાર ગુરુભગવંતનાં ચરણ-કમલમાં, માતા-પિતા, ભાઈ-બહેન,પત્ની-પુત્ર-પુત્રી આદિના સંપર્કથી અથવા મોહથી રહિત થઈને, આદિ શબ્દથી ધન-ધાન્ય-શરીર-ઘર-ઉપકરણાદિના મોહથી રહિત થઈને, સંસારમાંથી નીકળીને પ્રવ્રજ્યાનો-ચારિત્રનો એટલે કે સમ્યગ્દર્શન- સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયીનો-મોક્ષના માર્ગનો ક્યારે સ્વીકાર કરીશ ? ૨.

**સંયમરત્નનો સ્વીકાર કર્યાબાદ જે જે કરવા યોગ્ય છે, તેના મનોરથો પ્રગટ કરે છે–**

**सावज्जजोगवज्जण-पउणो अणवज्जसंजमुज्जुत्तो ।**
**गामागराइएसुं, अप्पडिबद्धो य विहरिस्सं ? ॥३॥**

**प्रेमप्रभा०** सावज्जेत्यादि, '**सावज्जं**' सावद्यं, अवद्येन-पापेन सहितं सावद्यं '**जोग**'त्ति योगो व्यापारः, मनसो वाचः कायस्य च सावद्यव्यापारः पापप्रवृत्तिरित्यर्थः, तस्य '**वज्जण**'त्ति वर्जनं परिहरणं तदर्थं '**पउणो**'त्ति प्रगुणः - तत्परः । पापव्यापारस्य त्यागाय तत्परोऽहमिति सम्मिलितोऽर्थः । '**अणवज्जसंजमुज्जुत्तो**'त्ति अणवज्जं-अनवद्यो निष्पापः पापरहित इतियावत् । इदृशो यः '**संजम**'त्ति संयमः सप्तदशप्रकारः, यदाह - "पंचासवा विरमणं, पंचिंदियनिग्गहो कसायजओ । दंडत्तयस्स विरई, सत्तरसहा संजमो होइ ॥१॥" अन्यरीत्या सप्तदशप्रकारोऽपि संयमः शास्त्रकारैर्निर्दिष्टः, यदुक्तं -

---

**શ્લોકાર્થ :**

**પાપવ્યાપારોનો ત્યાગ કરવામાં તત્પર અને નિષ્પાપ સંયમમાં ઉદ્યમવાળો બની, ગામ-આકર-નગર વગેરેમાં રાગરહિત-અનાસક્તભાવથી હું ક્યારે વિહાર કરીશ ? ૩**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

મન-વચન-કાયાના સાવદ્યવ્યાપાર-પાપપ્રવૃત્તિથી અત્યંત રહિત થઈને તેમજ અનવદ્ય -પાપરહિત-નિષ્પાપ સંયમયોગમાં ઉદ્યમવંત થઈને, ગામ-ખાણ-નગરાદિ પ્રદેશોમાં, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની પ્રતિબદ્ધતારહિત-રાગરહિત-આસક્તિરહિતપણે ક્યારે વિહાર કરીશ ? અર્થાત્ શ્રીજિનેશ્વરદેવની આજ્ઞાપૂર્વક રાગાદિ દોષના નાશ માટે ૧૭ અથવા ૭૦ પ્રકારના સંયમની પુષ્ટિ માટે, વૈરાગ્યની વૃદ્ધિ માટે, ભવ્યજીવોના પ્રતિબોધ માટે ક્યારે વિચરીશ ?

**સંયમયોગના ૧૭ પ્રકાર :**

હિંસા-જૂઠ-ચોરી-અબ્રહ્મ-પરિગ્રહ : આ પાંચ આશ્રવથી પાછા હઠવું, ચામડી (સ્પર્શનેન્દ્રિય), જીભ (રસનેન્દ્રિય), નાક (ઘ્રાણેન્દ્રિય), આંખ (ચક્ષુરિન્દ્રિય), અને કાન (શ્રોત્રેન્દ્રિય) : આ પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ-કાબૂ,

"पुढविदगअगणिमारुअ-वणस्सइ-बितिचउपणिंदिअजीवे । पेहुप्पेहपमज्जण-परिट्ठवणमणोवइकाए ॥२॥" सप्ततिप्रकारः संयमः 'चरणसित्तरी'रूपः, उक्तं च - "वय - समणधम्म-संजम, वेयावच्चं च बंभगुत्तीओ । नाणाइतियं तव-कोह-निग्गहाई चरणमेयं ॥१॥" अन्यः सप्ततिप्रकारः संयमस्तु 'करणसित्तरी'रूपः, यदाह-"पिंडविसोही समिई, भावण-पडिमा य इंदियनिरोहो । पडिलेहणगुत्तीओ, अभिग्गहा चेव करणं तु ॥१॥" एतादृशे संयमे '**उज्जुत्तो**'त्ति उद्यमवान्-प्रयत्नवान् पुरुषार्थशीलोऽहमितियावत् '**गामागराइएसुं**'ति 'गाम'त्ति ग्रामेषु 'आगराइएसुं'ति आकरादिषु, आदिशब्देन खेटक-कर्बट-नगरादिपरिग्रहस्तत्र '**अप्पडिबद्धो**'त्ति अप्रतिबद्धो द्रव्य-क्षेत्र-काल-भावानां प्रतिबन्धेन रहितोऽनासक्त्याऽन्तरायं विना

---

ક્રોધ-માન માયા-લોભરૂપ ચારે કષાયોનો જય, મન-વચન અને કાયા રૂપ ત્રણ દંડની વિરતિ - એમ ૧૭ પ્રકારનો સંયમ છે.

**બીજી રીતે ૧૭ પ્રકારનો સંયમ :**

પૃથ્વીકાય,અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય અને અજીવઃ આ દશનો સંયમ, પ્રેક્ષાસંયમ, ઉપેક્ષાસંયમ, પ્રમાર્જના સંયમ, પારિષ્ઠાપનિકા સંયમ, મન-વચન-કાયાનો સંયમ-આ ૧૭ પ્રકાર સંયમના જાણવા.

અથવા સંયમ શબ્દથી ચરણસિત્તરી-કરણસિત્તરી સ્વરૂપ સંયમના ૭૦-૭૦ પ્રકાર નીચે મુજબ જાણવા.

**ચરણસિત્તરી :** પાંચ મહાવ્રત, ક્ષમાદિ ૧૦ પ્રકારનો યતિધર્મ, ૧૭ પ્રકારનું સંયમ, બ્રહ્મચર્યની નવ વાડ, જ્ઞાનાદિ આત્માના ત્રણ ગુણો, બાર પ્રકારનો તપ અને ક્રોધાદિ ચાર કષાયોનો નિગ્રહ- આ ચરણસિત્તરી છે.

**કરણસિત્તરી :** આહાર, વસ્ત્ર, પાત્ર અને વસતી-એ ચાર પ્રકારના પિંડની વિશુદ્ધિ, ઈર્યાસમિતિ વગેરે પાંચ સમિતિનું પાલન, અનિત્યાદિ બાર ભાવના ભાવવી, સાધુની બાર પ્રતિમાનું પાલન, પાંચ ઈન્દ્રિયોનો નિરોધ, પચ્ચીશ પ્રકારની પ્રતિલેખના, ત્રણ ગુપ્તિનું પાલન, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સંબંધી ચાર પ્રકારના અભિગ્રહ કરવા : આમ કરણસિત્તરી જાણવી.

वेति, '**य**' त्ति चः, स च समुच्चये '**विहरिस्सं**'ति विहारं करिष्यामीति, जिनाज्ञया साधूनां विहारो रागादिदोषनाशार्थं, वैराग्यवृद्ध्यर्थं, भव्यजीवानां प्रतिबोधार्थं च प्रशस्तः । अस्यां गाथायां सावद्ययोगवर्जनस्य तत्परतायाः, अनवद्यसंयमे उद्यमस्य तथा च ग्रामाकरादिषु अप्रतिबद्धविहारस्यैवं त्रयो मनोरथाः प्रदर्शिताः ॥३॥

अथ दुर्द्धरमहाव्रतानां भारस्य वहनमनोरथं प्रदर्शयन्नाह –

**अणवरयमविस्सामं, कइया नियभावणासुपरिसुद्धं ।**
**दुद्धरपंचमहव्वय-पव्वयभारं धरिस्सामि ? ॥४॥**

**प्रेमप्रभा०** '**अणवरय**'मित्यादि, '**अणवरयं**' ति अनवरतं निरन्तरं '**अविस्सामं**'**ति** अविश्रामं – आरामं त्यक्त्वा '**कइया**' इति पूर्ववत् '**नियभावणासुपरिसुद्धं**'ति निजभावनासुपरिशुद्धं – निजं तत् तत् महाव्रतं तस्य

---

આ ગાથામાં સાવદ્યપ્રવૃત્તિના ત્યાગની તત્પરતા, નિષ્પાપ સંયમજીવનની પ્રવૃત્તિ તથા ગામાદિમાં રાગરહિત-આસક્તિરહિત વિહાર - એમ ત્રણ મનોરથો બતાવ્યા છે. ૩.

**હવે દુર્ધર-દુઃખે કરીને ધારણ કરી શકાય એવા પાંચ મહાવ્રતના ભારને વહન કરવાનો મનોરથ જણાવે છે.**

**શ્લોકાર્થ :**

**જરાય થાક્યા વગર, સતત, તે તે મહાવ્રતોની ભાવનાથી વિશુદ્ધ અને દુર્ધર પાંચ મહાવ્રતના પર્વત જેવા- મેરુપર્વત જેવા ભારને હું ક્યારે ઉપાડીશ ? ૪**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

નિરંતર-હંમેશ, આરામનો ત્યાગ કરીને , તે તે મહાવ્રતની પાંચ-પાંચ ભાવના ભાવવાપૂર્વક અર્થાત્ ભાવનાથી પરિશુદ્ધ, દુઃખે કરીને ધારણ કરી શકાય તેવા, સર્વથા પ્રાણાતિપાતવિરમણ, સર્વથા મૃષાવાદવિરમણાદિ પાંચ મહાવ્રતોના પર્વત જેવા ભારને ક્યારે ધારણ કરીશ ? કહેવાનો ભાવ એ છે કે- સંયમ સ્વીકાર્યાબાદ પાંચ મહાવ્રતોનું પાલન સંયમી આત્માએ અવશ્ય કરવાનું છે. તે પણ ક્યારેક ક્યારેક નહીં, સતત, રોજ, પ્રત્યેક ક્ષણે, થોડા પણ પરિશ્રમને

पञ्च पञ्च भावनाभिर्भावितितया सुतरां परिशुद्धं, किं तत् इत्याह – '**दुद्धरे**'त्यादि दुर्द्धरं–दुःखेन धर्तुं शक्यं '**पंचमहव्वयपव्वयभारं**'ति पञ्चानां सर्वथा प्राणातिपातविरमणादिमहाव्रतानां पर्वततुल्यं भारं '**धरिस्सामि**'त्ति धारणं–वहनं करिष्यामि ? **अयं भावः** – संयमग्रहणानन्तरं पञ्चानां महाव्रतानां पालनं संयमिभिरवश्यं कर्तव्यं, तदपि यदा कदाचिन्न अपि तु सततं प्रतिदिनं प्रतिक्षणं ज्यायांसमपि श्रममवगणय्य प्रत्येकमहाव्रतस्य पञ्च पञ्च भावना भावयित्वा, **यदुक्तं कलिकालसर्वज्ञबिरुदधारकाचार्य-श्रीहेमचन्द्रसूरिभिर्योगशास्त्रे** – प्रथममहाव्रतस्य पञ्च भावना यथा – "मनोगुप्त्येषणादाने–र्याभिः समितिभिः सदा । दृष्टान्नपानग्रहणेनाऽहिंसां भावयेत्सुधीः ॥१॥" द्वितीयमहाव्रतस्य पञ्च भावना यथा–"हास्यलोभभयक्रोध–प्रत्याख्यानैर्निरन्तरम् । आलोच्यभाषणेनाऽपि,

---

ગણકાર્યા વગર તથા પાંચે મહાવ્રતોની પાંચ-પાંચ ભાવના ભાવવાપૂર્વક કરવાનું છે.

કલિકાલસર્વજ્ઞ બિરુદના ધારક આચાર્યભગવાન શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા યોગશાસ્ત્રમાં એ મહાવ્રતોની ભાવના આ પ્રમાણે બતાવે છે,

**પહેલા મહાવ્રતની પાંચ ભાવના :**

૧. મનોગુપ્તિ ૨. એષણાસમિતિ ૩. આદાનભંડમત્તનિક્ષેપણા સમિતિ (વસ્તુને પૂંજી-પ્રમાર્જીને લેવી અને મૂકવી.) ૪. ઈર્યાસમિતિ (૩ા હાથ દૂર દૃષ્ટિ રાખીને ચાલવું.) અને ૫. આહાર-પાણી જોઈને ગ્રહણ કરવાં- આ પાંચ ભાવનાઓ દ્વારા પહેલા સર્વથા પ્રાણાતિપાતવિરમણ મહાવ્રતનો ભાર વહન કરીશ.

**બીજા મહાવ્રતની પાંચ ભાવના :**

હંમેશા પચ્ચક્ખાણપૂર્વક ૧. હાસ્યનો ત્યાગ કરવો ૨. લોભનો ત્યાગ કરવો. ૩. ભયનો ત્યાગ કરવો. ૪. ક્રોધનો ત્યાગ કરવો અને ૫. વિચારીને પછી બોલવું- આ પાંચ ભાવનાઓ દ્વારા બીજા સર્વથા મૃષાવાદવિરમણ મહાવ્રતનો ભાર વહન કરીશ.

भावयेत्सुनृतव्रतम् ॥१॥" तृतीयमहाव्रतस्य पञ्च भावना यथा – "आलोच्यावग्रहयाञ्चा–ऽभीक्ष्णावग्रहयाचनम् । एतावन्मात्रमेवैत–दित्यवग्रहधारणम् ॥१॥ समानधार्मिकेभ्यश्च, तथावग्रहयाचनम् । अनुज्ञापितपानान्नाऽशनमस्तेयभावनाः ॥२॥" तुर्यमहाव्रतस्य पंच भावना एवमुपदर्शिताः – "स्त्रीषण्ढपशुमद्वेश्मासनकुड्यान्तरोज्झनात् । सरागस्त्रीकथात्यागात् – प्रागरतस्मृतिवर्जनात् ॥१॥ स्त्रीरम्याङ्गेक्षणस्वाङ्ग–संस्कारपरिवर्जनात् । प्रणीतात्यशनत्यागाद्, ब्रह्मचर्यं च भावयेत् ॥२॥" पञ्चममहाव्रतस्य पञ्च भावनाः प्रदर्शिता यथा – "स्पर्शे रसे च

---

**ત્રીજા મહાવ્રતની પાંચ ભાવના :**

૧. ઈન્દ્ર, રાજા-ચક્રવર્તી, માંડલિક, શય્યાતર (મકાનમાલિક) અને સાધુના અવગ્રહને પૂછીને માંગણી કરવી. અર્થાત્ તે તે અવગ્રહને યાચવો એટલે કે-તે તે માલિક પાસે જગ્યાની માગણી કરવી. ૨. બીમારી આદિના કારણે શય્યાતર પાસે ફરી ફરી માંગણી કરવી. ૩. મારે અમુક પ્રમાણોપેત ક્ષેત્ર ઉપયોગી છે એવો નિર્ણય કરવો. ૪.બીજા સાધુ (સાધ્વી) રહેલા હોય તેમની સંમતિપૂર્વક ઉપાશ્રયાદિની યાચના કરવી અને ૫. કલ્પ્ય (ખપી શકે તેવાં) તથા નિર્દોષ આહાર-પાણી વગેરે ગુરુની આજ્ઞાપૂર્વક લેવાં - આ રીતે અસ્તેયવ્રતની પાંચ ભાવના ભાવવી.

**ચોથા મહાવ્રતની પાંચ ભાવના :**

૧. સ્ત્રી-નપુંસક-પશુ વગેરે ન રહેતાં હોય તેવી વસતી અને તેમનાં વાપરેલાં આસન વગેરે ન વાપરવાં તથા તેમની મૈથુનાદિ ક્રીડાના શબ્દો ભીંતના આડે પણ ન સાંભળવા. ૨.સ્ત્રીસંબંધી કથાઓ ન કરવી. ૩. ભૂતકાળની કામક્રીડાનું સ્મરણ ન કરવું ૪. સ્ત્રીનાં અંગોપાગ ન જોવાં અને ૫. સ્નિગ્ધ-માદક આહાર ન વાપરવો-આ રીતે બ્રહ્મચર્ય- મહાવ્રતની પાંચ ભાવના ભાવવી.

**પાંચમા મહાવ્રતની પાંચ ભાવના :**

૧. સ્પર્શ ૨. રસ ૩. ગંધ ૪. રૂપ અને ૫.શબ્દ : આ પાંચ ઈન્દ્રિયના વિષયો મનપસંદ-મનોહર મળે તો એમાં ગાઢ આસક્તિ ન કરવી. એ જ વિષયો અણગમતા મળે તો દ્વેષનો સર્વથા ત્યાગ કરવો : આ રીતે આકિંચન્ય-અપરિગ્રહ સંબંધી પાંચ ભાવનાઓ ભાવવી.

गन्धे च, रूपे शब्दे च हारिणि । पञ्चस्विती(स्वपी)न्द्रियार्थेषु, गाढं गार्द्धयस्य वर्जनम् ॥१॥ एतेष्वेवामनोज्ञेषु, सर्वथा द्वेषवर्जनम् । आकिञ्चन्यव्रतस्यैवं, भावनाः पञ्च कीर्तिताः ॥२॥" आत्मबलं प्रकटयित्वा तान् महाव्रतान् परिशुद्धान् कृत्वा तेषां महाव्रतानां पर्वततुल्यं भारं कदा धरिष्यामि - वहिष्यामीति ? ॥४॥

अथ विशिष्टस्वरूपस्य गुरुकुलवासस्य सेवनमनोरथं प्रदर्शयन्नाह -

**कइया आमरणंतं, धण्णमुणिनिसेवियं च सेविस्सं ।**
**निस्सेसदोसनासं, गुरुकुलवासं गुणावासं ? ॥५॥**

**प्रेमप्रभा०** '**कइये**'त्यादि, '**कइया**' इति कदाऽऽगामिनि काले गुरुकुलवासं सेविष्यामीति सम्बन्धः । '**आमरणंतं**'ति आ-मर्यादायां, स तु अवधिं सूचयति, मरणं यावत् - जीवनपर्यन्तं, दीक्षाग्रहणदिवसादारभ्य मरणावसानं यावदिति ।

---

તત્ત્વાર્થસૂત્રની પ્રથમ કારિકાની ટીકામાં આચાર્યપ્રવર શ્રી દેવગુપ્તસૂરિજી મ. લખે છે કે, સાધુ પાંચ મહાવ્રતની પચ્ચીશ ભાવના ન ભાવે ત્યાં સુધી અને શ્રાવક અનિત્યાદિ બાર ભાવનાઓ ન ભાવે ત્યાં સુધી સાધુ મહાવ્રતોમાં અને શ્રાવક અણુવ્રતમાં સ્થિર થઈ શકતો નથી.

આત્મબળને પ્રગટાવીને, તે તે મહાવ્રતોને અણીશુદ્ધ કરીને મહાવ્રતોના પર્વત જેવા મહાભારને હું ક્યારે ધારણ કરીશ ? ૪.

**વિશિષ્ટસ્વરૂપવાળા ગુરુકુલવાસનું સેવન કરવાનો મનોરથ હવે બતાવે છે.**

**શ્લોકાર્થ :**

**સઘળાય દોષોને ખતમ કરનારા, ઉત્તમ મુનિવરોએ સેવેલા અને ગુણના ધામ સ્વરૂપ ગુરુકુલવાસને હું જીવનપર્યંત-છેલ્લા શ્વાસ સુધી ક્યારે સેવીશ ? ૫**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

દીક્ષા ગ્રહણ કરી તે દિવસથી માંડીને મરણ આવે ત્યાં સુધી અર્થાત્ યાવજ્જીવ, ધન્ય મુનિભગવંતોએ સેવેલા, આત્મઘાતક સ્વચ્છંદતાદિ સઘળાય દોષોનો નાશ કરનાર, તથા વિનય-વિવેક- ત્યાગ-વૈરાગ્ય-આજ્ઞાપાલન- સુવિશુદ્ધસંયમ- અપ્રમત્તતા વગેરે ગુણોના નિવાસસ્થાન- મંદિર તુલ્ય

यदुक्तं विशेषावश्यकभाष्ये –"णाणस्स होई भागी, थिरयरओ दंसणे चरित्ते अ। धण्णा आवकहाए, गुरुकुलवासं न मुंचंति ॥३८५९॥" अत एवोक्तं – '**धण्णमुणिनिसेवियं**' धन्यैर्मुनिभिर्निसेवितं, '**च**' पुनरर्थे, '**सेविस्सं**'ति सेविष्यामि । पुनः कीदृशं गुरुकुलवासं '**निस्सेसदोसनासं**' आत्मघातकानां स्वाच्छन्द्याद्यशेषदोषाणां विनाशकं, पुनः कीदृशमित्याह – '**गुणावासं**' गुणानां विनय-विवेक-त्याग-वैराग्य-आज्ञापालन-सुविशुद्धसंयम-अप्रमत्तत्वादिगुणानां आवासं – निवासस्थानं गृहं मन्दिरमितियावत् । **इदमत्र गुह्यं**-गुरुकुलवासः संयमजीवनस्य महत्त्वभूतमङ्गं, गुरुकुलवासो धन्यैर्मुनिभिर्यावज्जीवमासेवितः ।

---

ગુરુકુલવાસને હું ક્યારે સેવીશ ? ગુરુકુલવાસ એ સંયમી આત્માના જીવનું મહત્ત્વનું અંગ છે. ધન્યમુનિઓએ એનું જીવનભર આસેવન કર્યું છે. એ માટે વિશેષાવશ્યકભાષ્યના ૩૪૫૯ માં શ્લોકમાં કહ્યું છે કે : ગુરુકુલવાસમાં વસવાથી તે જીવ (મુનિ) જ્ઞાનને પ્રાપ્ત કરે છે. સમ્યગ્દર્શન અને ચારિત્રમાં સ્થિર થાય છે; તેથી ધન્ય આત્માઓ જીવનના અંતસુધી ગુરુકુળવાસને છોડતા નથી.

ગુરુકુળવાસમાં વસવાથી બે મોટા લાભ થાય છે. ૧. આત્માના સઘળાય દોષોનો નાશ થાય છે ૨. આત્મા ગુણોનો ખજાનો બને છે અર્થાત્ ગુણોને રહેવાનું ઘર-મંદિર બને છે !

આવા ગુરુકુળવાસમાં વસવાનો મનોરથ કરનાર મુનિ ઉત્કૃષ્ટ પુણ્યશાળી છે, એમાં કોઈ સંદેહ નથી. ગુરુકુળવાસ એ ભાવયતિનું મુખ્ય લિંગ છે-ઓળખવાની નિશાની છે. કારણ કે - ગુરુકુળવાસમાંથી બહાર નીકળી ગયેલા જીવો લગભગ અભિન્નગ્રંથિવાળા અને મિથ્યાદૃષ્ટિ જાણવા. એ માટે શ્રીપંચાશકગ્રંથમાં યાકિનીમહત્તરાસૂનુ શ્રી હરીભદ્રસૂરીશ્વરજી મ. સ્પષ્ટ ફરમાવે છે કે - સારી રીતે નાના-મોટા દોષને નહીં જાણતા, ખોટી પક્કડવાળા, માત્ર ક્રિયામાં જ લીન, પ્રવચનની નિંદા કરાવનારા, ક્ષુદ્રપ્રકૃતિના, પ્રાયઃ કરીને ગ્રંથિનો ભેદ ન થયો હોય એવા, ભલે દુષ્કર તપ-સંયમ કરતા હોય તો પણ તે શાસનબાહ્ય છે, સાધુ નથી. આ બાબત કાગડાના દૃષ્ટાંતથી જાણવી.

માટે મોક્ષના અર્થી મુનિએ ગુરુકુળવાસને ક્યારેય છોડવો ન જોઈએ.

गुरुकुलवासस्य द्वौ महान्तौ लाभौ स्तः । एको निःशेषदोषाणां नाशः, द्वितीय आत्मा गुणानामावासो भवति। इदृशस्य गुरुकुलवासस्य मनोरथकारको कर्ता वा जीवो-मुनिरुत्कृष्टपुण्यवानित्यत्र न कोऽपि संशयः । गुरुकुलवासो हि भावयतेः प्रमुखं लिङ्गं, गुरुकुलवासाद्बहिर्निर्गताः प्रायो मिथ्यादृष्टयोऽभिन्नग्रन्थित्वाद्। **पञ्चाशकग्रन्थे श्रीहरिभद्रसूरिपादैः स्पष्टतया प्रोक्तं** - "जे उ तहविवज्जत्था,

---

**ગુરુકુળવાસ અંગે વિશેષ :**

સર્વજ્ઞભગવંતની આજ્ઞાનુસાર ગુરુકુળવાસમાં રહેવામાં કદાચ કેટલાક દોષો હોય પણ ખરા... છતાં તે દોષો ગુણરૂપે પરિણામ પામનારા હોય છે. ગુરુકુળવાસ(ગચ્છ)માં રહેવાથી અશુદ્ધ આહાર લેવો પડે..... તેમાં અલ્પ દોષ લાગે પરંતુ તેની સામે ગુરુકુળવાસમાં રહેવાથી ઘણા ગુણો થાય...જેવા કે, ગીતાર્થ ગુરુદેવ પાસેથી નવાં નવાં જ્ઞાન-વૈરાગ્યની વૃદ્ધિ થાય. સંસાર ઉપર નિર્વેદ ઉત્પન્ન થાય. આપણી ભૂલ થાય તો ગુરુદેવાદિ દ્વારા સારણા-વારણા વગેરે થાય. રત્નાધિક (અધિક દીક્ષાપર્યાયવાળા)ના વિનય-વેયાવચ્ચાદિનો લાભ મળે. જ્યારે ગચ્છની બહાર વસવામાં નવા ગુણો તો મળતા નથી પણ મેળવેલા જ્ઞાનાદિ ગુણોની હાનિ થાય છે, **બૃહત્કલ્પ** (શ્લોક ૧૦૭)માં કહ્યું છે કે - એકાકી વિચરનાર મુનિ, સાધુના વિનય-વેયાવચ્ચાદિ યોગોના લાભથી વંચિત રહે છે. ગૃહસ્થ કે સ્વજનાદિની સંસારની પંચાતમાં પડી જાય છે. જ્ઞાન - દર્શન - ચારિત્રની મલિનતાને પામે છે. **ઓઘનિર્યુક્તિ**માં જણાવ્યું છે કે - વિધવા, જેનો પતિ પરદેશ ગયો હોય તેવી સ્ત્રી, જે સ્ત્રીને ઘરની બહાર જવા ન દે તેવી સ્ત્રી : આ ત્રણે પ્રકારની સ્ત્રીઓ સાધુને એકલા આવેલા જોઇને વિષયસેવનની માગણી કરે... જો વિષયસેવન કરે તો સંયમનો નાશ થાય. માગણીને વશ ન થાય તો તે સ્ત્રી, પોતાના દોષને છુપાવવા સાધુએ ઇજ્જત લૂંટવાનો પ્રયત્ન કર્યો- એમ કહી શાસનની હીલના કરે... વળી, કૂતરાં, દુશ્મન વગેરેથી પરાભવ થાય... ભિક્ષાવિશુદ્ધિ, મહાવ્રતવિશુદ્ધિ સંબંધી દોષો લાગે છે. ઉપદેશપદમાં (ગાથા-૬૭૭) કહ્યું છે કે - 'જેને જિનવચન યથાર્થ પરિણામ પામ્યું નથી તેવા આત્માને ગુરુકુળવાસમાં શુદ્ધભિક્ષા ન દેખાવાથી, પંચકલ્પભાષ્યની શ્રદ્ધા ન કરતો તે, શુદ્ધ આહારનો અર્થી ગુરુકુળવાસનો ત્યાગ કરી, ગીતાર્થગુરુની નિશ્રા વિના વિહાર કરે છે; તે

सम्मं गुरुलाघवं अयाणंता । सग्गाहा किरियरया, पवयणखिंसावहा खुद्दा ॥११-३७॥ पायं अहिण्णगंठीतमा उ तह दुक्करंपि कुव्वंता । बज्झा व ण ते साहू, धंखाहरणेण विण्णेया ॥११-३८॥"॥५॥

अथ स्मारणादीनां सम्यक्सहनस्य भव्यतमं मनोरथमाह -

**कइया सारणवारण-चोयणपडिचोयणाई सम्ममहं ।**
**कम्मिवि पमायखलिए, साहूहिं कयं सहिस्सामि ? ॥६॥**

**प्रेमप्रभा०** '**कइये**'त्यादि, '**कइया**'त्ति कदेति आयतौ-संयमग्रहणानन्तरं '**सारण**'इत्यादि, स्मारणा-वारणा-चोदना-प्रतिचोदनादि, सारणा-हिते प्रवर्तनलक्षणा, स्मारणा वा कृत्यस्मारणलक्षणा, वारणा-अहितान्निवारणलक्षणा, चोदना-संयमयोगेषु स्खलितस्यायुक्तमेतद् भवादृशां विधातुमित्यादिवचनेन प्रेरणा, प्रतिचोदना - तथैव पुनः पुनः प्रेरणा तथा दण्डेनापि यष्ट्यापि किं पुनर्दवरिकादिना

---

આત્મા ઘણા દોષોવાળો અને અલ્પ ગુણોવાળો છે.' આ અંગે ઉપદેશપદ, પંચકલ્પભાષ્ય, ષોડશક, ધર્મસંગ્રહ, પંચવસ્તુ વગેરેમાં ઘણું કહેવાયું છે. **૫.**

**હવે, ગુરુભગવંત કે વડીલાદિ તરફથી થતા સારણા-વારણાદિને સારી રીતે સહન કરવાના ભવ્યતમ મનોરથને કહે છે :**

**શ્લોકાર્થ :**

**પ્રમાદથી થયેલી ભૂલ વખતે બીજા મુનિવરોએ કરેલી સારણા, વારણા, ચોયણા અને પડિચોયણાને, મનમાં લેશ પણ ખેદ પામ્યા વગર, આનંદ પૂર્વક હું ક્યારે સહન કરીશ ? ૬**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

ચારિત્રનો સ્વીકાર કર્યા બાદ; હિતમાં પ્રવર્તન સ્વરૂપ સારણા, અથવા કર્તવ્યને યાદ કરાવવા સ્વરૂપ સારણા(સ્મારણા), અહિતકારી પ્રવૃત્તિમાંથી અટકાવવા સ્વરૂપ વારણા, સંયમયોગમાં સ્ખલના પામેલાને 'તમારા જેવાને આવું કરવું શોભતું નથી'... વગેરે વચનો કહેવા સ્વરૂપ ચોયણા, અને આ જ વસ્તુ વારંવાર કહેવા સ્વરૂપ પડિચોયણા અથવા દંડ, લાકડી, દોરી વગેરેથી

ताडना सा '**सम्मं**'ति सम्यक् विनाखेदं सहर्षमिति '**अहं**'ति अहं सहिष्यामीत्यनेन सह सम्बन्धः, किं सहिष्यामीत्याह '**साहूहिं**' ति साधुभिः सहवर्तिभिः - आराधनायां सहायकैः कल्याणमित्रैः '**कंमि वि पमायखलिए**' त्ति पञ्चभिः प्रमादैः कस्यामपि स्खलनायां जातायां सत्यां '**कयं**'ति कृतं स्मारणादि भाविकाले यदाहं संयमं ग्रहिष्यामि तदा पञ्चभिः प्रमादैः स्खलनायां जातायां सत्यां सहवर्तिभिः कल्याणमित्रैर्भावदयाभृतैः साधुभिः कृतां स्मारणां-वारणां-चोदनां-प्रतिचोदनां सहर्षं सहिष्यामीति मनोरथः । मानकषायो हि आत्मकल्याणकारिणीं सहिष्णुतामवरुणद्धि, तं मानकषायं निरुध्य स्मारणादिप्रसङ्गे सहिष्णुर्भविष्यामीति भव्यतमं मनोरथं यः प्रकरोति सो निकटमुक्तिगामी भव्यजीव एवेति स्वीकार्यं गुणानुरागिभिः ॥६॥

अथ भव्यजीवस्य सुन्दरतमं ईर्यासमितिपालनस्य मङ्गलमनोरथं दर्शयति -

---

તાડના-માર મારવો તે પડિચોયણા : આ બધાને સારી રીતે, ખેદ કે દુઃખ લાવ્યા વિના, આનંદપૂર્વક-હર્ષપૂર્વક હું ક્યારે સહીશ ?

સારણાદિ કોના દ્વારા થાય તે જણાવતાં કહે છે : સહવર્તી એટલે સાથે રહેનાર મુનિઓ, જે મારા કલ્યાણમિત્રો છે, આરાધનામાં સહાયક છે તેમના દ્વારા, પાંચ પ્રકારના પ્રમાદથી કોઈપણ સંયમયોગમાં હું સ્ખલિત થાઉં અર્થાત્ ભૂલ કરું ત્યારે થતી સારણાદિને હું **'મારા હિત માટે છે'** એમ માની ક્યારે સહન કરીશ ?

આત્મકલ્યાણકારી સહિષ્ણુતામાં માનકષાય બાધક છે, તે માનકષાયને કાઢીને સારણાદિ સહન કરવાનો મનોરથ કોઈ નિકટમુક્તિગામી જીવ જ કરી શકે. આ વાત ગુણાનુરાગી આત્માઓએ સ્વીકારવી જોઈએ. ૬.

**સંયમ એ દયાસ્વરૂપ છે, દયા માટે ઈર્યાસમિતિનું પાલન અનિવાર્ય છે. તેથી ભવ્યજીવના ઈર્યાસમિતિના પાલનના મંગલ મનોરથને ભાવે છે.**

**अतुरियमचवलमसंभम-वक्खेवविवज्जिओ कया मग्गे ।**
**जुगमित्तनिहियदिट्ठी, पुरओ इरियं विसोहिस्सं ? ॥७॥**

**प्रेमप्रभा०** '**अतुरिये**'त्यादि, '**अतुरिय**' इति अत्वरितः - शीघ्रतारहितः '**अचवले**'त्ति चञ्चलतारहितः - स्थिरतायुक्तोऽव्याकुलतयेत्यर्थः '**असंभमे**'त्ति सम्भ्रमो भयः क्षोमः औत्सुक्यं वा तेन रहितः '**वक्खेवविवज्जिओ**'त्ति वक्खेवत्ति व्याक्षेपःव्यग्रता तेन विवज्जिओ त्ति विवर्जितः शून्यः, सम्यग् ईर्यासमित्याः पालनमेतादृशो मुनिरेव कर्तुं समर्थो भवति । '**कये**'त्ति कदा साधुतायाः प्राप्तौ सत्यां '**मग्गे**'त्ति मार्गे-ईर्यापथे, पुनः कीदृशोऽहमित्याह-'**पुरओ**'त्ति पुरतोऽग्रेतनगमनमार्गे '**जुगमित्तनिहियदिट्ठी**' युगः शकटस्य सार्धत्रिहस्त-प्रमाणोऽग्रेतनभागस्तावत्प्रमाणभूमौ निहिता दृष्टिर्येन सोऽहं युगमात्रनिहितदृष्टिः, '**इरियं**'ति इर्यां-गमनमार्गं '**विसोहिस्सं**'ति विशोधयिष्यामि, जीवरक्षार्थमग्रेतन-गमनमार्गं पश्यन् पश्यन् ईर्यासमितिं पालयिष्यामीत्यर्थः । **अत्रेदं बोध्यं**-अत्र

---

**શ્લોકાર્થ :**

**વ્યાકુળતા-ઉત્સુકતા, ચપલતા, સંભ્રમ-વ્યગ્રતા-વ્યાક્ષેપ રહિતપણે અને યુગપ્રમાણ-ગાડાના ધુસરાપ્રમાણ આગળ દૃષ્ટિ રાખીને હું ઈર્યાસમિતિનું પાલન ક્યારે કરીશ ? ૭**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

બહુ ઉતાવળે નહીં, ચંચળતાવાળી નહીં અર્થાત્ અવ્યાકુળપણે-સ્થિરતાયુક્ત, ભય-ક્ષોભ કે ઉત્સુકતા રહિત એટલે કે સંભ્રમ રહિતપણે, વ્યગ્રતા-વ્યાક્ષેપ રહિતપણે જે ચાલતો હોય તે જ ઈર્યાસમિતિનું સમ્યગ્ પાલન કરી શકે માટે આવી રીતે ચાલવા સાથે માર્ગમાં ગાડાની ધૂસરી પ્રમાણ- સાડા ત્રણ હાથ પ્રમાણ આગળના જમીન પ્રદેશ ઉપર દૃષ્ટિથી જોતો હું ગમન કરવાના-જવાના માર્ગને ક્યારે શોધીશ ? અર્થાત્ જીવોની રક્ષા-જયણા માટે આગળ-આગળના માર્ગને જોતો જોતો ઈર્યાસમિતિ ક્યારે પાળીશ? આ

प्रथमं चतुर्भिः पदैरीर्यासमितिपालकस्य मुनेः स्वरूपं प्रदर्शितम्। तादृशीं पात्रतां विना ईर्यासमित्याः पालनं गगनारविन्दमिवासदेव ॥७॥

अथ भाषासमित्या आराधनार्थं कीदृशं वचनं वक्तव्यं, एषणासमित्याः पालनार्थं च ये दोषास्त्यक्तव्यास्तान् मनोरथरूपेणाह –

**मियमहुरं अणवज्जं, कइया कज्जे वयं वइस्सामि ?।**
**सोहिस्सामि य कइया, बायालीसेसणादोसे ? ॥८॥**

**प्रेमप्रभा०** '**मियमहुरमि**'त्यादि, '**मियं**'ति मितं–प्रमाणोपेतं – आवश्यकमेव – नत्वेकमप्यक्षरमनावश्यकमित्यर्थः '**महुरं**'ति मधुरं–मिष्टं श्रोत्रेन्द्रियसुखकरं न तु कर्कशमित्यर्थः, पुनः कीदृशमित्याह – '**अणवज्जं**' ति अनवद्यं – असावद्यं

---

ગાથામાં ઈર્યાસમિતિના પાલક મુનિનું સ્વરૂપ બતાવ્યું છે. એવું સ્વરૂપ હોય તો જ એ મુનિ ઈર્યાસમિતિ પાળવાની યોગ્યતાવાળો બની શકે. ૭

**પાંચ સમિતિમાંથી પહેલી ઈર્યાસમિતિનો મનોરથ બતાવ્યા પછી હવે બીજી ભાષાસમિતિની આરાધના માટે મુનિએ કેવા પ્રકારનું વચન બોલવું જોઈએ તથા ત્રીજી એષણાસમિતિના પાલન માટે કયા દોષોનો ત્યાગ કરવો જોઈએ; તે વાત મનોરથ સ્વરૂપે બતાવે છે.**

**શ્લોકાર્થ :**

**પ્રયોજન હોય ત્યારે જ, તે પણ અલ્પ ( મિત ), મધુર અને નિરવદ્ય ભાષા હું ક્યારે બોલીશ? એષણાના-ગોચરીના બેતાલીશ દોષનો ક્યારે ત્યાગ કરીશ ? ૮**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

જરૂર પડે ત્યારે પણ મિત - પ્રમાણોપેત, આવશ્યક- અનાવશ્યક નહીં, મધુર-મિષ્ટ એટલે કે કાનને સાંભળવી ગમે, કાનને સુખ ઉપજાવનારી બને એવી અર્થાત્ કર્કશ નહીં, વળી એ પ્રમાણોપેત વાણી પણ અનવદ્ય, પાપરહિત- પાપની પોષક ન હોય તેવી અને તે પણ કાર્ય હોય ત્યારે જ, નિષ્કારણ નહીં.... કારણ, શાસ્ત્રકારોએ કારણ વિના બોલવાની ના કહી છે. આવું પ્રમાણોપેત,

न तु पापं पापपोषकं च '**कइया कज्जे**'त्ति कदा प्रव्रज्यायां कदाचित् कार्ये प्रयोजने आपतित एव न तु कारणं विना (निष्कारणं), कारणं विना शब्दोच्चारणस्य निषिद्धत्वात् '**वयं**'ति बचः '**वइस्सामि**'त्ति वदिष्यामीति। उपदेशमालायामप्युक्तं - "महुरं निउणं थोवं, कज्जावडियं अगव्वियमतुच्छं। पुव्वं मइसंकलियं, भणंति जं धम्मसंजुत्तं ॥८०॥" अस्मिन् मनोरथेऽर्थापत्त्या प्रमाणातिरिक्तस्य कटुकस्य सावद्यस्य निर्हेतुकस्य वचनस्य निषेधः फलितः । एतादृशो निषिद्धवचनस्य वक्तारो भाषासमित्या भङ्गं कृत्वा जिनाज्ञाविराधनाया महादोषं महापापं च कुर्वन्तीति स्पष्टमेव। गाथाया उत्तरार्द्धे संक्षेपेण कथितं यत् '**कइये**'त्ति कदा भिक्षाभ्रमणकाले '**बायालीसेसणादोसे**'त्ति त्रिविधाया एषणाया द्विचत्वारिंशद् दोषान् '**सोहिस्सामि**'त्ति शोधयिष्यामि, तत्तद् दोषैः रहितां भिक्षां ग्रहिष्यामीत्यर्थः ।

---

મધુર, પાપરહિત અને જરૂર હોય ત્યારે જ બોલવા સ્વરૂપ ભાષાસમિતિ હું ક્યારે પાળીશ ?

મુનિનું વચન કેવું હોય તે માટે શ્રમણભગવાન મહાવીરદેવના શિષ્ય અવધિજ્ઞાની શ્રીધર્મદાસગણી ઉપદેશમાળામાં જણાવે છે કે- મધુર, નિપુણ, અલ્પશબ્દો જેમાં હોય તેવું, જરુર પડે તો જ, ગર્વરહિત- નમ્ર થઈને, તુચ્છ ન હોય તેવું, વિચાર કર્યા પછી (મતિ-બુદ્ધિથી સંકલન કરીને) અને ધર્મયુક્ત (અધર્મરહિત) વચન મુનિ બોલે.

અર્થાપત્તિથી આ મનોરથમાં-પ્રમાણથી અધિક, કડવું, પાપયુક્ત, કારણવગર, બોલવાનો નિષેધ જાણવો અને આવી ભાષા બોલે તો તે મુનિઓ ભાષાસમિતિનો ભંગ કરીને શ્રીજિનાજ્ઞાની વિરાધનાના મહાદોષ અને મહાપાપને કરે છે; તે સ્પષ્ટ સમજાય છે.

ભાષા સમિતિવાળો મુનિ ભાષાશુદ્ધિવાળો ગણાય. એ માટે કહ્યું છે કે - સુવિહિત સાધુનાં, વસતીશુદ્ધિ, વિહારશુદ્ધિ, સ્થાનશુદ્ધિ, ગમનશુદ્ધિ, ભાષાશુદ્ધિ, અને વિનયશુદ્ધિ-એમ છ લક્ષણો છે. (**આવશ્યકનિર્યુક્તિ** ૩જું વંદન અધ્યયન ગાથા ૧૧૪૮)

એષણા સમિતિના વિષયમાં જણાવે છે કે-ભિક્ષા-ગોચરી લેવા માટે નીકળે ત્યારે ત્રણ પ્રકારની એષણા (આહાર-પાણી, વસ્ત્ર-પાત્ર, વસતી) ના ૪૨

एतादृशी भिक्षैव सर्वसम्पत्करीति गदितं **हारिभद्रीयपञ्चमाष्टके** - "यतिर्ध्यानादियुक्तो यो, गुर्वाज्ञायां व्यवस्थितः । सदानारम्भिणस्तस्य, सर्वसम्पत्करी मता ॥२॥ वृद्धाद्यर्थमसङ्गस्य भ्रमरोपमयाऽटतः । गृहिदेहोपकाराय, विहितेति शुभाशयात् ॥३॥" वृत्तिभिक्षा पौरुषघ्नीभिक्षा च न संयम-देहोपकाराय तयोरधिकारिणस्तु प्रव्रज्याविरोधिनोऽसदारम्भिणो निःस्वान्धपङ्गवश्चेति, एतत्सर्वं सूक्ष्मबुध्द्या समालोच्यम् । अस्यामष्टम्यां गाथायां भाषासमित्या एषणा-समित्याश्चामूल्यौ मनोरथौ सन्दर्शितौ ॥८॥

अथ नवम्यां गाथायामन्तिमसमितिद्वयस्य मनोरथं संगिरन्नाह -

---

દોષોનો ત્યાગ કરીને અર્થાત્ તે તે દોષો ન લાગે તે રીતે ક્યારે ભિક્ષા ગ્રહણ કરીશ ?

બેંતાલીશ દોષ રહિત ભિક્ષાને જ શાસ્ત્રકારોએ સર્વસંપત્કરી ભિક્ષા જણાવી છે. એ માટે શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ પાંચમા અષ્ટકમાં જણાવ્યું છે કે - જે મુનિ ધ્યાનાદિ યોગોવાળો હોય, ગુરુની આજ્ઞામાં રહેલો હોય અને હંમેશા આરંભાદિનો ત્યાગી હોય તેની જ ભિક્ષા સર્વસંપત્કરી કહી છે. વૃદ્ધાદિ મુનિઓ માટે ભ્રમરની ઉપમાથી ગૃહસ્થના અને મુનિદેહના ઉપકાર માટે ગોચરી માટે ફરતા અસંગભાવવાળા મુનિની ભિક્ષા શુભાશયના કારણે **સર્વસંપત્કરી** કહી છે.

**વૃત્તિભિક્ષા અને પૌરુષઘ્ની** (સંયમના બળને હણનારી) **ભિક્ષા** સંયમના કે દેહના ઉપકાર માટે થતી નથી અર્થાત્ આ બંને પ્રકારની ભિક્ષાના અધિકારી પ્રવ્રજ્યા-દીક્ષાવિરોધી, અસદારંભવાળા,સંયમધનવગરના, આંધળા અને પાંગળા છે. આ બધી હકીકતો સૂક્ષ્મબુદ્ધિથી વિચારવા લાયક છે.

આ આઠમી ગાથામાં ભાષાસમિતિ અને એષણાસમિતિના બે અમૂલ્ય મનોરથો બતાવ્યા. ૮

**ત્રણ સમિતિ સંબંધી મનોરથોની વાત કર્યા પછી હવે બાકી રહેલી ચોથી અને પાંચમી; એમ બે સમિતિના મનોરથો જણાવે છે.**

**पडिलेहिय सुपमज्जिय, उवगरणायाणमोयणे कइया ।**
**सुनिरिक्खिय सुपमज्जिय, थंडिलखेलाइपरिट्ठवणं ? ॥९॥**

**प्रेमप्रभा०** '**पडिलेहिये**'त्यादि, '**पडिलेहिय**'त्ति प्रतिलेख्य, ओघनिर्युक्त्याद्यागमशास्त्रोक्तविधिना वस्त्र-पात्र-वसत्यादीनां प्रतिलेखनां कृत्वा '**सुपमज्जिय**'त्ति सुप्रमार्ज्य '**उवगरणायाणमोयणे**'त्ति उपकरणानामादानं-ग्रहणं मोचनं-स्थापनं, करिष्यामीति शेषः। '**कइये**'त्ति उपकरणानां ग्रहणमोचनावसरे-प्रसङ्गे, अनेनादानभाण्डमात्रकनिक्षेपणानाम्न्या चतुर्थ्या समित्या मनोरथः प्रदर्शितः । अपरञ्च - '**सुनिरिक्खिय**' त्ति सुष्ठुतया निरीक्षणं कृत्वा, जन्तुरहितभूम्यामिति गम्यते, तत्रैव '**सुपमज्जिय**'त्ति रजोहरणादिना सुप्रमार्जनं कृत्वा, '**थंडिलखेलाइपरिट्ठवणं**'ति स्थंडिले निर्जीवभूमौ-श्लेष्मणः, आदिशब्देन कफविण्-मूत्र-अतिरिक्तपानभोजन-वस्त्र-पात्रादीनामिति शेषः, परिष्ठापनं

---

**શ્લોકાર્થ :**

**દૃષ્ટિથી બરાબર જોઈને અને રજોહરણાદિથી સરસ રીતે પ્રમાર્જીને દરેક ઉપકરણ લેવા-મૂકવાનું કાર્ય હું ક્યારે કરીશ ? તેમજ મળ-મૂત્ર-શ્લેષ્મ વગેરેને જીવરહિત ભૂમિમાં- ઉપયોગ પૂર્વક ક્યારે પરઠવીશ ? ૯**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

ઓઘનિર્યુક્તિ વગેરે આગમશાસ્ત્રમાં કહેલી વિધિપૂર્વક વસ્ત્ર-પાત્ર- વસતી (સ્થાન-મકાન) આદિની પ્રતિલેખના (પડિલેહણ) કરીને તથા સારી રીતે તેની પ્રમાર્જના કરીને આસન-પાત્ર-દાંડો- દંડાસણાદિ ઉપકરણો(ઉપકાર કરે તે ઉપકરણ)ને ક્યારે ગ્રહણ કરીશ અને મૂકીશ ? આના દ્વારા ચોથી આદાનભંડમત્તનિક્ષેપણા સમિતિનો મનોરથ બતાવ્યો.

વળી, દૃષ્ટિથી સારી રીતે નિરીક્ષણ કરેલી-જોયેલી, જીવજંતુ- રહિત ભૂમિ વગેરેમાં અને તે જમીન વગેરેને રજોહરણાદિથી સારી રીતે પ્રમાર્જીને મલ, શ્લેષ્મ, કાન- નાકનો મેલ, મૂત્ર, બિનજરૂરી વસ્ત્ર- પાત્રાદિનો ત્યાગ ક્યારે કરીશ અર્થાત્ પરઠવીશ ?

મળ-મૂત્રાદિનાં વિધિપૂર્વક વિસર્જન માટે તથા વધેલા આહાર, પાણીને

करिष्ये । **इदमत्र बोध्यं**-अस्मिन् विषये शास्त्रकारैरन्यत्र चतुर्भङ्गी दर्शिता सा त्वेवं १. सुष्ठु निरीक्षितं सुष्ठु प्रमार्जितं २. सुष्ठु निरीक्षितं न सुष्ठु प्रमार्जितं ३. न सुष्ठु निरीक्षितं परं सुष्ठु प्रमार्जितं ४. न सुष्ठु निरीक्षितं न सुष्ठु प्रमार्जितं । एषु प्रथमो भङ्गः शुद्धः । एषा पञ्चमी समितिः । एतासां पञ्चानां समितीनां स्वरूपं पूज्यपादैः कलिकालसर्वज्ञै**र्हेमचन्द्रसूरीश्वरैः** स्वोपज्ञ-**योगशास्त्रे** निम्नोक्तश्लोकैः प्रदर्शितमस्ति । "लोकातिवाहिते मार्गे, चुम्बिते भास्वदंशुभिः । जन्तुरक्षार्थमालोक्य, गतिरीर्या मता सताम् ॥१-३६॥ अवद्यत्यागतः सर्व-जनीनं मितभाषणम् । प्रिया वाचंयमानां सा, भाषासमितिरुच्यते ॥१-३७॥ द्विचत्वारिंशता भिक्षा-दोषैर्नित्यमदूषितम् । मुनिर्यदन्नमादत्ते, सैषणासमितिर्मता ॥१-३८॥ आसनादीनि

---

પરઠવવા માટે શાસ્ત્રકારોએ છેદગ્રંથાદિમાં તથા આવશ્યક નિર્યુક્તિ વગેરેમાં ઘણો વિસ્તાર કર્યો છે. તેના ઉપરથી આ સમિતિ પણ કેટલી મહત્ત્વની છે, તેનો ખ્યાલ આવે છે. જો આ સમિતિનું યથાર્થ પાલન ન થાય તો હિંસાદિ મહાદોષો લાગે છે, તે ભૂલવા જેવું નથી.

પાંચમી સમિતિના નિરીક્ષણ અને પ્રમાર્જનના વિષયમાં શાસ્ત્રકારોએ ચતુર્ભંગી બતાવી છે. ૧. સારી રીતે જોયું, સારી રીતે પ્રમાર્જ્યું ૨. સારી રીતે જોયું પણ સારી રીતે પ્રમાર્જ્યું નહીં ૩. સારી રીતે જોયું નહીં પણ સારી રીતે પ્રમાર્જ્યું ૪. સારી રીતે જોયું પણ નહીં અને સારી રીતે પ્રમાર્જ્યું પણ નહીં. આમાં પહેલો ભાંગો શુદ્ધ છે.

પાંચે સમિતિનું સ્વરૂપ કલિકાલ સર્વજ્ઞ, સાડા ત્રણ ક્રોડ શ્લોકના રચયિતા શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે સ્વોપજ્ઞ યોગશાસ્ત્રમાં આ પ્રમાણે બતાવ્યું છે.

૧. લોકોથી વપરાયેલો માર્ગ હોય, સૂર્યનાં કિરણો જ્યાં પડતાં હોય તેવી ભૂમિ ઉપર, ગાડાના ધોંસરા પ્રમાણ દૂર સુધી જોઈને ચાલવું; તે **ઈર્યાસમિતિ** છે.

૨. પાપના ત્યાગવાળું, સર્વજીવોને હિતકર, અલ્પ(પ્રમાણોપેત) અને પ્રિય બોલવું, તે **ભાષાસમિતિ** છે.

संवीक्ष्य, प्रतिलिख्य च यत्नतः । गृह्णीयान्निक्षिपेद्वा, यत्सादानसमितिःस्मृता ॥१-३९॥ कफ-मूत्रमलप्रायं, निर्जन्तुजगतीतले । यत्नाद्यदुत्सृजेत् साधुः, सोत्सर्गसमितिर्भवेत् ॥१-४०॥"९॥

अथ त्रिगुप्तिभिर्गुप्तत्वस्य मनोरथं प्रकाशयन्नाह -

**मणवयकायाण कया, कुसलाण पवत्तणेण इयराण ।**
**सम्मं नियत्तणेणं, तिगुत्तिगुत्तो भविस्सामि ? ॥१०॥**

**प्रेमप्रभा०** '**मणवयकायाणे**'त्यादि, 'कया' इति त्वनुवर्तते मनवचन-कायानां तेषामपि '**कुसलाण**'त्ति कुशलानां-शुभानां '**पवत्तणेणं**'ति प्रवर्तनेन प्रवृत्तिशीलान् कृत्वा '**इयराण**'त्ति इतराणामकुशलानामशुभानां '**सम्मं**'ति सम्यक्

---

૩. હંમેશ ભિક્ષાના ૪૨ દોષરહિત અન્નાદિ(આહાર-પાણી) ગ્રહણ કરવાં તે **એષણાસમિતિ** છે.

૪. આસન વગેરે ઉપકરણોને દૃષ્ટિથી બરાબર જોઈને અને પ્રયત્ન પૂર્વક ઓઘાદિથી પૂંજીને લેવા- મૂકવાની ક્રિયા કરવી, તે **આદાનભંડમત્તનિક્ષેપણા સમિતિ** છે.

૫. કફ-મૂત્ર-મલ વગેરેનો જંતુરહિત ભૂમિ ઉપર પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો, તે **ઉત્સર્ગ**(પારિષ્ઠાપનિકા)**સમિતિ** જાણવી. ૯.

**ત્રણ ગુપ્તિથી ગુપ્તપણાનો મનોરથ બતાવતાં કહે છે-**

**શ્લોકાર્થ :**

**મારાં મન-વચન-કાયાની અકુશલ - અશુભ પ્રવૃત્તિને રોકી, એને કુશલ-શુભપ્રવૃત્તિમાં જોડીને ત્રણ ગુપ્તિથી ગુપ્ત ક્યારે થઈશ ? ૧૦**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

હું મારા મન- વચન- કાયાના અકુશલ વ્યાપારોને સારી રીતે રોકીને ગુપ્તિથી ગુપ્ત ક્યારે બનીશ. એટલે કે-મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિનું પાલન શ્રીજિનેશ્વરદેવોની આજ્ઞાપૂર્વક ક્યારે કરીશ ?

प्रयत्नपूर्वकं 'नियत्तणेणं'ति निवर्तनेन तेषामुपर्यङ्कुशं दत्त्वा '**तिगुत्तिगुत्तो**'त्ति त्रिभिगुप्तिभिर्गुप्तो, मनोगुप्त्या-वचोगुप्त्या कायगुप्त्या च सुरक्षितो '**भविस्सामि**'त्ति भविष्यामीति । तथा चोक्तं-कलिकालसर्वज्ञै-**हेमचन्द्रसूरीश्वरपूज्यपादै-र्योगशास्त्रे**-मनोगुप्ति विषये -विमुक्तकल्पनाजालं, समत्वे सुप्रतिष्ठितम् । आत्मारामं मनस्तज्ज्ञैर्मनोगुप्तिरुदाहृता ॥१॥ वचनगुप्तिविषये प्रभाषितं-संज्ञादिपरिहारेण, यन्मौनस्यावलम्बनम् । वाग्वृत्तेः संवृत्तिर्वा या, सा वाग्गुप्तिरिहोच्यते ॥२॥ कायगुप्तिविषये प्रज्ञप्तं-उपसर्गप्रसङ्गेऽपि, कायोत्सर्गजुषो मुनेः । स्थिरीभावः शरीरस्य, कायगुप्तिर्निगद्यते ॥३॥ इत्थं चतुर्भिर्गाथाभिरत्र

---

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ યોગશાસ્ત્રમાં ત્રણે ગુપ્તિનું સ્વરૂપ આ પ્રમાણે દર્શાવ્યું છે.

૧. આર્ત-રૌદ્રધ્યાન તરફ ખેંચી જનારા વિકલ્પોની હારમાળાને રોકવી એ પહેલી મનોગુપ્તિ છે. શાસ્ત્રને અનુસરનારી પરલોકસાધક ધર્મધ્યાનનું અનુસંધાન કરાવનારી માધ્યસ્થ્યભાવની પરિણતિ એ બીજી મનોગુપ્તિ છે. કુશલ- અકુશલમનોવૃત્તિના નિરોધ વડે યોગનિરોધની અવસ્થામાં થનારી આત્મરમણતા એ ત્રીજી મનોગુપ્તિ છે. આ ત્રણ વિશેષણોવાળું મન તે **મનોગુપ્તિ** છે. ૧-૪૧

૨. મુખ-નયન અને ભ્રૂકુટીનો વિકાર, ચપટી વગાડવી વગેરે અર્થસૂચક ચેષ્ટાઓ તેમજ ઢેફું નાખવું, ઊંચેથી ખાંસી ખાવી, હુંકારો કરવો : આ સંજ્ઞાઓના પરિહાર વડે ન બોલવું તે પહેલી **વાગ્ગુપ્તિ** છે. સંજ્ઞાઓથી કાર્યની સૂચના આપવી એ વચનગુપ્તિ નિષ્ફળ છે. વાચનાદિ સ્વાધ્યાયમાં મુહપત્તિના ઉપયોગપૂર્વક બોલનાર વચનને સારી રીતે કાબૂમાં રાખે છે તે બીજી વચનગુપ્તિ છે. આ વચનગુપ્તિમાં લોકોનો કે આગમનો અવિરોધ છે.

૩. ઉપસર્ગો કે પરીષહો આવે ત્યારે મુનિ કાયાપ્રત્યે નિરપેક્ષ બને અર્થાત્ કાયાનો ત્યાગ કરી નિશ્ચલપણું ધારણ કરે અથવા યોગનિરોધ સમયે શરીરની ચેષ્ટાનો સર્વથા ત્યાગ કરે તે **કાયગુપ્તિ** છે.

આ રીતે ૭થી૧૦ (આ ચાર) ગાથાઓ દ્વારા પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ; એમ આઠ પ્રવચનમાતાના ભવ્ય મનોરથો કર્યા.

पञ्चानां समितीनां त्रयाणां गुप्तीनामेवमष्टप्रवचनमातॄणां भव्या मनोरथाः समाप्तिमगुः । ते ते समिति-गुप्तिपालका मनोरथकारकाश्च धन्या इत्यस्मादृशां प्रमादपरिग्रस्तानां जीवानामनुमोदनार्हाः सन्ति ॥१०॥

कीदृशो भूत्वा श्रामण्यगुणान् धारयिष्यामीति मनोरथं प्रदर्शयन्नाह –

**विच्छिन्नविसयवंछो, देहविभूसाइवज्जिओ कइआ ।**
**परिजुण्णमयलवत्थो, सामण्णगुणे धरिस्सामि ? ॥११॥**

**प्रेमप्रभा०** '**विच्छिन्नविसयवंछो**' इत्यादि, '**विच्छिन्न**'त्ति विच्छिन्ना विनष्टा, का विनष्टेत्याह – '**विसयवंछो**'त्ति विषयाणां शब्दादीनां वाञ्छाऽभिलाषा यस्य तादृशोऽहं विनष्टविषयाभिलाषः । पुनः कीदृश इत्याह – '**देहविभूसाइवज्जिओ**'त्ति शरीरस्य स्वभावेनैवाशुचिमयस्य रोगग्रस्तस्य

ते ते समिति-गुप्तिना मनोरथ करनारा तथा तेनुं पालन करनारा धन्य छे अने एटला ज माटे अमारा जेवा प्रमादमां रच्या-पच्या जीवोने भूरि भूरि अनुमोदना करवा योग्य छे. १०.

**केवो थईने श्रमणना (साधुना) गुणोने धारण करीश, एवा मनोरथो बतावे छे अर्थात् आवा स्वरूपना गुणो होय ते ज साचो श्रमण छे.**

**श्लोकार्थ :**

**पांच ईन्द्रियोना विषयोनी अभिलाषाथी रहित थईने, शरीरनी विभूषानो त्याग करीने, जूनां-जीर्ण अने मलिन वस्त्रोवाळो थई साधुताना गुणोने क्यारे धारण करीश ? ११**

**प्रेमप्रभानो भावानुवाद :**

शब्द - रूप - रस - गंध - स्पर्श स्वरूप कान - आंख - जीभ - नाक - चामडी (पांच ईन्द्रियो)ना विषयोनी अभिलाषा- ईच्छाओ नष्ट थई छे एवो हुं,

स्वाभाविक अशुचिमय, रोगिष्ठ (रोगनुं घर) एवा शरीरनी राढा-विभूषानो एटले के स्नान, विलेपन, शरीरनो मेल उतारवो, अंजन,

विभूषादिवर्जितो विभूषा स्नान-विलेपनादिना सौन्दर्यापादनं, आदिशब्देन सरसपौष्टिकाहारेण हृष्टतापादनं तेन वर्जितोऽहं, पुनः कीदृशोऽहमित्याह - '**परिजुण्णमयलवत्थो**'त्ति परि-समन्ततो जीर्णानां मलिनानां च वस्त्राणां धारको नवीनानामुज्ज्वलवस्त्राणां धारणं साधूनां दूषणं, जीर्णानां मलिनानां वस्त्राणां धारणमेव भूषणमतः परिजीर्णमलिनवस्त्रधारकोऽहं, '**कइया**'त्ति कदा, '**सामण्णगुणे**'त्ति श्रामण्यगुणान् क्षान्त्यादिदशविधानथवा महाव्रतादि-सप्तविंशतिगुणान् '**धरिस्सामि**' त्ति धारयिष्यामि गुणवान् भविष्यामीति। **इदमत्र बोध्यं**-विनष्ट-शब्दादिविषयाभिलाषः शरीरविभूषादिरहितः परिजीर्णमलिन-

---

દંતમંજન , નખ સમારવા, સરસ પૌષ્ટિક આહાર કરવો વગેરે શરીરના શોભાદિ કે જેનો દશવૈકાલિકસૂત્રમાં તથા પાક્ષિક અતિચારાદિમાં મુનિને નિષેધ કરવામાં આવ્યો છે; તેનો ત્યાગી થઈને,

વળી, ઉજળાં વસ્ત્રો ધારણ કરવાં તે મુનિનું દૂષણ છે મલિનવસ્ત્રો ધારણ કરવાં એ મુનિનું ભૂષણ છે-એમ માની અતિજીર્ણ અને મલિન (મેલાં) વસ્ત્રોને ધારણ કરીને ક્યારે શ્રમણના ક્ષમાદિ ૧૦ અથવા સાધુના ૨૭ ગુણોને ધારણ કરનારો સાચો ગુણવાન થઈશ ?

**જિનાજ્ઞામાં રહેલા સાધુઓનું સ્વરૂપ :**

૧. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિવાળા હોય છે.
૨. સાધુધર્મ પ્રત્યે પ્રેમવાળા હોય છે.
૩. વિપત્તિમાં પણ ધર્મ ન મૂકે તેવા દઢ હોય છે.
૪. ઈન્દ્રિયો અને કષાયો ઉપર વિજય મેળવનારા હોય છે.
૫. ગંભીર (હર્ષ - શોકાદિના ભાવોને મુખ ઉપર ન આવવા દે તેવા) હોય છે.
૬. બુદ્ધિમાન હોય છે.
૭. મહાસત્ત્વશાળી હોય છે.
૮. ઉત્સર્ગ - અપવાદના જાણકાર તથા યથાશક્તિ તેનું યોગ્ય સેવન કરનારા હોય છે.

वस्त्रोऽहं कदा श्रामण्यगुणान् धारयिष्यामि ? अनादिकालीनसंस्कारतया विषयाभिलाषवान् देहविभूषादिरागरञ्जितो नूतनानां-उज्ज्वलानां-सुशोभितानां वस्त्राणां परिधानेच्छया मूर्च्छितो जीवः श्रामण्यगुणान् धारयितुं पालयितुं च कथं शक्तिमान् भवेत् ? अपि तु न भवेदेवेति निष्कर्षः ॥११॥

अथ सम्यग्ज्ञानस्वरूपाङ्गोपाङ्गश्रुतस्य विधिपूर्वकपठनस्याद्भुतं मनोरथं भावयति -

**कइया कालविहाणं, काउं आयंबिलाइतवोकम्मं ।**
**कयजोगो जुग्गसुयं, अंगोवंगं पढिस्सामि ? ॥१२॥**

---

૯. ભાવ વિશુદ્ધિવાળા હોય છે.
૧૦. આજ્ઞારુચિ - આગમ ઉપર બહુમાનવાળા હોય છે.
૧૧. દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવના પ્રતિબંધ (રાગાદિ) રહિત હોય છે.
૧૨. મૈત્ર્યાદિ ભાવનાઓના ગુણોથી હંમેશ યુક્ત હોય છે.
૧૩. મોક્ષમાર્ગની આરાધનાની અદમ્ય ઇચ્છાવાળા હોય છે.
૧૪. હંમેશ ચારિત્રગુણમાં રહેલા હોય છે.

**-પંચાશક ૧૧ /૪૦-૪૧-૪૨**

અહીં તાત્પર્ય એ છે કે - અનાદિકાળના કુસંસ્કારોથી ઘેરાયેલો, પાંચ ઈન્દ્રિયના વિષયોની અભિલાષાવાળો જીવ, દેહવિભૂષા- શોભા વગેરેના રાગથી રંગાયેલ, નવાં- ઉજ્જ્વલ, સુશોભિત વસ્ત્રો પહેરવાની ભાવનાવાળો શ્રમણપણાના ગુણો કઈ રીતે પામી શકે ? અર્થાત્ વિષયોની વાસના વગેરે દોષો શ્રમણપણાના ગુણો માટે બાધક છે. **૧૧.**

**અંગ અને ઉપાંગસ્વરૂપ સમ્યક્શ્રુતજ્ઞાનને વિધિપૂર્વક ભણવાનો અદ્ભુત મનોરથ કરે છે -**

**શ્લોકાર્થ :**

**કાલગ્રહણ લેવા પૂર્વક, આયંબિલ આદિ તપવડે યોગોદ્વહન કરી, અંગ અને ઉપાંગશાસ્ત્રનું અધ્યયન હું ક્યારે કરીશ ? ૧૨**

**प्रेमप्रभा०** '**कइये**'त्यादि, '**कइया**' इति पूर्ववत्, '**कालविहाणं**'ति कालविधानं, कालिकश्रुताध्ययनस्याधिकारप्राप्त्यर्थं कालग्रहणादिविधिं '**काउं**'तिं कृत्वा, पुनः किं कृत्वेत्याह – '**आयंबिलाइतवोकम्मं**' त्ति आचाम्लादितपःकर्म कृत्वा '**कयजोगो**'त्ति एवं कृतं योगोद्वहनं येन सोऽहं '**जुग्गसुयं**'ति योग्यश्रुतं तत्तद् योगविधानानुसारं '**अंगोवंगं**'ति अङ्गोपाङ्गं श्रुतं, पूर्वकाले द्वादशाङ्गसूत्राणि आसन्, वर्तमानकाले तु एकादशाङ्गसूत्राणि द्वादशोपाङ्गसूत्राणि च सन्ति तानि '**पढिस्सामि**' त्ति पठिष्यामीति । सर्वे पदा हस्तिपदे निमग्ना इति न्यायेनाङ्गोपाङ्गेऽन्यान्यपि शास्त्राणि समाविष्टानि तेषां पठनस्य मनोरथोऽपि गर्भिततयाऽस्मिन् मनोरथे समाविष्टः । अन्येषु पञ्चवस्तु-आदिग्रन्थेषु दीक्षाग्रहणानन्तरं प्रथमवर्षतः प्रारभ्य विंशतिवर्षपर्यायपर्यन्तं क्रमशः केषां ग्रन्थानां पठनं-अध्ययनं कर्तव्यं तत् सविस्तरं दर्शितमत्र तु तस्य मूलगाथाभिरुल्लेखः

---

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

પાંચ જ્ઞાનમાં બીજા નંબરે શ્રુતજ્ઞાન છે. તેના ભેદમાં કાલિક- ઉત્કાલિક વગેરે પેટા ભેદો છે. તેમાંનાં કાલિકશ્રુતને ભણવા-ભણાવવાનો અધિકાર પ્રાપ્ત કરવા માટે વિનય- બહુમાનાદિ આચારોના પાલનની જેમ કાલગ્રહણ લેવું વગેરે વિધિ પણ કરવો જરૂરી છે. પરમાત્માએ બતાવેલી એ કાલગ્રહણાદિ વિધિ કરીને, સાથે શાસ્ત્રકારે ફરમાવેલ આયંબિલ આદિ તપ કરીને યોગોદ્વહન કર્યાં છે જેણે તેવો હું, દીક્ષા પર્યાયાદિ મુજબ યોગ્ય (યોગ્યતાપ્રાપ્ત) શ્રુતને તે તે યોગના વિધાનને અનુસારે તે તે અંગ (બાર અંગશાસ્ત્ર) તથા ઉપાંગ (અંગના જ વિસ્તાર રૂપે બતાવેલાં ૧૨ ઉપાંગશાસ્ત્રો) સ્વરૂપ શ્રુતજ્ઞાનને ક્યારે ભણીશ ? ભૂતકાળમાં બાર અંગ હતાં , વર્તમાનમાં બારમા દષ્ટિવાદ નામના અંગનો સંપૂર્ણ વિચ્છેદ થવાથી અગિયાર જ અંગો છે. (પૂર્વે બધાં જ અંગશાસ્ત્રોના જોગ કરાવાતા હતા. વર્તમાનમાં પંચમાંગ શ્રીભગવતીજી સૂત્ર સુધીનાં અંગશાસ્ત્રના જોગ કરાવવાની પ્રવૃત્તિ જોવા મળે છે. પછી બાકીનાં અંગોની અનુજ્ઞા અનુયોગાચાર્યપદ-પંન્યાસપદપ્રદાન સમયે અપાઈ જાય છે.)

**હાથીના પગમાં બધા જ પગ સમાઈ જાય** એ ન્યાયે અંગોપાંગ કહ્યાં, તેમાં ૧૦ પયન્ના, છ છેદ ગ્રંથ આદિનો સમાવેશ સમજી લેવો. કારણ, તેના પણ

क्रियते यथा-

तिवरिसपरिआगस्स उ, आयारपकप्पणाम अज्झयणं ।
चउवरिसस्स य सम्मं, सूयगडं नाम अंगं ति ॥१॥

दसाकप्पववहारा, संवच्छरपणगदिक्खिअस्सेव ।
ठाणं समवाओ त्ति अ, अंगे अ अट्ठवासस्स ॥२॥

दसवासस्स विवाहा, एक्कारसवासयस्स य इमाओ ।
खुड्डिअविमाणमाई, अज्झयणा पंच णायव्वा ॥३॥

बारसवासस्स तहा, अरुणुववायाइ पंच अज्झयणा ।
तेरसवासस्स तहा, उट्ठाणसुआइआ चउरो ॥४॥

चउदसवासस्स तहा, आसीविसभावणं जिणा बिंति ।
पण्णरसवासगस्स य, दिट्ठिविसभावणं तह य ॥५॥

---

જોગ કરવાના હોય છે. એ દરેક શાસ્ત્રોનો વિધિપૂર્વક અભ્યાસ ક્યારે કરીશ, એવો ગર્ભિત મનોરથ આમાં આવી જાય છે.

પંચવસ્તુ આદિ ગ્રંથોમાં દીક્ષા ગ્રહણ કર્યા પછી પહેલા જ વર્ષથી માંડી વીશ વર્ષના દીક્ષાપર્યાય સુધીમાં ક્રમશઃ કયા વર્ષે કયાં શાસ્ત્રો (ગ્રંથો) ભણવાં તેનું માર્ગદર્શન આપ્યું છે; તે આ પ્રમાણે છે -

ત્રણવર્ષના ચારિત્ર પર્યાયવાળાને આચારપ્રકલ્પ (નિશીથ) અધ્યયનની ( કલ્પસૂત્ર અંતર્ગત નિશીથના જોગ કરાવાય છે.) અનુજ્ઞા અપાય છે. તે રીતે ચાર વર્ષના પર્યાયવાળાને સૂત્રકૃતાંગ નામના અંગની, પાંચ વર્ષના પર્યાયવાળાને દશાકલ્પ અને વ્યવહાર સૂત્રની, આઠ વર્ષના પર્યાયવાળાનેં ઠાણાંગ અને સમવાયાંગ નામના ત્રીજા અને ચોથા અંગની, દશવર્ષના પર્યાયવાળાને વિવાહપણ્ણત્તિ એટલે શ્રીભગવતીજી સૂત્ર(પાંચમા અંગ)ની, અગિયારવર્ષના પર્યાયવાળાને ક્ષુલ્લિકાવિમાનપ્રવિભક્તિ, મહતી વિમાનપ્રવિભક્તિ, અંગચૂલિકા, વર્ગચૂલિકા અને વિવાહચૂલિકા; એ પાંચ અધ્યયનની, બાર વર્ષના પર્યાયવાળાને અરુણોપપાત, વરુણોપપાત,

सोलसवासाईसु अ, एक्कुत्तरवुड्डिएसु जहसंखं ।
चारणभावण महसुविण-भावणा तेअग्गिनिसग्गा ॥६॥

एगुणवा(वी)सगस्स उ, दिट्ठिवाओ दुवालसममंगं ।
संपुण्णवीसवरिसो, अणुवाई सव्वसुत्तस्स ॥७॥ इति ॥१२॥

अथ विशिष्टतया ख्यातानां छेदसूत्राणां विशुद्धश्रद्धया पठनस्य रम्यं मनोरथं दर्शयति -

**कइया पकप्प-पणकप्प-कप्पववहारजीयकप्पाई ।**
**छेयसुयं सुयसारं, विसुद्धसद्धो पढिस्सामि ? ॥१३॥**

---

ગરુડોપપાત, ધરણોપપાત અને દેવેન્દ્રોપપાત- આ પાંચ અધ્યયનની, તેર વર્ષના દીક્ષાપર્યાયવાળાને ઉત્થાનશ્રુત, સમુત્થાનશ્રુત, વગેરે ચાર અધ્યયનની, ચૌદ વર્ષના પર્યાયવાળાને આશીવિષભાવનાની અનુજ્ઞા આપવાનું શ્રીજિનેશ્વરભગવંતે કહ્યું છે. પંદર વર્ષના ચારિત્રપર્યાયવાળાને દૃષ્ટિવિષભાવના અધ્યયનની, સોળ વર્ષના પર્યાયવાળાને ચારણભાવના અધ્યયનની, સત્તર વર્ષના પર્યાયવાળાને મહાસ્વપ્નભાવના અધ્યયનની, અઢાર વર્ષના પર્યાયવાળાને તેજસાગ્નિનિસર્ગ અધ્યયનની, ઓગણીસ વર્ષના પર્યાયવાળાને બારમા અંગશાસ્ત્ર-દૃષ્ટિવાદની અનુજ્ઞા આપવી. સંપૂર્ણ વીશ વર્ષના પર્યાયવાળાને સર્વશ્રુતની અનુજ્ઞા આપવી અર્થાત્ સર્વશ્રુતની વ્યાખ્યા કરી શકે એવો બનાવવો. યોગોદ્વહન એ ઉપધાન નામનો ચાથો જ્ઞાનાચાર છે. ૧૨.

**હવે ગંભીરતા, વિશુદ્ધ શ્રદ્ધા વગેરે ગુણો હોય ત્યારે જ જે ભણાવાય છે અને જે શ્રુતના સારભૂત છે, તે વિશિષ્ટ ગણાતા છેદ- ગ્રંથો ભણવાનો મનોરથ તેરમી ગાથામાં બતાવે છે.**

**શ્લોકાર્થ :**

**વિશુદ્ધ શ્રદ્ધાવાળો બની નિશીથ, પંચકલ્પ, બૃહત્કલ્પ, વ્યવહારસૂત્ર અને જીતકલ્પ વગેરે શ્રુતના સારભૂત છેદગ્રંથોને હું ક્યારે ભણીશ ? ૧૩**

**प्रेमप्रभा०** '**कइये**' त्यादि, '**कइया**'त्ति पूर्ववत्, '**पकप्प-पणकप्प-कप्प-ववहार-जीयकप्पाई**' त्ति प्रकल्पसूत्रं-निशीथसूत्रं, पञ्चकल्पसूत्रं, कल्पं-बृहत्कल्पसूत्रं, व्यवहारसूत्रं तथैव च जीतकल्पादिकं, आदिशब्देन श्राद्धजीतकल्प-यतिजीतकल्प-महानिशीथादि ग्राह्यं, '**छेयसुयं**'ति छेदश्रुतं, एतानि सर्वाणि छेदसूत्रनाम्ना प्रसिद्धानि तं श्रुतं '**सुयसारं**'ति श्रुतस्य सारभूतं '**विसुद्धसद्धो**'त्ति विशुद्धश्रद्धावानहं, विशुद्धश्रद्धां विनाऽस्य श्रुतस्य पठनेनात्मा न परिणतिमान् भवति, अपि तु अपरिणतोऽतिपरिणतो वा भवेदिति सम्भाव्यते। '**पढिस्सामि**'त्ति अष्टविधज्ञानाचारस्य सुष्ठुतया पालनेन पठिष्यामीत्यस्य मनोरथस्य गर्भः । अष्टविधज्ञानाचारस्य पालनं विना श्रुतस्य पठने ज्ञानस्य महती आशातना भवतीति महामहिमशालि-श्रीमहानिशीथसूत्रे लिखितमस्ति । छेदसूत्राणि तु रहस्यभूतानि बहुलतया प्रायश्चित्तविवेचकानि उत्सर्ग-अपवादप्ररूपकाणि, तानि तु गीतार्था

---

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

હું પ્રકલ્પસૂત્ર, નિશીથસૂત્ર, પંચકલ્પસૂત્ર, બૃહત્કલ્પસૂત્ર, વ્યવહારસૂત્ર તથા જીતકલ્પસૂત્ર, શ્રાદ્ધજીતકલ્પ, મહાનિશીથાદિ છેદશ્રુત- છેદગ્રંથો, કે જે શ્રુતના સારભૂત છે; તેને વિશુદ્ધ શ્રદ્ધાવાળો થઈને ક્યારે ભણીશ ?

વિશુદ્ધ શ્રદ્ધા વગર છેદગ્રંથો ભણવાથી આત્મા પરિણતિવાળો બનતો નથી. અપરિણત અથવા અતિપરિણતને છેદગ્રંથો ભણાવવાથી નુકશાન થાય છે.

કાલ, વિનય, બહુમાન, ઉપધાન વગેરે આઠ પ્રકારના જ્ઞાનાચારના પાલન વિના જો જ્ઞાન ભણવામાં આવે તો જ્ઞાનની મોટી આશાતના થાય છે, એવું મહામહિમાવંત શ્રીમહાનિશીથસૂત્રમાં ફરમાવ્યું છે.

છેદ સૂત્રો શ્રુતના રહસ્યભૂત છે. ઉત્સર્ગ-અપવાદનું જ્ઞાન એમાં આપેલું છે અને ખાસ કરીને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-પુરુષ અને પ્રતિસેવના પ્રમાણે તેમાં વિવિધ પ્રાયશ્ચિત્ત બતાવવામાં આવ્યાં છે. આ છેદગ્રંથો- ગંભીર, પ્રિયધર્મી, દઢધર્મી, જ્ઞાનાચારના પાલનમાં ઉદ્યમી એવા યોગ્ય શિષ્યને જ

गुरवो योग्याय गम्भीराय प्रियधर्माय दृढधर्माय ज्ञानाचारपालने उद्युक्ताय पाठयन्ति एतद् विपरीताय शिष्याय पाठने तु गुरुर्दोषभाग् भवति शिष्योऽपि अकल्याणभाग् भवति ॥१३॥

विशिष्टात्मस्वरूपवान्भूत्वाऽऽत्मरमणतायां रममाणमुनिर्यं मनोरथं करोति तदाह-

**सीलंगसंगसुभगो, अणंगभंगंमि विहियसंसग्गो ।**
**चंगसंवेगरंगो, कया रमिस्सामि निस्संगो ? ॥१४॥**

**प्रेमप्रभा०** **'सीलंगसंगसुभगो'** इत्यादि, **'सीलंगसंगसुभगो'**त्ति शीलं सदाचारं सद्वर्तनं चारित्रं वा तस्याङ्गानि-भेदप्रभेदानि-अष्टादशसहस्राणि सन्ति,

---

ગુરુ મ. ભણાવે છે. જેને તેને ભણાવવામાં આવે તો ગુરુને દોષ લાગે છે અને શિષ્યનું અકલ્યાણ થાય છે. ૧૩.

**વિશિષ્ટ આત્મસ્વરૂપવાળો થઈને આત્મરમણતામાં રમમાણ મુનિ જે મનોરથ સેવે છે, તે બતાવે છે.**

**શ્લોકાર્થ :**

**અઢાર હજાર શીલાંગના સંગથી સુભગ, કામદેવ(વિષયવાસના)નો નાશ કરવામાં પ્રયત્નશીલ અને સંવેગના સુંદર રંગથી રંગાયેલો હું નિઃસંગપણાને ક્યારે પામીશ ? ૧૪**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

શીલ-સદાચાર- સદ્વર્તન-સચ્ચારિત્ર આ એકાર્થક શબ્દો છે. શીલનાં અંગો (ભેદ-પ્રભેદ) ૧૮૦૦૦ છે. એ સઘળાંય અંગોના સંગથી સૌભાગ્યશાળી, વિવિધ સત્પુરુષો-સજ્જનોના સંસર્ગવાળો, કારણ કે સજ્જનના સંગથી સજ્જનતા ખીલે છે જ્યારે દુર્જનના સંગથી દુર્જનતા આવે છે. એ સંગ પણ, કામદેવ-વિષયવાસના- અબ્રહ્માદિ પાંચ ઈન્દ્રિયોના વિષયોનો વિનાશ કરવા માટે કરનારો એવો હું, મનોહર- સુંદર સંવેગના રંગથી રંગાયેલો અને સ્વજન, શરીર, ઘર-કુટુંબાદિ બાહ્યસંસારના સંગથી

अष्टादशानां सहस्राणां शीलाङ्गानां स्वरूपमेवमवधेयं, तेषामियं संग्रहणी गाथा-
जोए करणे सण्णा, इंदिय पुढवाइ समणधम्मो(म्मे)अ । सीलंगसहस्साणं, अट्ठारसगस्स निप्फत्ति ॥ (पञ्चाशक १९/३) तेषां सङ्गेनाऽऽत्मसात्करणेन सुभगः सौभाग्यशाल्यहं, पुनः कीदृशोऽहं '**विहिअसंसग्गो**'त्ति विहितसंसर्गो विहितः कृतः सम्यक्संसर्गो येन सोऽहं विहितसंसर्ग इति । केषां संसर्ग इति साधूनां सत्पुरुषाणां सज्जनानां, किमर्थं कस्मिन् विषये वा विहितसंसर्ग इत्याह - '**अणंगभंगंमि**'त्ति अनङ्गः कामदेवो विषयवासना वा तस्या भंगविषये विनाशं कर्तुं विहितसंसर्गो विहितसमागमः, पुनः कीदृशोऽहं - '**चंगसंवेगरंगो**'त्ति चङ्गो मनोहरो रम्यो यो संवेगस्य रङ्गस्तद्वानहं, पुनः कीदृशोऽहमित्याह - '**णिस्संगो**'त्ति निस्सङ्गः स्वजन-देह-गेहादिबाह्यसंसारस्य नितरां सङ्गरहितोऽहं, विहङ्ग इव सङ्गान्

---

તદ્દન રહિત, પંખીની જેમ નિઃસંગ થઈને ક્યારે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકની દશાને પ્રાપ્ત કરીશ ? જ્ઞાનમાં અને આત્મામાં ક્યારે રમણતા કરીશ ?

આવી નિઃસંગતા, કષાયો તથા નોકષાયોની ઘણી ઘણી અલ્પતા થાય ત્યારે જીવ પ્રાપ્ત કરી શકે છે.

**૧૮૦૦૦ શીલાંગનું સ્વરૂપ આ પ્રમાણે સમજવું.**

મન-વચન-કાયા : ત્રણ યોગો.

કરવું-કરાવવું-અનુમોદવું : ત્રણ કરણ.

આહાર-ભય-મૈથુન-પરિગ્રહ : ચાર સંજ્ઞાનો નિગ્રહ.

સ્પર્શનેન્દ્રિય-રસનેન્દ્રિય-ઘ્રાણેન્દ્રિય-ચક્ષુરિન્દ્રિય-શ્રોત્રેન્દ્રિય : પાંચ ઈન્દ્રિયોનો સંવર.

પૃથ્વીકાય - અપ્કાય - તેઉકાય - વાઉકાય - વનસ્પતિકાય : એ પાંચ સ્થાવર તથા વિકલેન્દ્રિય એટલે બેઈન્દ્રિય - તેઇન્દ્રિય - ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય, સંજ્ઞીપંચેન્દ્રિય (અથવા પંચેન્દ્રિય અને અજીવ): એમ ૧૦ પ્રકારના જીવોની રક્ષા.

ક્ષમા - માર્દવ - આર્જવ - નિર્લોભતા - તપ - સંયમ - સત્ય - શૌચ - અપરિગ્રહ અને બ્રહ્મચર્ય : દશ પ્રકારનો શ્રમણધર્મ, એની રક્ષા કરવી.

निर्गत इत्यर्थः, '**कया**'त्ति कदा षष्ठ-सप्तमगुणस्थानवर्ती '**रमिस्सामि**'त्ति रमिष्यामि ज्ञानेऽऽत्मनि वा मग्नतां रमणतामनुभविष्यामि ? एतादृशीमवस्थां तु कषायाणां नोकषायाणां च प्रभूताऽल्पता भवेत्तदैव जीवः प्राप्नोति ॥ १४ ॥

आत्मनो विशिष्टपात्रतां प्राप्य दशविधसामाचारीपालननिरतत्वस्य मनोरथं भावयति-

**परदूसणपरिमुक्को, अत्तुक्करिसंमि विमुहपरिणामो ।**
**दसविहसामायारी-पालणनिरओ कया होहं ? ॥१५॥**

**प्रेमप्रभा०** '**परदूसणपरिमुक्को**' इत्यादि, '**परदूसणपरिमुक्को**'त्ति परेषामन्येषां जीवानां कर्मवशाद् दोषदुष्टानां दोषदर्शनाद्दोषदानाद्वा परिमुक्तो बहिर्निर्गतः, परदोषदर्शनं दोषदानं चात्मनो निकृष्टत्वं सूचयति तथैव च '**अतुक्करिसम्मि**'त्ति

---

એટલે ૩ x ૩ x ૪ x ૫ x ૧૦ x ૧૦ = ૧૮૦૦૦ શીલાંગ થાય. એની રથાકારે સ્થાપના યંત્રમાં જુઓ. રથાકારે સ્થાપના થતી હોવાથી એને શીલાંગરથ કહેવાય છે.

એક યોગની અપેક્ષાએ આ ૧૮૦૦૦ ભેદ ગણાવ્યા. જો દરેક યોગોના ભાંગાઓને પરસ્પર ગુણવામાં આવે તો ૨૩, ૮૪, ૫૧, ૬૩, ૨૬૫ ભાંગા થાય છે. આની વિશેષ જાણકારી માટે જિજ્ઞાસુઓએ ૧૪મું શીલાંગવિધિ પંચાશક જોવું. ૧૪.

**આત્માને વિશિષ્ટ પાત્ર-લાયક બનાવીને દશ પ્રકારની ચક્રવાલ સામાચારીના પાલનનો મનોરથ ભવ્યજીવ આ પ્રમાણે કરે છે.**

**શ્લોકાર્થ :**

**પરદૂષણથી વિમુક્ત બની, પોતાના ગુણોની બડાઈથી પણ વિમુખ બની દશ પ્રકારની સામાચારીના પાલનમાં હું ક્યારે લીન બનીશ ? ૧૫**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

કોઈ તેવા પ્રકારના કર્મના યોગે દોષથી દુષ્ટ જીવોના દોષો જોવાથી અને દોષારોપણ કરવાથી રહિત થઈને, કારણકે- બીજાના દોષો જોવા કે દોષનું

# शीलाङ्गरथस्य स्थापना

| | | |
|---|---|---|
| न कृतः | न कारितः | नानुमोदितः |
| ६००० | ६००० | ६००० |

६०००x ३ = १८०००

| | | |
|---|---|---|
| मनोयोगः | वचनयोगः | काययोगः |
| २००० | २००० | २००० |

२०००x ३ = ६०००

| | | | |
|---|---|---|---|
| आहारसंज्ञाजयः | भयसंज्ञाजयः | मैथुनसंज्ञाजयः | परिग्रहसंज्ञाजयः |
| ५०० | ५०० | ५०० | ५०० |

५००x ४ = २०००

| | | | | |
|---|---|---|---|---|
| स्पर्शनेन्द्रियनिग्रहः | रसनेन्द्रियनिग्रहः | घ्राणेन्द्रियनिग्रहः | चक्षुरिन्द्रियनिग्रहः | श्रोत्रेन्द्रियनिग्रहः |
| १०० | १०० | १०० | १०० | १०० |

१००x ५ = ५००

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| पृथ्वीकायरक्षा | अप्कायरक्षा | तेजस्कायरक्षा | वायुकायरक्षा | वनस्पतिकायरक्षा | बेइंद्रियरक्षा | तेइन्द्रियरक्षा | चतुरिन्द्रियरक्षा | पञ्चेन्द्रियरक्षा | अजीवरक्षा | १०x |
| १० | १० | १० | १० | १० | १० | १० | १० | १० | १० | १०० |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| क्षमाधर्मः | मार्दवधर्मः | आर्जवधर्मः | मुक्तिधर्मः | तपोधर्मः | संयमधर्मः | सत्यधर्मः | शौचधर्मः | अकिञ्चनधर्मः | ब्रह्मचर्यधर्मः | १x १ |
| १ | १ | १ | १ | १ | १ | १ | १ | १ | १ | १० |

आत्मन उत्कर्षे-स्वगुणानामुत्कर्षकरणे '**विमुहपरिणामो**'त्ति विमुख-पराङ्मुखपरिणामवानर्थाद् दुर्लक्षो भूत्वैवं गुणद्वयस्वाम्यहं '**दसविहसामायारी-पालणनिरओ**'त्ति दशविधसामाचारी- पालननिरतः '**कया**'त्ति कदा पूर्ववत् '**होहं**'ति भविष्यामीति महान्मनोरथः । शास्त्रेषु सामाचारी त्रिविधा दर्शिता, १ ओघसामाचारी २ दशधासामाचारी ३ तथा पदविभागसामाचारी। तत्रौघः सामान्यं तद्विषया सामाचारी संक्षेपाभिधानरूपा, तत्कालप्रव्रजितानां तावच्छ्रुतपरिज्ञान-विकलानां मुनीनामायुष्कह्रासमपेक्ष्यौघसामाचारी नवमात्पूर्वात्तृतीयवस्तुन आचाराभिधानात्तत्राऽपि विंशतितमात्प्राभृता-त्तत्राप्यौघप्राभृत-प्राभृतान्निर्व्यूढा। इयं च दीक्षायाः प्रथमदिवस एव दीयते, प्रतिदिवसक्रियोपयोगित्वात्। तस्याः

---

બીજા ઉપર આરોપણ કરવું તે પોતાની અધમતાને સૂચિત કરે છે. તે જ રીતે પોતાના ઉત્કર્ષમાં-પોતાના ગુણોને કહેવા-બોલવામાં પરાઙ્મુખ-દુર્લક્ષવાળો થઈને અર્થાત્ જાતની પ્રશંસાથી પર થઈને ઈચ્છા-મિચ્છાદિ ૧૦ પ્રકારની સામાચારીના પાલનમાં હું ક્યારે લીન બનીશ ?

શાસ્ત્રોમાં સામાચારીના ત્રણ પ્રકાર બતાવ્યા છે. **૧. ઓઘ સામાચારી, ૨. દશધા સામાચારી, ૩. પદવિભાગ સામાચારી.**

**૧. ઓઘ સામાચારી :**

ઓઘ એટલે સામાન્ય સામાચારી. નવદીક્ષિત સાધુ-સાધ્વીને, કે જેમને હજી તેવા પ્રકારનું શ્રુતજ્ઞાન નથી; તેવાને આયુષ્યની હાનિની અપેક્ષાએ (ઘટતા જતા આયુષ્યને નજર સામે રાખીને) પૂર્વના પુરુષોએ નવમા પૂર્વની ત્રીજી આચાર નામની વસ્તુમાંના ૨૦મા પ્રાભૃતના ઓઘપ્રાભૃતપ્રાભૃતમાંથી આ સામાચારીને જુદી તારવી-રચી.

આ સામાચારી દીક્ષાના પહેલા દિવસથી જ અપાય છે. કારણ દીક્ષિત આત્માને રોજ એનો ઉપયોગ કરવાનો છે. આ ઓઘ સામાચારીના મુખ્ય ૭ પ્રકાર છે.

**૧. પ્રતિલેખના :** ક્ષેત્ર(વસતી)ની પડિલેહણા. **૨. પિંડ :** નિર્દોષ આહાર **૩. ઉપધિઃ** સંયમને ધારણ કરવામાં અને સંયમની પુષ્ટિમાં ઉપયોગી વસ્ત્ર-પાત્રાદિ. **૪. અનાયતનવર્જન :** સ્ત્રી-પશુ-નપુંસક વગેરેથી રહિત વસતી.

सप्तविधत्वमेवं "प्रतिलेखनिका पिण्डोपध्यनायतनानि च । प्रतिसेवाऽऽलोचने च, शुद्धिश्चैत्यौघिकी मता ॥१॥"

**१ प्रतिलेखना** - क्षेत्रादेर्निरूपणा, सर्वक्रियाणामेतत्पूर्वकत्वात्। **२ पिण्डः**- दोषविशुद्धाहारः । **३ उपधि :** - संयमं धारयति पोषयति वा, स च वस्त्र-पात्रादिरूपः। **४ अनायतनवर्जनं** - स्त्री-पशु-पण्डकादिसंसक्तमनायतनं तद्वर्जनमायतन-वसतिसेवनं । **५ प्रतिसेवा** - संयमानुष्ठानविरुद्धाचरणं । **६ आलोचना** - प्रतिसेवायां सत्यामाचार्यादेः पुरत आलोचना कार्या। **७ शुद्धिः** - शिष्येणापराधेऽऽलोचिते सति गुरोः प्रायश्चित्त - प्रदानम्। ओघनिर्युक्तिशास्त्रे एषा सामाचारी विस्तरेण प्रतिपादिताऽस्ति ।

---

**૫.પ્રતિસેવા :** સંયમથી વિરુદ્ધ આચરણ. **૬. આલોચના :** સંયમથી વિરુદ્ધ આચરણ થઈ જાય તો ગીતાર્થ આચાર્યાદિ પાસે તે પાપ કહેવું અર્થાત્ આલોચના કરવી. **૭. શુદ્ધિ :** શિષ્ય અપરાધની, પાપની-દોષની આલોચના કરે ત્યારે તે દોષ-પાપના નાશ માટે ગુરુએ પ્રાયશ્ચિત્તનું પ્રદાન કરવું . શ્રીભદ્રબાહુસ્વામીએ રચેલ ઓઘનિર્યુક્તિગ્રંથમાં આ સામાચારીનો વિસ્તાર છે. જિજ્ઞાસુઓએ ત્યાંથી જોઈ લેવી.

**૨. દશધા સામાચારી :**

જેને ચક્રવાલ સામાચારી કહેવાય છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૬ મા અધ્યયનમાંથી, અત્યંત અલ્પકાળના દીક્ષિતજીવોના હિત માટે ઉદ્ધૃત કરાયેલી આ સામાચારી છે. એના દશ પ્રકાર હોવાથી 'દશધા' કહેવાય છે. એ દશ પ્રકાર નીચે મુજબ છે.

**૧. ઈચ્છાકાર :** ક્યારેક પોતાનું કાર્ય બીજા પાસે કરાવવું પડે તો સામાની ઈચ્છા હોય તો જ કરાવવું પણ બળાત્કારે-પરાણે ન કરાવવું. **૨. મિથ્યાકાર :** પોતાની ભૂલ થાય તો મિચ્છા મિ દુક્કડં કરવું તે. **૩. તથાકાર :** આપે જેમ કહ્યું તે તે પ્રમાણે જ છે, એમ કહેવું. જેને આપણે તહત્તિ કહીએ છીએ. **૪. આવસ્સહી :** અવશ્ય કર્તવ્ય એવા જ્ઞાનાદિ કારણે ઉપાશ્રય-દેરાસરમાંથી બહાર નીકળતાં કહેવાય છે તે. **૫. નિસીહિ :** શરીરનાં અંગોપાંગના કારણવગર

द्वितीया दशाधाख्या चक्रवालसामाचारी षड्विंशतितमादुत्तराध्ययन-स्याध्ययनात् स्वल्पतरकालप्रव्रजितानां मुनीनां परिज्ञानार्थं निर्व्यूढेति । ताः इच्छाकारादिदशप्रकाराः । तस्या इयं गाथा – "इच्छा-मिच्छा य तहकारो, आवस्सिया य निसीहिआ । आपुच्छा पडिपुच्छा, छंद-निमंतोवसंपया ॥१॥"

१ इच्छया करणमिच्छाकारो न तु बलाभियोगेन करणं, २ मिथ्याकरणं मिथ्याकारः, संयमयोगवितथाचरणे साधवो मिथ्याकारं कुर्वते । ३ सूत्रप्रश्नगोचरो तथाकारः, यथा भवद्भिरुक्तं तथेदमित्येवंस्वरूपः । ४ अवश्यकर्तव्यैर्ज्ञानाद्यर्थ-प्रयोजनैर्निर्वृत्ता उपाश्रयादितो निर्गमनक्रियाऽऽवश्यिकी। ५ असंवृतगात्रचेष्टा-निवारणेन निर्वृत्ता शय्यादिप्रवेशनक्रिया नैषेधिकी । ६ सर्वप्रयोजनाभिव्याप्ति-लक्षणेन गुरोः प्रच्छनं आपृच्छा । ७ प्राग्नियुक्तेनापि कार्यकरणकाले पुनः प्रच्छनं प्रतिपृच्छा । ८ स्वानीतस्याहारस्य ग्रहणार्थमशेषसाधुभ्यः प्रार्थना छंदना । ९ अहं भवदर्थमशनाद्यानयामीत्येवंभूता निमन्त्रणा । १० ज्ञानाद्यर्थं गुर्वन्तरा-श्रयणमुपसम्पदिति दशधा सामाचारीसमासार्थः ।

---

હલનચલનના નિષેધરૂપ અથવા ઉપાશ્રય વગેરેમાં પ્રવેશ કરતી વખતે કરાય તે. **૬. આપૃચ્છા :** કોઈપણ કાર્ય ગુરુ મહારાજને પૂછીને કરવું અથવા કાર્ય કરતાં પૂર્વે ગુરુ મહારાજને પૂછવું તે. **૭. પ્રતિપૃચ્છા :** પહેલાં કાર્ય કરવાની વાત થઈ હોય તો પણ કાર્ય કરવાના સમયે ફરી પૂછવું તે. **૮. છંદના :** પોતે લાવેલા આહારમાંથી 'મને લાભ આપો' એવી બધા સાધુને પ્રાર્થના કરવી તે. **૯. નિમંત્રણા :** ગોચરી જતાં પહેલાં 'હું તમારે માટે અશનાદિ આહાર લઈ આવું ?' એમ પૂછવું તે. **૧૦. ઉપસંપદા :** વિશેષ જ્ઞાનાદિની પ્રાપ્તિ માટે બીજા ગુરુ મહારાજ પાસે જવું તે ઉપસંપદા સામાચારી.

આ પ્રમાણે દશધા સામાચારીનો સંક્ષિપ્ત અર્થ કહ્યો. વિશેષ જાણવાની જિજ્ઞાસા હોય તો ધર્મસંગ્રહ, પંચાશકનું બારમું સામાચારી પંચાશક, પંચવસ્તુ, સામાચારી પ્રકરણ, પ્રવચન સારોદ્ધારાદિ ગ્રંથો તથા તેની ટીકા જોવી.

**અથવા** શ્રીનિશીથસૂત્રમાં કહેલી દશધા સામાચારી આ પ્રમાણે જાણવી. ૧. સવારથી માંડીને ક્રમશઃ થતી ઉપધિની **પડિલેહણા.** ૨. વસતીની **પ્રમાર્જના.**

अन्या वा **निशीथोक्ता** दशधा सामाचारी यथा - १ प्रातःप्रभृति क्रमशः प्रतिलेखना उपधेः । २ ततः प्रमार्जना-वसतेः । ३ भिक्षाकार्या ४ आगतैरीर्या प्रतिक्रम्या । ५ आलोचनं कार्यं गृहानीतानाम् । ६ असुरसुरंति भोक्तव्यम् । ७ कल्पत्रयेण पात्रकाणां धावनं कार्यम् । ८ विचारः संज्ञोत्सर्गार्थं बहिर्यानम् । ९ स्थण्डिलानि 'बारस बारस तिन्नि य'त्ति २४ कार्याणि । १० प्रतिक्रमणं कार्यम् । अस्या सङ्ग्रहगाथा यथा -

पडिलेहणा-पमज्जण-भिक्खिरियाऽऽलोय-भुंजणा चेव ।

पत्तगधुवणविआरा, थंडिल-आवस्सयाईआ ॥ **प्रवचनसारोद्धारे ७६८ ।**

तृतीया पदविभागसामाचारी तु दृष्टिवादगता प्रभूतदिवसलभ्या तदुद्धृतकल्प-व्यवहारादिविशिष्टश्रुताध्ययनक्रमलभ्योत्सर्गापवादप्रायश्चित्तज्ञापका च ।

---

૩. વિધિપૂર્વક ૪૨ દોષરહિત ભિક્ષા-**ગોચરી** લાવવી. ૪. ગોચરી લઈને આવ્યા બાદ **ઈરિયાવહીયં** કરવા **૫. ગોચરી આલોવવી.** (ગ્રહણ કરેલા આહારની આલોચના કરવી-દોષોનું કથનકરવું) ૬. ચબ-ચબ કે સબડકા વગેરે વાપરવાનો અવાજ ન આવે તે રીતે વાપરવું. ૭. વાપરી લીધા પછી દરેક **પાત્રાંને** ત્રણ વખત પાણીથી **ધોવાં.** ૮. શુદ્ધ (અનાપાત, અસંલોક વગેરે ૧૦૨૪ ભાંગામાંથી ૧૦૨૪મા ભાંગાવાળી) ભૂમિમાં **સ્થંડિલ** જવું. ૯. સાંજના સૂર્યાસ્ત પૂર્વે સ્થંડિલ-માતરાની ભૂમિને પડિલેહવા સ્વરૂપ **૨૪ માંડલાં** કરવાં. **૧૦.** સાંજે દિવસનાં પાપોના પ્રાયશ્ચિત્ત માટે **પ્રતિક્રમણ** કરવું.

### ૩. પદવિભાગ સામાચારી :

ઘણા લાંબા દીક્ષાપર્યાય પછી યોગ્ય આત્માને પ્રાપ્ત થતી દૃષ્ટિવાદનામના ૧૨મા અંગશાસ્ત્રમાં કહેલી અને વર્તમાનમાં એ દૃષ્ટિવાદમાંથી ઉદ્ધૃત અને વિશિષ્ટ શ્રુતના અભ્યાસ પછી પ્રાપ્ત થતી અને કલ્પસૂત્ર (બૃહત્કલ્પ) - વ્યવહારસૂત્ર વગેરે છેદગ્રંથોમાં કહેલી ઉત્સર્ગ-અપવાદની વાતોથી ભરેલી તથા દોષોના પ્રાયશ્ચિત્તને જણાવનારી સામાચારી જાણવી.

ત્રણ પ્રકારની સામાચારીમાંની ૧૦ પ્રકારની (દશધા) સામાચારીના પાલનમાં લયલીન થવાનો ભવ્ય જીવનો મહાન મનોરથ મહાન ઉપકારી શાસ્ત્રકારે બતાવ્યો.

त्रिविधासु सामाचारीषु दशविधचक्रवालसामाचारीपालननिरतत्वस्य महान्मनोरथोऽत्र दर्शितो महोपकारिणा ग्रन्थकारेणेति । शीलाङ्गरथवद्दशविध-चक्रवाल-सामाचारीरथोऽप्यस्ति तस्य दिग्दर्शिकेयं गाथा -

मणगुत्तो सन्नाणी, पसमियकोहो य इरियसमिओ य ।
पुढविज्जिए रक्खंतो, इच्छाकारो नमो तस्स ॥१॥ अथवा

गुत्तिनाणाइ तिगं, पसमियकोहाइ समिइपणगं च ।
भोमाइ रक्खंतो, चक्कसामायारीजुत्तो य ॥१॥

विस्तरतस्तु स्वरूपमस्य प्रवचनसारोद्धारे पञ्चवस्तुकस्य टीकायां च प्रदर्शितमस्ति ॥१५॥ सामाचारीरथस्य स्थापना यथा ।

अथ परीषहसहनं कुर्वन् विविधकुलेषु अज्ञातोञ्छभिक्षाया गवेषणाकरणस्य मनोरथमुद्दीपयति -

---

**દશવિધ ચક્રવાલ-સામાચારી રથની સમજૂતી**

- ઈચ્છાકાર વગેરે સામાચારીના ૧૦ પ્રકાર.
- પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય, અજીવ : એ ૧૦ની રક્ષા.
- ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનસમિતિ, પારિષ્ઠાપનિકા સમિતિ : એ પાંચનું પાલન.
- પ્રશમિતક્રોધ, પ્રશમિતમાન, પ્રશમિતમાયા, પ્રશમિતલોભ : એમ ચાર કષાયોનું શમન.
- સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર : એમ રત્નત્રયી યુક્ત.
- મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ : એમ ત્રણ ગુપ્તિવાળો.

એટલે ૧૦ x ૧૦ x ૫ x ૪ x ૩ x ૩ = ૧૮૦૦૦ ભેદ થાય.

૧૮૦૦૦ શીલાંગ રથની જેમ સામાચારીનો રથ પણ શાસ્ત્રમાં આવે છે. તેની સ્થાપના અહીં બતાવાય છે. **૧૫.**

# दशविधचक्रवालसामाचारीरथस्य स्थापना

| | | | |
|---|---|---|---|
| मणगुत्ती | वयगुत्ती | कायगुत्ती | |
| ६००० | ६००० | ६००० | ६०००x ३ = १८००० |

| | | | |
|---|---|---|---|
| सन्नाणी | सद्दिट्ठी | सच्चरणी | |
| २००० | २००० | २००० | २०००x ३ = ६००० |

| | | | | |
|---|---|---|---|---|
| पसमियकोहो | पसमियमाणो | पसमियमायो | पसमियलोहो | |
| ५०० | ५०० | ५०० | ५०० | ५००x ४ = २००० |

| | | | | | |
|---|---|---|---|---|---|
| इरियसमिओ | भाससमिओ | एसणासमिओ | आयाणसमिओ | परिट्ठवणसमिओ | |
| १०० | १०० | १०० | १०० | १०० | १००x ५ = ५००० |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| पुढवीरक्खेतो | आउरक्खंतो | तेउरक्खंतो | वाउरक्खंतो | वणस्सइरक्खंतो | बेइंदियरक्खंतो | तेइंदियरक्खंतो | चउरिंदियरक्खंतो | पंचिंदियरक्खंतो | अजीवरक्खंतो | |
| १० | १० | १० | १० | १० | १० | १० | १० | १० | १० | १०x १० = १०० |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| इच्छाकारो | मिच्छाकारो | तहकारो | आवस्सिया | निसीहिआ | आपुच्छणा | पडिपुच्छणा | छंदणा | निमंतणा | उवसंपया | |
| १ | १ | १ | १ | १ | १ | १ | १ | १ | १ | १x १० = १० |

**सहमाणो य परिसह-सिन्नं नीउच्चमज्झिमकुलेसुं ।**
**लद्धावलद्धवित्ती, अण्णायउंछं गवेसिस्सं ॥१६॥**

**प्रेमप्रभा०** **'सहमाणो'** इत्यादि, **'सहमाणो'**त्ति सहनं कुर्वन् **'य'**त्ति चः उक्तानुक्तसमुच्चये, किं सहमानोऽहमित्याह-**'परिसहसिण्णं'** परिषहसैन्यं, परिषहाः कष्टानि तान्येव सैन्यं परिषहसैन्यं दुर्जयत्वात् कष्टकारकत्वात् पीडादायकत्वाद्वा, ते च परिषहा द्वाविंशतिस्तेषां सङ्ग्रहणीगाथे द्वे इमे ।

खुहा-पिवासा-सी-उण्हं, दंसाचेलारईत्थिओ ।
चरिआ निसीहिआ सिज्जा, अक्कोस वह-जायणा ॥१॥

अलाभ-रोग-तणफासा, मल-सक्कारपरिसहा ।
पण्णा अण्णाण सम्मत्तं, इय बावीस परिसहा ॥२॥

**'खुहा'**-क्षुधा-बुभुक्षा, **'पिवासा'** पिपासा-तृड् - जलपानेच्छा **'सीउण्हं'** शीतं शिशिरस्पर्शः, उष्णं-निदाघादितापात्मकं, **'दंसा'** दशन्तीति दंशाः, **'अचेल'**

---

**પરીષહોની ફોજને સહન કરતાં કરતાં વિવિધ અજ્ઞાતકુલોમાં ભિક્ષાની ગવેષણા (શોધ) કરવાના મનોરથને પ્રકાશિત કરે છે.**

**શ્લોકાર્થ :**

**પરીષહની સેનાને સહન કરતો, ઊંચ-નીચ અને મધ્યમકુલોમાં ભિક્ષા મળે કે ન મળે તો પણ પ્રસન્ન રહી, ગૃહસ્થને પોતાનો કોઈ પણ પરિચય આપ્યા વિના અને આકર્ષ્યા વિના આહારની ગવેષણા-શોધ હું ક્યારે કરીશ ? ૧૬**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

ભૂખ-તરસ વગેરે બાવીશ પરીષહોને સહન કરતો હું, પરીષહો દુર્જય, કષ્ટદાયક-પીડાકારક હોવાથી તેને સૈન્યની ઉપમા આપવામાં આવી છે. તે પરીષહો બાવીશ છે. **૧.** ક્ષુધા-ભૂખ ૨. પિપાસા - તૃષા, પાણી પીવાની ઈચ્છા. ૩. ઠંડી-શીત ૪. ઉષ્ણ - ગરમી-પરસેવો થાય તેવો તાપ વગેરે. **૫.** ડંશ - ડાંસ-મચ્છર કરડે તે. ૬. અચેલ-વસ્ત્રનો અભાવ. (જીર્ણ-શીર્ણ વસ્ત્રાદિ) ૭. અરતિ - સંયમમાં ધીરતાનો અભાવ. ૮. સ્ત્રી-સ્ત્રીસંબંધી રાગથી તેની

वस्त्राभावः, '**अरइ**' संयमविषयाऽधृतिः, '**इत्थि**' स्त्री-तद्गतरागहेतुगति-विभ्रमेङ्गिताकार-विलोकनप्रसङ्गः, '**चरिया**' चर्या-ग्रामानुग्रामं विहारात्मिका, '**निसीहिआ**' निषेधः पापकर्मणां गमनादिक्रियायाश्च प्रयोजनमस्या सा नैषेधिकी अथवा निषद्या-स्मशानादिका स्वाध्यायभूमिः, '**सिज्जा**' शय्या-उपाश्रयः, '**अक्कोस**' आक्रोशः कटुवचनात्मकः श्रापरूपवचनात्मको वा धिक्कारकरणं वा, '**वह**' वधः हननं ताडनं वा, '**जायणा**' याचनं प्रार्थना वा, '**अलाभ**' अभिलषितविषयाप्राप्तिः '**रोग**' रोगः कुष्ठादिरूपः, '**तणफासा**' तृणस्पर्शः, '**मल**' जल्लः, '**सक्कार**' सत्कार-पुरस्कारः सत्कारो वस्त्रादिभिः पूजनं, पुरस्कारोऽभ्युत्थानासनादिसम्पादनं, '**पण्णा**' प्रज्ञा स्वयं विमर्शपूर्वको वस्तुपरिच्छेदः, '**अण्णाण**' अज्ञानं-न ज्ञायते वस्तुतत्त्वं अनेन, '**सम्मत्तं**' सम्यक्त्वं क्रियादिवादिनां विचित्रमतश्रवणप्रसङ्गः । एतान्परिषहान् कर्मनिर्जरार्थं मार्गाच्यवनार्थं च जयन् सहमानोऽहं '**नीउच्चमज्झिमकुलेसुं**' नीचकुलेषु-दरिद्रकुलेषु, उच्चकुलेषु-श्रीमत्कुलेषु, मध्यमकुलेषु-सामान्यकुलेषु, कुलेषु-

---

ગતિ, વિભ્રમ, ચેષ્ટા વગેરે જોવાની ઈચ્છા. **૯.** ચર્યા-ગામેગામ ફરવું. **૧૦.** નૈષેધિકી-ગમનાદિ ક્રિયાનો તથા પાપકાર્યોનો નિષેધ. અથવા નિષદ્યા-સ્મશાનાદિ સ્વાધ્યાયભૂમિ. **૧૧.** શય્યા-ઉપાશ્રય-વસતી **૧૨.** આક્રોશ-કડવાં વચન, શ્રાપરૂપવચન કે ધિક્કારનારું વચન. **૧૩.** વધ-મારવું કે મારી નાખવું. **૧૪.** યાચના-માગવું કે પ્રાર્થના કરવી. **૧૫.** અલાભ-ઈચ્છિત વસ્તુની અપ્રાપ્તિ **૧૬.** રોગ- કોઢ, દમ વગેરે **૧૭.** તૃણસ્પર્શ-સૂકું ઘાસ, જે સંથારા માટે લાવ્યા હોય તેનો કર્કશ સ્પર્શ **૧૮.** મલ-શરીરનો મેલ **૧૯.** સત્કાર-પુરસ્કાર = વસ્ત્રાદિથી પૂજા-બહુમાન અને ઊભા થવું, આસન આપવું વગેરે વિનયોપચાર. **૨૦.** પ્રજ્ઞા-પોતાની બુદ્ધિદ્વારા થતો વસ્તુનો બોધ. **૨૧.** અજ્ઞાન-વસ્તુનું જ્ઞાન ન થાય તે **૨૨.** સમ્યક્ત્વ- ક્રિયાવાદી, વિનયવાદી વગેરેને સાંભળવાનો પ્રસંગ. આ બાવીશ પરીષહો કર્મની નિર્જરા માટે અને મોક્ષના માર્ગમાં (ચારિત્રજીવનમાં) ટકી રહેવા માટે સહન કરવાના છે એટલે કે એના ઉપર જય મેળવવાનો છે. (પરિષહોનું વિસ્તૃત વર્ણન ઉત્તરાધ્યયન, તત્ત્વાર્થસૂત્ર, નવતત્ત્વાદિમાંથી જાણવું.)

गृहेष्वित्यर्थः । **'लद्धावलद्धवित्ती'** लब्धा-प्राप्ताऽलब्धा-अप्राप्ता वा वृत्तिः जीवननिर्वाहहेतुभूता भिक्षा येन तादृशोऽहं, भिक्षाप्राप्तौ सत्यां संयमवृद्धिं मन्यमानो भिक्षा-अप्राप्तौ सत्यां तपोवृद्धिं मन्यमानोऽहमिति तात्पर्यम् । **'अण्णायउंछं'** अण्णाय-अज्ञातोऽहं गृहस्थानां स्वस्य कमपि परिचयमदत्त्वैव अथवाऽपरिचितेषु कुलेषु, परिचितकुलेषु तु अनेकदोषसम्भवात् 'उंछं' गोचरीं माधुकरीं वा यद्वद् गौरुपरितनवर्ति तृणं भक्षयित्वाऽऽत्मानं सन्तोषयति तद्वद् मुनिराहारं गृह्णाति सा गोचरी, मधुकरः पुष्पेभ्यो यथा रसं पिबति तथा मुनिर्गृहस्थानां गृहेभ्योऽल्पमल्पं पिण्डं उंछति गृह्णाति तं उंछमिति कथ्यते । **'गवेसिस्सं'** गवेषयिष्यामि दोषरहितं शोधयिष्यामीत्यर्थः ।

---

આ રીતે પરીષહોની સેનાને સહન કરતો હું, નીચકુલ-દરિદ્ર અવસ્થાવાળાં કુલોમાં, ઉચ્ચકુલ-શ્રીમંતોનાં કુલોમાં, મધ્યમકુલ-સામાન્યકુલોમાં એટલે કે તેમનાં ઘરોમાં ભિક્ષા-સંયમજીવનના નિર્વાહના કારણભૂત ગોચરી(આહાર-પાણી) મળી કે ન મળી તો પણ, મળે તો સંયમવૃદ્ધિ, ન મળે તો તપની વૃદ્ધિ થઈ એમ માનતો, હું કોણ છું એનો કોઈ પણ ગૃહસ્થોને પરિચય-ઓળખ આપ્યા વગર અથવા અપરિચિત કુલો-ઘરોમાં (પરિચિત ઘરોમાં જવામાં અનેક દોષો લાગવાનો સંભવ છે:) ગોચરી-ગાય ચરે તેમ અથવા માધુકરી એટલે ભમરો જેમ પુષ્પોમાંથી થોડો થોડો રસ ચૂસે તેમ મુનિ પણ ગૃહસ્થોનાં ઘરોમાંથી થોડો થોડો આહાર ગ્રહણ કરીને પોતાના આત્માને સંતોષ આપે છે. આ રીતે ગ્રહણ કરાતી ભિક્ષાને ગોચરી (ઉંછ) કહેવાય છે. તેમ ગોચરી-પદ્ધતિથી હું ક્યારે દોષ રહિત ભિક્ષા મેળવીશ ?

ઉદ્ગમના સોળ દોષો, જે ગૃહસ્થથી ઉત્પન્ન થાય છે.

ઉત્પાદનના સોળ દોષો, જે સાધુથી ઉત્પન્ન થાય છે.

એષણાના દશ દોષો, જે સાધુ - ગૃહસ્થ ઉભયથી થાય છે.

આ પ્રમાણે ગોચરીના ૪૨ દોષ થાય છે. આ અંગેની વિસ્તૃત ચર્ચા, એના પેટા ભેદો, વિશોધિકોટિ, અવિશોધિકોટિનો ભેદ, દાતા-અદાતા વગેરેનું વિસ્તૃત સ્વરૂપ પિંડનિર્યુક્તિ, પિંડવિશુદ્ધિ, ધર્મસંગ્રહ, પિંડવિધિ નામનું તેરમું પંચાશક વગેરેમાં છે.

अथ कस्य कर्मण उदये कस्य परिषहस्योदयो भवतीत्युच्यते-दर्शन-मोहनीयकर्मोदयाद्दर्शनपरिषहः स्यात्, ज्ञानावरणीयकर्मोदये प्रज्ञापरिषहोऽ-ज्ञानपरिषहश्च स्यात्, अन्तरायकर्मोदयेऽलाभपरिषहः स्यात्, चारित्रमोहनी-यकर्मोदयाद् १ आक्रोश २ अरति ३ स्त्री ४ नैषेधिकी ५ अचेल ६ याञ्चा ७ सत्कारा एते सप्त परिषहा उत्पद्यन्ते, शेषाः १ क्षुधा २ पिपासा ३ शीत ४ उष्ण ५ दंश ६ चर्या ७ शय्या ८ वध ९ रोग १० तृणस्पर्श ११ मला एते एकादश परिषहा वेदनीयकर्मोदयादुत्पद्यन्ते ।

**इदमत्र तात्पर्यम्** - तत्तत् कर्मणामुदयेन मुनिजीवने परिषहा आगच्छन्त्येव तेषां सहर्षं समतया वा सहनाय जयो-विजयो भण्यते । परिषहाणां सहनं कर्मनिर्जरार्थं मार्गस्थैर्यार्थं च भवति, तान् द्वाविंशतिपरिषहान् दुर्जयत्वात् सैन्यस्योपमा दत्ता । तान् सहमानेनैव लब्धापलब्धवृत्तिशालिना मुनिनाऽज्ञातउञ्छं तदपि न केवलं श्रीमतामेव गृहेषु शोधनीयमपि तु नीचेषु मध्यमेषु गृहेष्वपि भेदभावं विना शोधनीयम् । अस्यां गाथायां परिषहसहनपूर्वकमज्ञातउञ्छशोधनस्य मनोरथो दर्शितः । अण्णायउञ्छकुलके आहार-वस्त्र-वसतिरूपपिण्डस्य

---

બાવીશ પરીષહમાંથી કયો પરિષહ કયા કર્મના ઉદયથી આવે છે, તે જણાવે છે. ૧. દર્શનમોહનીયકર્મના ઉદયથી દર્શનપરિષહ આવે છે. ૨. જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી પ્રજ્ઞા અને અજ્ઞાન પરિષહ આવે છે. ૩. અંતરાયકર્મના ઉદયથી અલાભપરિષહ આવે છે. ૪. ચારિત્રમોહનીયકર્મના ઉદયથી આક્રોશ-અરતિ-સ્ત્રી-નૈષેધિકી-અચેલ-યાચના-સત્કારઃ એમ સાત પરિષહો આવે છે. ૫.વેદનીયકર્મના ઉદયથી બાકીના ભૂખ-તરસ-ઠંડી-ગરમી-ડાંસ-ચર્યા-શય્યા-વધ-રોગ-તૃણસ્પર્શ અને મલ : એમ અગિયાર પરિષહો આવે છે.

સાર એ છે કે - તે તે કર્મના ઉદયથી મુનિજીવનમાં પરિષહો આવે જ છે પણ તેને આનંદપૂર્વક- અદીનપણે સહન કરવા તેને જય-વિજય કહેવાય છે. તે પરિષહને સહન કરતા મુનિએ ભિક્ષા મળે કે ન મળે તો પણ ગોચરી માટે માત્ર ધનવાન કુટુંબોમાં જ કે ઘરોમાં નહિ, પરંતુ ભેદભાવ વગર નીચ-મધ્યમ-

विशोधनविषये मार्मिकशब्दैः प्रभूतं दर्शितमस्ति । तत्सर्वं संवेगपूर्णैर्जीवैः '**अण्णायउंछकुलकतः**' प्रपठ्य मनस्यवधार्य पुनः पुनर्मननीयं चेति ॥१६॥

जिनोक्तविशिष्टाहारचर्याया विशिष्टप्रकारं मनोरथमाह –

**रागद्दोसविउत्तो, संजोयणविरहिओ कया कज्जे ।**
**पन्नगबिलोवमाए, भुंजिस्सं सम्ममुवउत्तो ? ॥१७॥**

**प्रेमप्रभा०** '**रागद्दोसविउत्तो**' इत्यादि, '**रागद्दोसविउत्तो**' त्ति मनोज्ञाहारं प्रति रागविमुक्तो भूत्वाऽमनोज्ञाहारं प्रति द्वेषविमुक्तो भूत्वा '**कया**' कदाऽहं '**कज्जे**' कार्ये आहारकरणस्य कार्ये प्रयोजने उपस्थिते, अर्थापत्त्याऽऽहारकरणस्य षट् कारणानि जिनबान्धवैः कथितानि सन्ति तेषां मध्यात् किमपि कारणमुपस्थितं तदेति । तानि च कारणानि इमानि–वेयण[१] वेचावच्चे[२] इरियट्ठाए[३] अ संजमट्ठाए[४] ।

---

કે ઉચ્ચકુલોમાં જવાનું છે. આ અંગે 'અજ્ઞાતઉંછકુલક' માં આહાર-વસ્ત્ર-વસતીરૂપ પિંડને શોધવાના વિષયમાં ઘણું કહેવાયું છે. સંવેગી જીવે ત્યાંથી જાણી લેવું. ૧૬.

**ગોચરી લેવા માટે ગયેલા મુનિને કયા કયા દોષો લાગવાનો સંભવ છે. એ માટે શું સાવધાની રાખવી, તે મનોરથરૂપે જણાવ્યા બાદ, ગોચરી લઈને આવ્યા પછી, ગોચરી વાપરતી વખતે કયા દોષોથી બચવા, કઈ રીતે ભોજન કરવું તેની વાત મનોરથરૂપે જણાવે છે.**

**શ્લોકાર્થ :**

**આહાર કરવાની જરૂર પડે ત્યારે, રાગ-દ્વેષ રહિત થઈને, સ્વાદ માટે દ્રવ્યોની સંયોજના કર્યા વગર, સાપ જેમ દરમાં પ્રવેશ કરે તે રીતે, ઉપયોગપૂર્વક હું ક્યારે ભોજન કરીશ ? ૧૭**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

મનગમતો આહાર મળે તો રાગ કર્યા વગર અને અણગમતો આહાર મળે તો દ્વેષ કર્યા વગર, આહાર કરવા માટેનાં છ કારણોમાંથી કોઈપણ કારણ ઉપસ્થિત થાય ત્યારે,

तह पाणवत्तियाए[५] छट्ठं पुण धम्मचिंताए[६] ॥१॥ अस्या गाथाया व्याख्या- वेयणेत्यादि, वेयण-क्षुधाया उपशमार्थं, आचार्यादीनां वैयावृत्त्यार्थं, ईर्यासमित्याः पालनार्थं, संयमपालनार्थं प्राणानां रक्षणार्थं धर्मध्यानस्थिरीकरणार्थं च । पुनः कीदृशोऽहमित्याह-'**संजोयणविरहिओ**'त्ति संयोजनाविरहितः, संयोजनेति किम्-मण्डल्याः पञ्च दोषाः सन्ति, तेषु दोषेषु-अपरनाम्ना ग्रासैषणादोषेषु वा प्रथमो दोषः संयोजना । मण्डल्याः पञ्च दोषा अमी- संजोयणा पमाणे इंगाले धूमकारणे चेव । वसहिबहिरंतरे वा, रसहेउ दव्वसंजोगा ॥१॥ अस्या गाथायाः पाठान्तरमिदं- उवगरणे भत्तपाणे, सबाहिरब्भंतरा पढमा । संजोयणा पमाणे इंगाले धूमकारणे चेव ॥१॥ अस्या गाथाया व्याख्या यथा - 'संजोयणा' संयोजना स्वादवृद्ध्यर्थं क्षीरशर्करादिद्रव्याणामेकत्र करणं, संयोजना यदि वसत्या बहिः क्रियते सा बाहिरा, वसत्या अन्तः क्रियते साऽभ्यन्तरा । उपकरणविषये चोलपट्टकस्तदनुरूपौर्णिक-सौत्रिककल्पेन सह योजयित्वा परिधाय च वसत्या अन्तर्बहिर्वा विहरति, एषा उपकरणसंयोजना १ । 'पमाणे'त्ति आहारप्रमाणं, संयमयोगा यावता न सीदन्ति

---

**આહાર કરવાનાં છ કારણો :** **૧.** વેદના- ભૂખની વેદનાને શાંત કરવા માટે. **૨.** વેયાવચ્ચ-આચાર્યાદિની ભક્તિ માટે. **૩.** ઈર્યાસમિતિના પાલન માટે. **૪.** સંયમના પાલન માટે. **૫.** દ્રવ્યપ્રાણની રક્ષા માટે. **૬.** ધર્મધ્યાનમાં સ્થિર થવા માટે.

સંયોજના દોષરહિત એટલે કે- માંડલીના પાંચ દોષો(જેને ગ્રાસૈષણાના દોષો પણ કહેવાય છે)માંનો પહેલો દોષ સંયોજના છે.

**માંડલીના પાંચ દોષો : ૧.સંયોજના :** સ્વાદની વૃદ્ધિ માટે દ્રવ્યો ભેગાં કરીને ખાવાં. જેમ કે- દૂધમાં સાકર, દાળ સાથે ભાત.... એ સંયોજના. એ ઉપાશ્રયની બહાર કરવામાં આવે તે બાહ્યસંયોજના અને ઉપાશ્રયની અંદર સંયોજના કરવામાં આવે તે અભ્યંતરસંયોજના કહેવાય. **ઉપકરણ વિષયક સંયોજના**-શ્રાવક જેમ નીચે-ઉપરનાં કપડાં વગેરેનું મેચિંગ કરે, તેમ ચોલપટ્ટાને અનુરૂપ સુતરાઉ કપડો, કામળી વગેરેનું મેચિંગ કરીને વસતીની અંદર કે બહાર ફરવું. **૨.પ્રમાણ :** આહારનું પ્રમાણ. સંયમના યોગો ન સિદાય તે રીતે

तावदाहारप्रमाणं, अधिकाहारकरणे प्रमाणातिरिक्ततादोषः २। 'इंगाले'त्ति अङ्गारः, स्वाद्वन्नं तद् दातारं वा प्रशंसयन् यद् भुङ्क्ते स रागाग्निना चारित्रेन्धनस्याङ्गारीकरणादङ्गारदोषः ३। 'धूमे'त्ति धूम्रः, अस्वाद्वन्नं निन्दन् पुनः चारित्रेन्धनं दग्ध्वा धूम्रकरणात्धूम्रदोषः ४। 'कारणे'त्ति कारणाभावः दोषः, साधोर्भोजनस्य षट् कारणानि कथितानि सन्ति तेषामभावे भुञ्जानस्य कारणाभावदोषः ५। एतैः पञ्चभिः संयोजनादिदोषैर्विरहितः। अथ कया रीत्या भोक्ष्यामीत्याह - **'पन्नगबिलोवमाए'**त्ति पन्नगः-सर्पस्तस्य बिलोपमया, पन्नगो यथा बिले प्रविशति तदुपमया, सर्पो बिले प्रविशन् शरीरे क्षतभिया उपरि-पार्श्वतो न स्पृशति तद्वदहमपि मुखरूपबिले कवलं प्रक्षिपन् रागादिभावमस्पृशन् **'सम्ममुवउत्तो'** त्ति सम्मं-सम्यक्, उवउत्तो-ज्ञानोपयोगवान् **'भुंजिस्सं'** भोक्ष्यामि। अस्मिन् मनोरथे

---

શરીરને ટેકો મળી રહે તેટલો આહાર કરવો. (સાધુને ૩૨ કોળિયા, સાધ્વીને ૨૮ કોળિયા) જો તેનાથી વધારે આહાર કરવામાં આવે તો પ્રમાણાતિરિક્તતા દોષ લાગે છે. **૩. ઈંગાલ-અંગારો :** સ્વાદિષ્ટ આહાર કે તેના દાતાને વખાણીને-સારો માનીને જે ભોજન કરાય તે રાગરૂપ અગ્નિથી ચારિત્રરૂપ લાકડાં બળવા-બાળવાથી અંગાર દોષ કહેવાય. **૪. ધૂમ્ર :** અનિષ્ટ સ્વાદવાળો આહાર કે તેના દાતાની નિંદા કરતો ચારિત્રરૂપ લાકડાંને બાળીને ધુમાડો કરવાથી ધૂમ્રદોષ. **૫. કારણ :** ઉપર સાધુને ભોજન કરવા માટેનાં જે છ કારણ બતાવ્યાં, તેમાંનું કારણ ન હોય અને વાપરે તે કારણાભાવ નામનો દોષ.

એટલે સંયોજનાદિ દોષથી રહિત થઈને, જેવી રીતે સાપ દરમાં પ્રવેશ કરવાના સમયે- શરીર ઘસાય નહીં, ચામડી છોલાય નહીં તે માટે કાળજી રાખે છે અને દરની બે બાજુ કે ઉપરની બાજુને સ્પર્શ્યા વગર અંદર જાય છે; તે રીતે હું પણ મુખરૂપી દરમાં કોળિયા નાખતો, રાગાદિભાવનો સ્પર્શ કર્યા વગર અર્થાત્ રાગ-દ્વેષ કર્યા વગર, જ્ઞાનોપયોગવાળો બનીને ક્યારે ભોજન કરીશ ?

આહારના-ગોચરીની ગવેષણાના ૪૨ દોષ ટાળ્યા પછી એટલે કે ૪૨ દોષ રહિત ગોચરી લાવ્યા પછીની સાવધાની બતાવતાં શ્રીઓઘનિર્યુક્તિ ગ્રંથમાં

भोजनविधौ रागद्वेषविमुक्तत्वं संयोजनादिपञ्चदोषरहितत्वं भोजनस्य कारणे उपस्थिते सत्येव सर्पबिलोपमया सम्यगुपयोगवतो भोक्तृत्वं च भावितमिति ॥१७॥

अथ मासकल्पविहारस्य महन्मनोरथं विवेचयन्नाह –

**सुत्तत्थपोरिसिपरो, जुत्तो य समत्तजीयकप्पेहिं।**
**मासकप्पेण कया, विहरिस्सं उज्जुयविहारो ? ॥१८॥**

**प्रेमप्रभा०** '**सुत्तत्थपोरिसिपरो**' इत्यादि, '**सुत्तत्थपोरिसिपरो**'त्ति सूत्रपौरुष्यामर्थपौरुष्यां च तत्परः, पौरुषीति किं ? पुरुषछायाप्रमाणः कालः पौरुषी प्रहरप्रमाणः काल इत्यर्थः । तस्मिन् प्रहरप्रमाणे काले सूत्राध्ययने तथैवार्थाध्ययने लीनः '**य**' चार्थे तथा च '**समत्तजीयकप्पेहिं**'ति समस्तजीतकल्पैः

---

કહ્યું છે કે '૪૨ દોષ રહિત ભિક્ષા લાવવાની ગહન ક્રિયામાં તું ન ઠગાયો પરંતુ હવે વાપરતાં પણ રાગ-દ્વેષથી ન ઠગાય તેનો ખાસ ખ્યાલ રાખજે !! ૧૭.

**માસકલ્પની બતાવેલી મર્યાદાપૂર્વક વિહાર કરવાના મહાન મનોરથને હવે બતાવે છે.**

**શ્લોકાર્થ :**

**સૂત્રપોરિસી તથા અર્થપોરિસીમાં તત્પર બની, ગુરુપરંપરાથી ચાલ્યા આવતા આચારોથી યુક્ત થઈ, ઉગ્રવિહાર (કડક ચારિત્ર) અને માસકલ્પની મર્યાદા પૂર્વક હું ક્યારે વિહાર કરીશ ? ૧૮**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

સૂત્રપોરિસી તથા અર્થપોરિસી કરવામાં તત્પર (પુરુષ છાયા પ્રમાણ કાળને પોરિસી-પ્રહર કહેવાય છે. દિવસના ચોથા ભાગને પણ પોરિસી કહેવાય છે.) એટલે કે-સવારના પહેલા પ્રહરમાં સૂત્રનો સ્વાધ્યાય, બીજા પ્રહરમાં અર્થનો સ્વાધ્યાય વગેરે જે આજ્ઞા પરમાત્માએ ફરમાવી છે, તે પ્રમાણે સ્વાધ્યાય કરવામાં લીન તથા જીતકલ્પ એટલે ગુરુપરંપરામાં ચાલ્યા આવતા આચારોથી યુક્ત (તે તે સામાચારીનું પાલન કરવામાં તત્પર)તથા ઉગ્રતપ-ઉગ્રજપ-ઉગ્રસંયમ ક્રિયાદિમાં સુંદર ઉદ્યમવાળો(માત્ર લાંબાલાંબા વિહાર કરવા તે ઉગ્રવિહારી ન કહેવાય. ચારિત્ર ઊંચું પાળે, પરમાત્માની આજ્ઞાનું વધુમાં વધુ

समग्रगुरुपरम्परागताचारैः, '**जुत्तो**' युक्तः - आचाराणां पालनपरो यदि वा समाप्तजीतकल्पैः सम्यग् आप्ता जीतकल्पा गुरूपरम्परागता आचारा यैस्तैः संविग्नगीतार्थैर्युक्तोऽहं विहरिष्यामीत्यन्वयः । पुनः कीदृश इत्याह - '**उज्जुयविहारो**'त्ति उद्यतविहारः-उग्रतप-उग्रजप-उग्रसंयमक्रियासूद्यमवान् एतादृशोऽहं '**कया**' कदा '**मासकप्पेण**'त्ति मासकल्पेन, मासं यावदेकस्थाने स्थिरीभूय निवसनस्याचारो मासकल्पस्तेन मासकल्पेन, मासकल्पमर्यादयोपलक्षणत्वान्नवकल्पविहारेण '**विहरिस्सं**'ति विहरिष्यामि, ग्रामानुग्रामं विहारं करिष्यामि ? । अत्रायं सारः- सूत्रार्थपौरुषीपरः समस्तजीतकल्पैर्युक्त उद्यतविहारश्चाहं कदा मासकल्पेन-नवकल्पविहारमर्यादया विहरिष्यामीति ॥१८॥

योगसम्राट्-स्वाध्याययोगस्य सुमनोरथमुद्दीपयितुमाह-

**परपरिवायविरत्तो, समचित्तो सत्तुमित्तसत्तेसु ।**
**कइया विगहारहिओ, सज्झायपरो भविस्सामि ? ॥१९॥**

**प्रेमप्रभा०** '**परपरिवायविरत्तो**' इत्यादि, '**परपरिवायविरत्तो**'त्ति परेषां

---

પાલન કરે તે ઉગ્રવિહારી કહેવાય.) હું માસકલ્પની મર્યાદાવાળો વિહાર ક્યારે કરીશ ? અર્થાત્ ચોમાસાના ચાર મહિનાનો એક અને શેષકાળ(શિયાળો-ઉનાળો)ના આઠ મહિનાના આઠ : એમ નવકલ્પી વિહાર ક્યારે કરીશ ? આ રીતે ગામેગામ ક્યારે વિચરીશ ? ૧૮.

**યોગોના અસંખ્ય પ્રકાર છે, પણ સઘળાય યોગોના રાજા તરીકે ગણાતા-સમ્રાટ તરીકે જેની ગણના થાય છે તેવા સ્વાધ્યાયયોગનો સુંદર મનોરથ હવે બતાવે છે.**

**શ્લોકાર્થ :**

**બીજાઓના અવર્ણવાદ કરવાની કુટેવ ટાળી, શત્રુ-મિત્ર ઉપર સમભાવ રાખી, વિકથાનો રસ છોડી સતત સ્વાધ્યાયમાં લીન ક્યારે થઈશ ? ૧૯**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

૧. બીજા જીવોના દોષોની, અવગુણોની નિંદા કરવાનો ત્યાગી અર્થાત્

जीवानां परिवादात्-निन्दातोऽवगुणोच्चारणादितो विरक्तो रागरहितो जातः - अरुचिभाववान् जात इत्यर्थः । '**सत्तुमित्तसत्तेसु**' शत्रुस्वरूपसत्त्वेषु मित्रस्वरूपसत्त्वेषु च '**समचित्तो**' समानचित्तवृत्तियुक्तो न शत्रुस्वरूपसत्त्वेषु द्वेषवृत्तिधारको, न मित्रस्वरूपसत्त्वेषु रागवृत्तिधारकस्तथा च '**विगहारहिओ**'त्ति विकथाभी रहितः, विकथा राजकथा-भक्तकथा-देशकथा-स्त्रीकथा-नाम्न्यः चतस्रः सन्ति अथवा तासु दर्शनभेदिनी-चारित्रभेदिनी-मृदुकारुणिकी एवं तिस्रः संमील्य सप्तापि भवन्ति । ताभिर्विकथाभिर्विमुक्तः '**कइया**' कदा-कस्मिन् समय इत्यर्थः '**सज्झायपरो**'त्ति स्वाध्यायेषु तत्परः, स्वाध्यायः पञ्चविधः स चैवं १ वाचनास्वाध्यायः २ पृच्छनास्वाध्यायः ३ परावर्तनास्वाध्यायः ४ अनुप्रेक्षास्वाध्यायः ५ धर्मकथास्वाध्यायश्च एतेषु पञ्चविधेषु स्वाध्यायेषु प्रमादं परिहायाप्रमत्तभावेन तत्परः '**भविस्सामि**' भविष्यामि । **इदमत्र रहस्यम्**-स्वाध्याययोगस्य सिद्धयै परपरिवादाद्विरक्तत्वं शत्रुमित्ररूपसत्त्वेषु समचित्तत्वं

---

એમાં રુચિ વગરનો(નિંદા કરવાની વૃત્તિવાળો-સ્વભાવવાળો જીવ સ્વાધ્યાય કરી શકતો નથી. જ્ઞાનનું અજીર્ણ નિંદા છે. નિંદા એ જ્ઞાન-સ્વાધ્યાય પચ્યાં નથી એની નિશાની છે. પારકી નિંદામાં જેને રસ હોય છે તેને જ્ઞાન ભણવામાં કે સ્વાધ્યાય કરવામાં રસ હોતો જ નથી. માટે જ્ઞાનભણવાની ઈચ્છાવાળાએ અને આત્માની સંજીવની જેવો સ્વાધ્યાય કરવાની ભાવનાવાળાએ આ દોષનો પ્રયત્ન પૂર્વક ત્યાગ કરવો જ જોઈએ.) ૨. શત્રુ-દુશ્મનો ઉપર અને મિત્રો ઉપર ક્રમશઃ દ્વેષ કે રાગ વગરનો. અર્થાત્ બંને પ્રત્યે સમભાવવાળો-સમાન ચિત્તવાળો થઈને, ૩.રાજકથા-દેશકથા-ભોજન સંબંધી કથા તથા સ્ત્રી સંબંધી કથા : એમ ચાર વિકથાઓનો અથવા એ ચાર ઉપરાંત, દર્શનભેદિની (સમ્યગ્દર્શનનો નાશ કરનારી), ચારિત્રભેદિની (જીવના ચારિત્રના પરિણામનો નાશ કરનારી, ચારિત્રના ભાવોને વિચલિત કરનારી) તથા મૃદુકારુણિકી (મોહના ઘરની કરુણતા પેદા કરાવનારી ) : આ ત્રણ ઉમેરતાં સાત વિકથાઓ થાય. તે વિકથાઓથી વિશેષ કરીને મુક્ત થયેલો હું, વાચના-પૃચ્છના-પરાવર્તના- અનુપ્રેક્ષા અને ધર્મકથા : આ પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં, પ્રમાદનો ત્યાગ કરીને ક્યારે લયલીન થઈશ ? (પાંચ પ્રકારના સ્વાધ્યાયથી

विकथारहितत्त्वं चापेक्षितं, एतद्विपरीता चित्तवृत्तिः-आत्मस्थितिः स्वाध्याययोगस्य साधनायां विघ्नभूताऽस्ति, अत एव स्वाध्याययोगसिद्ध्यै उक्तस्वरूपा चित्तवृत्तिः साधनीयेति सिद्धमित्यस्य मनोरथस्य हार्दः ॥१९॥

कदाऽहं धर्मवने विहरिष्यामीति सुरम्यं मनोरथं भावयन्नाह -

**विलसंतअज्जुणगुणे, सुकुसुमबाणासणे फुरियकरुणे ।**
**विहरिस्सं धम्मवणे, बहुमयदमणे अहं कइया ? ॥२०॥**

**प्रेमप्रभा०** '**विलसंतअज्जुणगुणे**' इत्यादि, '**अहं कइया धम्मवणे विहरिस्सामि**'त्ति अहं कदा धर्मवने विहरिष्यामि ? धर्म एव वनं धर्मवनं तस्मिन्

---

થતા લાભ જાણવા હોય તો ઉત્તરાધ્યયનસૂત્રનું ૨૯મું સમ્યક્ત્વપરાક્રમ અધ્યયન વાંચો.)

આ અંગે સમજવા જેવી વાત એ છે કે સ્વાધ્યાયયોગની સિદ્ધિ કરવી હોય તો પરપરિવાદની ઉપેક્ષાવૃત્તિ, શત્રુ-મિત્ર જીવો ઉપર સમચિત્તપણું અને વિકથારહિતપણું અત્યંત જરૂરી-આવશ્યક છે. આનાથી વિપરીત ચિત્ત સ્વાધ્યાયયોગમાં અંતરાયભૂત છે તેથી સ્વાધ્યાયયોગની સિદ્ધિ માટે ચિત્તવૃત્તિ કેવી જોઈએ, એનો ખ્યાલ આવી શકે છે. ૧૯.

**ધર્મરૂપી વનમાં હું ક્યારે વિચરીશ, એવો સુરમ્ય મનોરથ હવે દર્શાવે છે.**

**શ્લોકાર્થ :**

**અર્જુન સુવર્ણ જેવા ઉજ્જ્વલ ગુણોનો જ્યાં વિલાસ છે, કામદેવના જ્યાં રામ રમી ગયા છે, કરુણાના જ્યાં ફૂવારા ઊછળે છે તેવા અને અનેક પ્રકારના મદનું દમન કરનાર ધર્મવનમાં હું ક્યારે વિચરીશ ? ૨૦**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

હું ધર્મવનમાં ક્યારે વિચરીશ ? જે ધર્મવનમાં વિચરવાનો મનોરથ કરે છે, તે ધર્મવન કેવું છે ?

૧. જે ધર્મરૂપી વનમાં શ્વેત અર્જુનસુવર્ણના ગુણો રહેલા છે. સોનાના અનેક પ્રકારો છે. એમાંના અર્જુનસુવર્ણની વાત અહીં કરી છે. સામાન્યથી

धर्मवने । किं विशिष्टे धर्मवने तदाह – '**विलसंतअज्जुणगुणे**' विलसन्ति – शोभन्ते अर्जुनश्वेतसुवर्णस्य गुणा यस्मिन् तस्मिन्धर्मवने । सुवर्णस्यानेके प्रकाराः सन्ति तेषु अर्जुनसुवर्णस्यैकः प्रकारः । सामान्यतया सुवर्णस्याष्टौ गुणाः सन्ति । तद्वद् जिनोक्तसाधुधर्मस्याप्यष्टौ गुणाः सन्ति, तेषामष्टानां गुणानां जिनोक्तधर्मेण सह सादृश्यमित्थं–

"विसघाइ १ रसायण २ मंगलत्थ ३ विणीए ४ पयाहिणावत्ते ५ ।
गुरुए ६ अडज्झ ७ अकुच्छे ८ कसाइचउसुद्धकणयगुणा ॥ १ ॥"

इह जगति जात्यसुवर्णं कुमारभूमौ सञ्जातं स्थावरजङ्गमविषावेगोपशान्तिकृद् भवति १ । तथा राजमृगाङ्कादिरसरूपतया परिणतं क्षयादिरोगापहारितया रसायनं स्यात् २ । तथा मङ्गलार्थं उत्तमजनैर्नानालङ्काररूपं कृत्वा परिधीयते ३ । तथा विनयगुणोपेतम् ४ । तथा कनकं वह्नौ ताप्यमानं प्रदक्षिणावर्तं करोति, नान्ये लोहादिधातवः ५ । ताम्रादिधातुभ्यो मूल्य–सौन्दर्यापत्तिवारणादिना कनकं गुरु–

---

સોનાના આઠ ગુણો છે. તે રીતે જિનેશ્વરભગવંતે કહેલા સાધુધર્મના પણ આઠ ગુણો છે. જિનોક્તધર્મ સાથે સોનાના આઠ ગુણોનું સાદશ્ય આ પ્રમાણે છે.

૧. વિષઘાતિ ૨.રસાયણ ૩. મંગલાર્થ ૪.વિનીત ૫.પ્રદક્ષિણાવર્ત ૬.ગુરુ ૭.અદાહ્ય ૮.અકુત્સ્ય : આ આઠ ગુણો કષ-છેદ-તાડન અને તાપ : આ ચાર રીતે શુદ્ધ થયેલા સોનામાં છે.

**૧.** આ જગતમાં કુમારભૂમિમાં ઉત્પન્ન થયેલું જાત્યસુવર્ણ સ્થાવર-જંગમ બંને પ્રકારના ઝેરને શાન્ત કરે છે. ૨.એ સોનાને રાજમૃગાંકરસ વગેરે રૂપે પરિણમાવેલું હોય(રાસાયણિક પ્રક્રિયા કરીને) તો ક્ષયાદિ રોગને દૂર કરનાર રસાયણ બને છે. ૩. ઉત્તમ લોકો- મંગલ માટે સોનાનાં વિવિધ અલંકારો બનાવીને પહેરતા હોવાથી સોનું મંગલ સ્વરૂપ છે. ૪. સોનાને જેમ વાળવું હોય તેમ વળતું હોવાથી, ઈચ્છા મુજબનો ઘાટ ઘડાતો હોવાથી સોનું વિનય ગુણવાળું (વિનીત) છે. **૫.** સોનાને અગ્નિમાં તપાવવામાં આવે તો પ્રદક્ષિણાવર્ત ફરે છે. લોખંડ આદિ બીજી ધાતુઓ તપાવવાથી પ્રદક્ષિણાવર્ત ફરતી નથી. ૬. તાંબુ વગેરે અન્ય ધાતુઓ કરતાં મૂલ્યની દષ્ટિએ તથા આપત્તિ

महत्तरं भवति ६। तथाऽग्निनाऽदाह्यं भवति, अन्ये धातवोऽग्निना भस्मसाद्भवन्ति न हेम, अपि तु समधिकवर्णोपेतं भवति ७। सकलापवित्रजनपवित्रीकरणनव्यदेवतामूर्तिप्रतिष्ठा-प्रथमस्नात्रहेतुतया निन्द्यवस्तुसंस्पर्शेऽपि न क्वापि कुत्सनीयं स्यात् ८। इति कनकस्याष्टौ गुणाः। एवं गुणोपेतं कषतापताडनच्छेदरूपं चतुष्परीक्षाशुद्धं सुवर्णं भाग्यादेव प्राप्यते। सुवर्णवद्धर्मस्याप्यष्टौ गुणास्सन्ति, तत्र प्रथमो गुणो मिथ्यात्वविषघातित्वं, मिथ्यात्वमनेकप्रकारमनेकशास्त्रेषूपवर्णितं तत्र मिथ्यात्वस्य सप्तप्रकारा अप्युपवर्णिता सन्ति, तेषां विघातकः। द्वितीयो गुणो यथा - यथावस्थितदेवगुरुधर्मरूपतत्त्वत्रय-जीवाजीवादिपदार्थसार्थ-सम्यग्ज्ञानश्रद्धानपूर्वक-सम्यगनुष्ठानविधिवत्पालनरूपः श्रीजिनोक्तधर्मः कुमारकनकवद्बाह्यान्तरङ्गामयहरणेन सौभाग्यारोग्यापादनपटुर्निर्वृतिदायको भवति। कुमारकनकवत्सम्यग्दर्शनपूर्वः सर्वप्राणिदयारूपो धर्मोऽपि सकलमङ्गलहेतुः पुण्योदयेनैव लभ्यते, एष तृतीयो गुणः। जिनसुगुरुवन्दनादि-उत्तमजनयोग्यो

---

નિવારણની દૃષ્ટિએ સોનું ગુરુ-મહાન છે. ૭. સોનું અગ્નિથી અન્ય ધાતુની જેમ બળી જતું નથી અલબત્ત, વધારે ઝળકે છે, દેદીપ્યમાન લાગે છે. ૮. અપવિત્ર લોકોને પવિત્ર કરનાર, નવી મૂર્તિ બનાવ્યા બાદ પ્રતિષ્ઠાના સમયે પહેલો અભિષેક સોનાનો(સુવર્ણજળનો) થતો હોવાથી અને નિંદ્ય વસ્તુનો સ્પર્શ થવા છતાં ક્યારે પણ અશુદ્ધ થતું નથી; માટે સોનું અકુત્સ્ય છે.

સોનાના આઠ ગુણની જેમ ધર્મના આઠ ગુણ નીચે મુજબ છે. ૧. મિથ્યાત્વરૂપ વિષનો ઘાત કરનાર છે. અલગ અલગ શાસ્ત્રોમાં મિથ્યાત્વના અનેક પ્રકારો વર્ણાવ્યા છે. એમાં સાત પ્રકાર પણ છે. તે સાતે પ્રકારના મિથ્યાત્વનો નાશ જિનધર્મથી થાય છે. ૨. યથાવસ્થિત દેવ-ગુરુ અને ધર્મ : એમ તત્ત્વત્રય સ્વરૂપ અને જીવ-અજીવ વગેરે પદાર્થોના સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ શ્રદ્ધાપૂર્વકના સદનુષ્ઠાનવાળો જિનધર્મ કુમારભૂમિના સુવર્ણની જેમ બાહ્ય-અભ્યંતર રોગોનો નાશ કરીને સૌભાગ્ય-આરોગ્ય આપવામાં કુશળ અને શાંતિદાયક છે. ૩. કુમારભૂમિના સોનાની જેમ સમ્યગ્દર્શન યુક્ત સર્વજીવોની દયાવાળો જિનધર્મ પણ સઘળાય મંગલોનો હેતુ છે અને

रत्नोपगतसुवर्णमिव महर्द्धिफलो जिनधर्मोऽस्ति, इति चतुर्थो गुणः । अथ पञ्चमगुणस्वरूपमेवं-सम्यग्ज्ञान-दर्शनपूर्वनिरतिचारविधिविशुद्धषडावश्यकादि-क्रियात्मकः सर्वत्र जात्यकनकवद्विपन्निवारणेन सम्पद्दानेन चानुकूलगतिः सहायो भवति, न तु मातृस्थानादिना निर्मितः । षष्ठो गुणो यथा-दानशीलतपोभावाच्चतुर्विधोऽपि श्रीजिनेश्वरोक्तो धर्मः केवलिप्रज्ञप्ताहिंसालक्षणादिद्वाविंशतिगुणस्वरूपो विशेषतश्चतुरशीतिलक्षण-गुणविभूषितः सर्वाभीष्टस्वर्गापवर्गसुखसाधकतया सर्वान्यधर्मेभ्यो गुरुः। जिनोक्तधर्मस्य सप्तमो गुण इत्थं-दान-परोपकाररूपो धर्मः सर्वदर्शनसम्मततया कुमतप्रेरितकुयुक्तिवह्निना जात्यकुमारकनकवददाह्यो विशेषशोभाकरश्च । अष्टमो गुणो यथा - विधिना व्रतपालनादिधर्मो निजफलदानसमर्थो मलविगमान्न हि कुत्स्यो जात्यकनकवत् शुद्धिकरश्च ।

**तथाचागमः -**

विसघाइ रसायण, मंगलत्थ विणए पयाहिणावत्ते ।
गुरुए अडज्झऽकुच्छे, अट्ठ सुवण्णे गुणा हुंति ॥१॥

---

પુણ્યોદયથી પ્રાપ્ત થનાર છે. ૪. રત્નથી યુક્ત સુવર્ણની જેમ જિનવંદન-સુગુરુવંદનાદિરૂપ જિનધર્મ પણ મહાન ઋદ્ધિના ફળને આપનારો છે. ૫. સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન યુક્ત નિરતિચાર તથા વિધિપૂર્વક કરેલી છ આવશ્યકાદિ (પ્રતિક્રમણાદિ) ક્રિયા પણ જાત્યસુવર્ણની જેમ વિપત્તિઓનું નિવારણ કરીને, સંપત્તિ આપવા દ્વારા અનુકૂળ ગતિવાળો-સહાયક છે. દંભ વગેરેથી કરેલો ધર્મ આવું ફળ આપતો નથી. ૬. દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ, કેવલિભગવંતે કહેલો અહિંસા વગેરે બાવીશ ગુણવાળો, વિશેષ કરીને (વિસ્તારથી કહીએ તો) ૮૪ પ્રકારના ગુણોથી શોભતો અને સર્વઈચ્છિત એવા સ્વર્ગ તથા અપવર્ગ (મોક્ષ)નાં સુખને મેળવી આપનાર શ્રીજિનધર્મ અન્ય સઘળાય ધર્મો કરતાં ગુરુ-મહાન છે. ૭. સર્વધર્મવાળાને સંમત-માન્ય એવા દાન-પરોપકાર વગેરે સ્વરૂપવાળો આ જિનધર્મ હોવાથી કુમત-કુપંથની કુયુક્તિરૂપ અગ્નિદ્વારા જાત્યસુવર્ણની જેમ અદાહ્ય-બાળી ન શકાય તેવો અને વિશેષ શોભાયમાન છે. ૮. વિધિપૂર્વક આરાધેલો વ્રતપાલન વગેરેરૂપ જિનધર્મ પોતાના ફળને આપવામાં સક્ષમ છે તથા આત્મમેલને

पाणिवहाईआणं, पावट्ठाणाण जो उ पडिसेहो ।
झाणज्झयणाईणं, जो अ विही एस धम्मकसो ।।२।।

बज्झाणुट्ठाणेणं जेण न वाहिज्जए तयं निअमा ।
संभवइ अपरिशुद्धं, सो पुण धम्मंमि छेउ त्ति ।। ३।।

आवयसयपडिओ वि हु, न हु मुंचइ रंगमत्तणो धम्मे ।
नेअं ताडनमेअं, सम्मं जिणधम्मकिरिआसु ।।४।।

जीवाइभाववाओ, बंधाइपसाहगो इहं तावो ।
एएहिं परिशुद्धो, धम्मो धम्मत्तणमुवेइ ।। ५ ।।

स च धर्मो द्विविधः देशविरति - सर्वविरतिभ्यां, त्रिविधः सम्यग्दर्शन-ज्ञानचारित्रैः, चतुर्विधो दानशीलतपोभावैः, पञ्चधा महाव्रतपालनेन, षोढा षड्विधावश्यकाराधनेन, सप्तधा नैगमादिनयगोचरविचारणया, अष्टधा

---

કાઢનારો છે, માટે જાત્યસુવર્ણની જેમ અકુત્સનીય છે.

૧૪મા પંચાશકની ૩૨-૩૩-૩૪મી ગાથામાં પણ આ વાત કરી છે અને ઉપાધ્યાય શ્રીજિનમંડન ગણીના 'ધર્મપરીક્ષા' ગ્રંથમાં વિસ્તૃત દૃષ્ટાંતો સાથે આ વાત મૂકી છે.

આ ધર્મ સર્વવિરતિ-દેશવિરતિરૂપ બે પ્રકારનો છે. સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ત્રણ પ્રકારનો છે. દાન-શીલ-તપ-ભાવરૂપ ચાર પ્રકારનો છે. પાંચ મહાવ્રતરૂપ પાંચ પ્રકારનો છે. સામાયિક-ચઉવીસત્થો વગેરે છ આવશ્યકની આરાધનાવાળો હોવાથી છ પ્રકારનો છે. નૈગમ-સંગ્રહ-વ્યવહાર વગેરે નયોની વિચારણાથી સાત પ્રકારનો છે. આઠ પ્રવચન માતા (પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિ)ના પાલનથી આઠ પ્રકારનો છે. બ્રહ્મચર્યની નવ વાડની આરાધનાથી નવ પ્રકારનો છે. ક્ષમા-માર્દવ-આર્જવ વગેરે ૧૦ પ્રકારના શ્રમણધર્મની આરાધનાથી દશ પ્રકારનો છે. આ રીતે શ્રીજિનધર્મ અનેક પ્રકારનો હોવા છતાં સમ્યગ્દર્શનથી શુદ્ધ બારવ્રતથી વાસિત થયેલા અંતઃકરણવાળાનો છ આવશ્યકના પાલનરૂપ જાણવો. તે ધર્મ પણ સમ્યગ્જ્ઞાન પૂર્વકનો વિધિપૂર્વક

प्रवचनमातृपालनेन, नवधा नवविधब्रह्मचर्यगुप्त्याराधनेन, दशधा क्षान्त्यादिभिः, इत्यनेकविधत्वेऽपि सम्यग्दर्शनसंशुद्धद्वादशव्रतवासितस्वान्तस्य षड्विधावश्यकपालनरूपो ज्ञेयः । सोऽपि सम्यग्ज्ञानक्रियासारो विधिनाऽऽराधितः सकलकर्ममलापनयनेन परमविशुद्धिहेतुः ।

तादृग्धर्मवने । पुनः किं विशिष्टे धर्मवने ? '**सुकुसुमबाणासणे**' त्ति कुसुमबाणः – कामदेवः स एव सु –सुष्ठु आसनं सुकुसुमबाणासनं तस्मिन् सुकुसुमबाणासने कामदेवमुपवेशनस्यासनं कृतं, अर्थात् कामं जिगाय धर्मवने निवासकरणस्यायं मनोरथः । पुनः किं विशिष्टे धर्मवने तदाह – '**फुरियकरुणे**' त्ति स्फुरितकरुणे, धर्मे करुणाया अतिमहत्त्वं, साऽपि करुणा स्फुरायमाना भवति तदा श्रेष्ठतां प्राप्नोति, तादृक् स्फुरितकरुणे धर्मवने तथा च '**बहुमयदमणे**' त्ति बहुमददमने बहूनां – जातिलाभकुलैश्वर्यबलरूपतपःश्रुतस्वरूपाणामष्टानां मदानां दमनं यत्र तादृशे धर्मवने कदा विहरिष्यामीति मनोरथः । वनपक्षे सर्वं प्रतीतं, नवरं बहूनां मृगानां दमनं यत्र तस्मिन् । **इदमत्र तात्पर्यम्** – अस्यां गाथायां धर्मवने विहरणस्य मनोरथो भावितः । धर्मवनस्यासाधारणताऽपि प्रकृष्टरूपेण प्ररूपिता । धर्मवनस्य विलसदर्जुनगुणविशेषणेन कुमारभूमावुत्पन्नस्य श्वेतसुवर्णेन

---

આરાધાય તો જ સંપૂર્ણ કર્મનો નાશ કરનાર થાય છે.

આવા પ્રકારના ધર્મવનમાં હું ક્યારે વિચરીશ...? વળી, ૨. કુસુમબાણ એટલે કામદેવ, બેસવા માટે કામદેવનું મેં આસન કર્યું છે એવા ધર્મવનમાં તથા ૩. કરુણા જેના હૃદયમાં ફૂવારાની જેમ ઊછળી રહી છે તેવો હું અને ૪. જાતિ-લાભ-કુલ-ઐશ્વર્ય-બલ-રૂપ-તપ-શ્રુત : આ આઠ પ્રકારના મદનું જ્યાં દમન થાય છે એવા વનમાં-ધર્મવનમાં હું ક્યારે વિચરીશ ?

આ મનોરથમાં ધર્મવનની સંક્ષેપમાં ઘણી વિશેષતાઓ-વિશિષ્ટતાઓ બતાવી દીધી. '**વિલસંત અજ્જુણગુણે**' થી કુમારભૂમિમાં ઉત્પન્ન થયેલ શ્વેતવર્ણના સુવર્ણની સાથે ધર્મના આઠ ગુણોની સમાનતા અને ગિરિવર(મેરુપર્વત) જેવી ગરિમા બતાવી. '**સુકુસુમબાણાસણે**'થી વિષયવાસના-કામવાસના ઉપરની જીત બતાવી. '**ફુરિયકરુણે**' વિશેષણથી

सार्द्धं धर्मस्याष्टानां गुणानां सादृश्यं प्रदर्शितं गिरिवर- सदृशी गरिमा च प्रभाविता। सुकुसुमबाणासणे विशेषणेन कामस्य - विषयवासनाया जित्वरत्वं विशेषतया प्रदर्शितम्। स्फुरितकरुण इति विशेषणेन धर्माराधनायां प्राणिमात्रस्योत्कृष्टकरुणाया मनोरथः सन्दर्शितः । बहुमददमन इति विशेषणेन धर्मे विघ्नभूतानामष्टमदानां प्रकृष्टपुरुषार्थेन दमनस्य मनोरथः प्रभाषित इति ॥ २० ॥

अथ धर्मारामे रमणस्यानुपमं मनोरथं विभावयन्नाह-

**कइया विमलासोए, परागसुमणसवसेण कयमोए ।**
**धम्मारामे रम्मे, पयडियसम्मे रमिस्सामि ? ॥ २१ ॥**

**प्रेमप्रभा०** '**कइया**'इत्यादि, '**कइया**' इति कदा, '**धम्मारामे**'त्ति धर्मारामे धर्म एवारामः - उद्यानं तस्मिन् '**रमिस्सामि**' त्ति रमिष्यामि - रमणं करिष्यामि - आत्मानन्दमनुभविष्यामि ? कीदृशे धर्माराम इत्याह - '**विमलासोए**' त्ति आरामपक्षे विमला अशोकवृक्षाः सन्ति यस्मिन् तस्मिन्, धर्मारामपक्षे विमले -

---

ધર્મની પ્રત્યેક આરાધનામાં પ્રાણીમાત્ર-જીવમાત્ર ઉપર ઉત્કૃષ્ટ કરુણાની વાત કરી. **'બહુમયદમણે'** વિશેષણથી ધર્મમાં વિઘ્નભૂત આઠ મદનું પ્રચંડ પુરુષાર્થથી દમન કરવાની વાત કરી છે. આ રીતે આ મનોરથનું રહસ્ય ખૂબ મનનીય છે. ૨૦.

**હવે અત્યંત સુંદર ધર્મ-ઉદ્યાનમાં આત્મમસ્તી માણવાનો મોહક મનોરથ આવે છે.**

**શ્લોકાર્થ :**

**વિમલ, શોકરહિત, સુંદર સુવાસના કારણે હર્ષ ઉત્પન્ન કરાવનાર, પ્રાકૃતિકરીતે રમણીય-મનોહર ધર્મ-ઉદ્યાનમાં હું ક્યારે વિચરીશ ? ૨૧**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

જેમ ઉદ્યાનમાં નિર્મળ અશોકવૃક્ષ હોય છે, સુગંધી ફૂલો હોય છે. તેના કારણે હર્ષ અનુભવાય છે. તે ઉદ્યાન પાંદડાં, ફૂલ, ફળ, શાખા, પ્રશાખાથી રમ્ય હોય છે અને ત્યાં શાંતિ અથવા શીતલતા હોય છે; તેમ ધર્મરૂપી ઉદ્યાન કે

विगतकर्ममले तथा चाशोके शोकरहिते, '**परागसुमणसवसेण कयमोए**' त्ति प्राकृतत्वेन पदव्यत्ययात् सुमनसपरागवशेन शोभनानि मनांसि येषां ते सुमनसस्तेषां क्षान्त्यादिगुणा एव परागस्तद्वशेन कृतमोदे धर्मारामे, आरामपक्षे सुमनसानां कुसुमानां परागवशेन कृतो मोदो हर्षो यस्मिन् तस्मिन् परागसुमनसवशेन कृतमोदे, धर्मारामपक्षे सुमनसां - सुन्दरमनसां मुनिजनानां परागवशेन - प्रकृष्टरागवशेन कृतो मोदो हर्षो यस्मिन् तस्मिन् धर्मारामे, अत्र प्राकृतत्वात्परागपदस्य व्यत्ययः सज्जातः । '**रम्मे**' त्ति रम्ये, आरामपक्षे पर्णैः पुष्पैः फलैः शाखा-प्रशाखाभी रम्ये, धर्मारामपक्षे सप्ततिसंयमयोगेन पंचप्रकारस्वाध्याययोगेन सुविशुद्धभिक्षाचर्यया गुरुविनयेन सामाचारीपालनेन विहारचर्यया रम्ये - रमणीये - मनोहरे। पुनः कीदृशे धर्माराम इत्याह - '**पयडियसम्मे**' प्रकटित - साम्ये आरामपक्षे प्रकटिता शीतलता येन तादृशेऽथवा शमयुक्ते शान्ते धर्मारामपक्षे प्रकटितं शर्म सुखमथवा सत्यमविरुद्धं प्रशंसनीयं - श्लाघनीयं - शोभनं तत्त्वमित्यध्याहारेण ग्रहीतव्यम्। तादृशे धर्मारामे '**रमिस्सामि**' त्ति रमिष्यामीत्यर्थः । **अत्र सारांशः** - धर्मारामे कदा रमिष्यामीति मनोरथस्य तात्पर्यार्थः । तस्य धर्मारामस्य स्वरूपमेवं - विमलं शोकरहितं सुमनसपरागैः कृतमोदं रम्यं प्रकटित-शर्मेति साम्यमिति वा ॥ २१ ॥

---

જ્યાં કર્મરૂપી મેલ ચાલ્યો ગયો હોવાથી વિમલ અને શોક ન હોવાથી અશોક (શોકરહિત) છે, સુંદર મનવાળા શ્રેષ્ઠ મુનિજનોના પરાગ-પ્રશસ્ત રાગથી હર્ષ ઉત્પન્ન થયો છે, વળી ૭૦ પ્રકારના સંયમ યોગથી, પાંચ પ્રકારના સ્વાધ્યાયયોગથી, સુવિશુદ્ધ ભિક્ષાચર્યાથી, ગુરુ મહારાજના વિનયથી, સામાચારીના પાલનથી અને વિહારચર્યાથી જે રમણીય-મનોહર છે.જ્યાં શર્મ-સુખ ઉત્પન્ન થયું છે એવા ધર્મ-ઉદ્યાનમાં હું ક્યારે રમીશ ? અર્થાત્ આવા પ્રકારના ધર્મ-ઉદ્યાનમાં હું આત્મમસ્તી પૂર્વક ક્યારે રહીશ ? ૨૧.

**માત્ર મુનિ વેષ ધારણ કરી લેવાથી આત્મકલ્યાણ થઈ જતું નથી. ચારિત્ર સ્વીકાર્યા પછી, ગુરુવિનય-ગુરુબહુમાન-તપ-ત્યાગ-સ્વાધ્યાય-વિવેક-જ્ઞાન, પરીષહ-ઉપસર્ગોને સહન કરવા, વિષય-કષાયોને જીવતા, વિકથાનો ત્યાગ**

त्रिभिः कारणैः श्रेष्ठचारित्रस्य दिव्यं मनोरथं भावयति –

**भयभेरवणिक्कंपो, सुसाणमाईसु विहियउस्सग्गो ।**
**तवतणुअंगो कइया, उत्तमचरियं चरिस्सामि ? ॥ २२ ॥**

**प्रेमप्रभा०** '**भयभेरवणिक्कंपो**' इत्यादि, '**भयभेरवणिक्कंपो**' त्ति भये-विद्युदादीनां, भैरवे-सिंहादीनां तेषु निष्प्रकम्पो मेरुवत् धीर इत्यर्थः, '**सुसाणमाईसु**' स्मशानादिभूमिषु, आदि शब्देन शून्यगृहारण्यादिषु '**विहियउस्सग्गो**' त्ति विहितकायोत्सर्गध्यानस्तथा च '**तवतणुअंगो**' त्ति घोर – वीर–उग्रतपसा कृशदेहवानहं '**कइया**' कदा '**उत्तमचरियं**' ति उत्तमचर्यां – श्रेष्ठचेष्टितं –चारित्रं '**चरिस्सामि**' त्ति आचरिष्यामि ? **अयं भावः** – मोक्षमार्गे उत्तमचर्याया उत्कृष्टाराधनाया आराधनार्थं भयभैरवेषु धैर्यधारित्वं स्मशानादिभूमिषु कायोत्सर्गध्याने निश्चलत्वमङ्गस्य तपसा कृशत्वमपेक्षितं तत्तु दीर्घकालिकाभ्यासेन

---

**કરવો, દિન પ્રતિદિન સંવેગ વૈરાગ્યની વૃદ્ધિ, નિરતિચાર ચારિત્રનું પાલન, અષ્ટ પ્રવચનમાતાનું પાલન, સામાચારીનું પાલન વગેરે શ્રીજિનાજ્ઞાનું ચુસ્ત પાલન કરવાનું છે; તેમ ભય-ભૈરવ પ્રસંગે નિષ્પ્રકંપતા વગેરે પૂર્વક સંયમની ઉત્તમચર્યા પણ જરૂરી છે. એવા શ્રેષ્ઠ સંયમનો મનોરથ ભાવિત કરે છે.**

**શ્લોકાર્થ :**

**ભય કે ભૈરવમાં નિષ્પ્રકંપ રહી, સ્મશાનાદિમાં કાયોત્સર્ગધ્યાને રહી, તપથી કૃશ દેહવાળો બની ઉત્તમ ચારિત્રની આરાધના ક્યારે કરીશ ? ૨૨**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

સંયમ સ્વીકાર્યા બાદ વિહારના સમયે અથવા ઉત્કૃષ્ટ આરાધના માટે જંગલાદિમાં કે સ્મશાનાદિમાં જ્યારે જવાનું થાય ત્યારે, ત્યાં જે કોઈ વીજળી વગેરેનો ભય ઉત્પન્ન થાય અને સિંહ વગેરે જંગલી પશુઓનો ભૈરવ (ઉપદ્રવ) ઉત્પન્ન થાય ત્યારે મેરુગિરિની જેમ નિષ્પ્રકંપ-ધીર થઈને, સ્મશાન-શૂન્યગૃહ-ઘર વગેરેમાં કે જંગલાદિમાં (જ્યાં માનવીની વસતી ન હોય તેવા નિર્જન-બિહામણા સ્થાનમાં) કાઉસ્સગ્ગ ધ્યાન કરીને તથા ઘોર-વીર-ઉગ્રતપથી કાયાને

वक्ष्यमाणसूत्रतपःसत्त्वादिभावनाभिः सिद्धं भवति। अस्मिन्मनोरथे दिव्यत्वं त्रिभिः कारणविशेषैः स्पष्टमेवेति ॥२२॥

अथ परमार्थपद – मोक्षपदप्रसाधनयोग्यस्य पुरुषार्थस्य मनोरथं सङ्कलयति–

**तवसुत्तसत्तपभिइ – भावणजुत्तो कया पढियपुव्वो ।**
**पडिमापडिवत्तिधरो, परमत्थपयं पसाहिस्सं ? ॥ २३ ॥**

**प्रेमप्रभा०** '**तवसुत्तसत्ते**'त्यादि, परमार्थपदं मोक्षपदं प्रसाधयिष्यामीति तात्त्विकोऽन्तिमध्येयस्वरूपो मनोरथोऽस्यां गाथायां प्रघोषितः। शिखररूपस्यास्य मनोरथस्य सिद्ध्यर्थं कीदृगात्मदशावता भवितव्यं तदाह – '**तवसुत्तसत्तपभिइ-**

---

કૃશ કરી નાખી હોય-સૂકવી નાખી હોય તેવો હું, ઉત્તમચર્યા - શ્રેષ્ઠચારિત્ર - ઉત્કૃષ્ટ સંયમને ક્યારે આરાધીશ? નિષ્પ્રકંપતા વગેરેને જીવનમાં આત્મસાત્ કરવા માટે દીર્ઘકાળનો અભ્યાસ અને ભાવનાજ્ઞાનની સાધના અતિ આવશ્યક જ નહીં, અનિવાર્ય પણ છે.

આ મનોરથમાં ત્રણ પ્રકારનું દિવ્યત્વ સ્પષ્ટ છે. ૧. ભય - ભૈરવમાં નિષ્પ્રકંપપણું. ૨. સ્મશાનાદિ ભૂમિમાં કાર્યોત્સર્ગધ્યાનમાં નિશ્ચલપણું અને ૩.તપથી દેહનું કૃશપણું.૨૨.

**મોક્ષપદની સાધના - પ્રાપ્તિ કરવી હોય તો આત્માને તપ - સૂત્ર - સત્ત્વ - જ્ઞાનાદિથી ભાવિત કરવો પડે; તે વાત અલૌકિક મનોરથરૂપે જણાવે છે.**

**શ્લોકાર્થ :**

**તપ-શ્રુત-સત્ત્વ વગેરે ભાવનાઓથી ભાવિત થઈ, પૂર્વશાસ્ત્રોનો અભ્યાસ કરી, પ્રતિમાઓનું પાલન-આરાધન કરી હું પરમપદને ક્યારે પ્રાપ્ત કરીશ ? ૨૩**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

આ ગાથામાં અંતિમ ધ્યેય-અંતિમ લક્ષ્ય તરીકે જે મોક્ષપદ પામવાનુ છે, એ મોક્ષપદ પ્રાપ્તિના તાત્ત્વિક મનોરથની વાત કરે છે. શિખરસ્વરૂપ આ મનોરથની સિદ્ધિ માટે કેવી આત્મદશા અને મનોદશા જોઈએ તે કહે છે. તપ-સૂત્ર-સત્ત્વ વગેરેની ભાવનાથી, આદિ શબ્દથી બલ ભાવના-એકત્વ ભાવના વગેરે ભાવનાથી એટલે કે તપ આદિ પાંચ પ્રકારની ભાવનાઓથી યુક્ત થઈને,

भावणजुत्तो' त्ति तपःसूत्रसत्त्वप्रभृतिभिर्भावनाभिर्युक्तः, प्रभृतिशब्देन बलभावना - एकत्वभावनयोर्ग्रहणम्। अनेन पञ्चभिर्भावनाभिर्युक्तत्वं सूचितं, ताः पञ्च भावना इमा - प्रथमा तपःभावना, तपसाऽऽत्मानं तथा भावयति यथा कश्चिद्देवः उपसर्गकरणार्थं शुद्धाहारप्राप्तिं निरोधयति तदा षट्मासपर्यन्तमपि क्षुधां सहितुं शक्नोति। द्वितीया सत्त्वभावना - अनया भावनया भयानां जयं करोति निद्रायाश्च जयं करोति। एषा सत्त्वभावना पञ्चभिः प्रकारैः क्रियते, तथा चोक्तं - "पढमा उवस्सयंमी, बीआ बाहिं ति (तइ)या चउक्कंमी। सुन्नघरंमि चउत्थी, अ(त)ह पंचमिया मसाणंमि॥ पञ्चवस्तु १३९५॥ सत्त्वभावनायास्तुलना प्रथमोपाश्रये, द्वितीयोपाश्रयाद्बहिः, तृतीया चत्वरे, चतुर्थी शून्यगृहे, पञ्चमी च स्मशानभूमौ। उत्तरोत्तर - धैर्यवृद्ध्यर्थं भयजयार्थं च रात्रिसमये कायोत्सर्गध्याने स्थित्वा करोति। तृतीया सूत्रभावना स्वनामवत्सूत्रमतिपरिचितं करोति, रात्रौ दिवसे वा

---

**પાંચ ભાવના આ પ્રમાણે છે.**

**૧. તપ ભાવના :**

તપથી આત્માને એ રીતે ભાવિત કરે કે - કોઈ દેવ ઉપસર્ગ કરવા માટે શુદ્ધ આહાર - ૪૨ દોષરહિત આહારની પ્રાપ્તિ ન થવા દે તો; છ મહિના સુધી પણ ભૂખ સહન કરી શકે! અર્થાત્ છ મહિના સુધી ગોચરી - પાણી ન મળે તો પણ અકળાય નહિ, દીન ન બને.

**૨. સત્ત્વ ભાવના :**

આ ભાવના દ્વારા ભયોને જીતે અને નિદ્રા (ઊંઘ) ઉપર વિજય મેળવે. સત્ત્વભાવના પાંચ પ્રકારે કરાય છે. પહેલી ઉપાશ્રયમાં (મકાનમાં), બીજી ઉપાશ્રયની બહાર, ત્રીજી ચોકમાં કે ચોરામાં (જ્યાં ચાર રસ્તા ભેગા થતા હોય ત્યાં ), ચોથી શૂન્યઘરોમાં અને પાંચમી સ્મશાનમાં - એમ પંચવસ્તુની ૧૩૯૫ મી ગાથામાં જણાવ્યું છે. એ પણ ઉત્તરોત્તર - દિવસે દિવસે ધૈર્ય-ધીરતાની વૃદ્ધિ થાય તે માટે અને ભય ઉપર વિજય મેળવવા માટે રાત્રિના સમયે કાયોત્સર્ગધ્યાને રહીને કરે.

सूत्रपरावर्तनानुसारतः प्राण-स्तोक-लव-मुहूर्तादिकालगणनां कर्तुं समर्थो यथा भवति तथा सूत्रमतिपरिचितं करोति । चतुर्थी एकत्वभावना एकान्ते वसनस्य प्रयत्नः कार्योऽभ्यासश्च कर्तव्यः । अस्यां भावनायां गुर्वादीनां दर्शनं तैः सार्धं सम्भाषणं त्यक्तव्यमेवं क्रमशः शरीरोपध्यादीनां बाह्यवस्तूनां मूलतो ममता निष्काशयितव्या । स्वपरेषां च भेदज्ञानं दृढं कृत्वा रागादीनां विनाशः कर्तव्यः । पञ्चमी बलभावनाऽस्यां भावनायां शरीरस्य मनसश्च बलं तोलयति, कदाचित्तादृशस्य शरीरबलस्याभावेऽपि मनसो धैर्यबलेन तीव्रान्परिषहानुपसर्गांश्च समतया सहते ।

**૩. સૂત્ર ભાવના :**

પોતાના નામની જેમ દરેક સૂત્રોને અતિપરિચિત કરી નાખે. રાતે કે દિવસે સ્વાધ્યાય એવી રીતે કરે કે - સૂત્રના સ્વાધ્યાયથી જ કેટલા પ્રાણ (શ્વાસોશ્વાસ), સ્તોક-લવ-મુહૂર્ત (૪૮ મિનિટનો સમય) વગેરે થયા, તે જાણી શકે. અર્થાત્ સમયનું માપ કાઢી શકે !

**૪. એકત્વ ભાવના :**

એકાંતમાં - એકલા રહેવાનો અભ્યાસ પાડે. આ ભાવનામાં ગુરુભગવંતનાં દર્શન, તેમની સાથે વાતચિત કરવી - વગેરેનો ત્યાગ કરવાનો છે.એમ કરતાં કરતાં શરીર-કાયા, ઉપધિ વગેરે આત્મબાહ્ય ચીજોની મમતા મૂળમાંથી જ કાઢી નાખવાની છે તથા સંપૂર્ણ નાશ કરવાનો છે.

**૫. બલભાવના :**

શરીરના બળની અને મનના બળની એટલે શારીરિક અને માનસિક બળની તુલના કરવી. તેવા પ્રકારના શરીરબળના અભાવમાં એટલે શારિરીક બળ સીમિત હોય તો પણ મનના ધૈર્યબળથી, આવેલા ભયંકર પરીષહ-ઉપસર્ગોને સમભાવે સહન કરે. મનથી હિંમત ન હારે. શરીરનો નાશ થઈ જાય તો પણ પરવા ન કરે !

એકથી માંડીને ચૌદ પૂર્વ સુધીનો અભ્યાસ કરીને, (જે કાળે જેટલાં પૂર્વશાસ્ત્રો વિદ્યમાન હોય તેટલાં અથવા પોતાના ક્ષયોપશમ પ્રમાણે જેટલાં પૂર્વો ભણી શકાય તેટલાં,)

'**कया**' त्ति पूर्ववत् '**पठियपुव्वो**' त्ति पठितपूर्वः, पठितानि पूर्वशास्त्राणि येन स पठितपूर्वः, एकादिचतुर्दशपूर्वगतशास्त्राणामध्येता। चतुर्दशपूर्वगतशास्त्राणीमानि- १ उत्पादप्रवादपूर्वं २ आग्रायणीयपूर्वं ३ वीर्यप्रवादपूर्वं ४ अस्तिनास्तिप्रवादपूर्वं ५ ज्ञानप्रवादपूर्वं ६ सत्यप्रवादपूर्वं ७ आत्मप्रवादपूर्वं ८ कर्मप्रवादपूर्वं ९ प्रत्याख्यानप्रवादपूर्वं १० विद्याप्रवादपूर्वं ११ कल्याणप्रवादपूर्वं १२ प्राणावायप्रवादपूर्वं १३ क्रियाविशालपूर्वं १४ लोकबिन्दुसारपूर्वं, एषां चतुर्दशपूर्वाणां शास्त्राणां ज्ञानमुत्कृष्टतमं ज्ञानमस्ति । पूर्वशास्त्राणां ज्ञानवान् सम्यग्दर्शनविशुद्ध्या सम्यक्चारित्रविशुद्ध्या च रत्नत्रयीगुणस्य शिखरारूढो भवति, तस्यैव पुण्यात्मनः परमार्थपदसाधनस्य मनोरथो वास्तविकोऽस्ति।

तथा च '**पडिमापडिवत्तिधरो**' त्ति प्रतिमाप्रतिपत्तिधरः, भिक्षूणां द्वादशप्रतिमानां प्रतिपत्तिधरः - पालनकारकः । प्रतिमा नाम किं ? प्रतिमा नामाऽन्याऽन्याभिग्रहरूपा प्रतिज्ञा प्रतिमा । तासु प्रथमैकमासिकी, द्वितीया

---

**ચૌદપૂર્વનાં નામ :** ૧.ઉત્પાદપ્રવાદ પૂર્વ ૨.આગ્રાયણીય પૂર્વ ૩.વીર્યપ્રવાદ પૂર્વ ૪.અસ્તિનાસ્તિપ્રવાદ પૂર્વ ૫.જ્ઞાનપ્રવાદ પૂર્વ ૬.સત્યપ્રવાદ પૂર્વ ૭.આત્મપ્રવાદ પૂર્વ ૮.કર્મપ્રવાદ પૂર્વ ૯.પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વ ૧૦.વિદ્યાપ્રવાદ પૂર્વ ૧૧.કલ્યાણપ્રવાદ પૂર્વ ૧૨.પ્રાણાવાયપ્રવાદ પૂર્વ ૧૩. ક્રિયાવિશાલ પૂર્વ અને ૧૪. લોકબિંદુસાર પૂર્વ. આ ચૌદ પૂર્વ દૃષ્ટિવાદ નામના બારમા અંગના પાંચ વિભાગમાંનો ચોથો વિભાગ છે. દીક્ષાના પર્યાયથી ૨૦મા વર્ષે આ ગ્રંથ(અંગ) ભણવાનો આવે છે. આ ચૌદપૂર્વનો અભ્યાસ કરનાર અવશ્ય સમ્યગ્દૃષ્ટિ હોય છે.સમ્યગ્જ્ઞાન-દર્શનની વિશુદ્ધિવાળો ચારિત્રને પણ શુદ્ધ-વિશુદ્ધ બનાવે છે. રત્નત્રયીના શિખર ઉપર આરૂઢ થાય છે. આવા રત્નત્રયીની ટોચે પહોંચેલા પુણ્યાત્માનો જ પરમાર્થપદની પ્રાપ્તિનો મનોરથ વાસ્તવિક છે.

વળી, મુનિજીવનમાં આરાધવાની ૧૨ પ્રતિમાનું પાલન કરનારો,

द्वैमासिकी, तृतीया त्रैमासिकी, चतुर्थी चातुर्मासिकी, पञ्चमी पञ्चमासिकी, षष्ठी षण्मासिकी, सप्तमी सप्तमासिकी, अष्टमी सप्ताहोरात्रिकी, नवमी सप्ताहोरात्रिकी, दशमी सप्ताहोरात्रिकी एकादशी एकाहोरात्रिकी, द्वादशी एकाहोरात्रिकी । प्रतिमाप्रतिपत्तिमिच्छता मुनिना जिनकल्पिकमुनिवत्प्रतिमापालनस्य सामर्थ्यप्राप्त्यै गच्छे वसतैव पञ्चप्रकारां तुलनां कृत्वैव प्रतिमाः स्वीकार्याः । आसां प्रतिमानां विस्तरस्तु जिज्ञासुभिः प्रतिमापञ्चाशकतो विज्ञेयः । **अयं सारः** - तपः-सूत्रसत्त्वप्रभृतिभावनाभिर्युक्तः पठितपूर्वः प्रतिमाप्रतिपत्तिधरः कदा परमार्थपदं-मोक्षपदं प्रसाधयिष्यामीति सारो-निस्यन्दोऽस्य मनोरथस्येति ॥२३॥

अधुनोग्रोपसर्गवर्गस्य सहनमनोरथं विवेचयन्नाह-

---

પ્રતિમા એટલે વિવિધ અભિગ્રહવાળી પ્રતિજ્ઞા. તેમાં પહેલી પ્રતિમા એક મહિનાની છે. બીજી પ્રતિમા બે મહિનાની છે. ત્રીજી પ્રતિમા ત્રણ મહિનાની છે. ચોથી પ્રતિમા ચાર મહિનાની છે. પાંચમી પ્રતિમા પાંચ મહિનાની છે. છઠ્ઠી પ્રતિમા છ મહિનાની છે. સાતમી પ્રતિમા સાત મહિનાની છે. આઠમી પ્રતિમા ૭ અહોરાત્રિની (રાત-દિવસ) છે. નવમી પ્રતિમા ૭ અહોરાત્રિની છે. દશમી પ્રતિમા સાત અહોરાત્રિની છે. અગિયારમી પ્રતિમા એક અહોરાત્રિની છે અને બારમી પ્રતિમા એક અહોરાત્રિની છે.

પ્રતિમા સ્વીકારવાની ભાવનાવાળા મુનિએ, જિનકલ્પી મુનિની જેમ પ્રતિમા પાલનનું સામર્થ્ય કેળવવા માટે, ગચ્છમાં રહીને જ ઉપરોક્ત પાંચ પ્રકારની તુલના કરીને પછી જ પ્રતિમા સ્વીકારવાની હોય છે. પ્રતિમા અંગે વિશેષ જાણવાની જિજ્ઞાસા હોય તો પૂ.યાકિની મહત્તરાસૂનુ હરિભદ્રસૂરીશ્વરજી મ.રચિત **પ્રતિમાપંચાશક** જોવું.

હું આવા પ્રકારના પરમાર્થ પદ-મોક્ષપદને સાધનારો ક્યારે થઈશ ? ૨૩

**હવે ઉગ્ર- અસામાન્ય ઉપસર્ગોના સમૂહને સહન કરવાનો મનોરથ શાસ્ત્રકાર મહર્ષિ કરે છે.**

**चउव्हा दिव्वाइकयं, हासपओसाइभेयपडिभिण्णं ।**
**उग्गउवसग्गवग्गं, अभग्गचित्तो सहिस्सामि ? ॥२४॥**

**प्रेमप्रभा०** '**चउव्हा**'इत्यादि, '**चउव्हा**' चतुर्धा '**दिव्वाइकयं**' दिव्यादिकृतं '**हासपओसाइभेयपडिभिण्णं**' हास्यप्रद्वेषादिभेदप्रतिभिन्नं भेदप्रभेदैरनेकप्रकारं, तेषां प्रविभक्तिर्योगशास्त्रे तृतीयप्रकाशे २५३ श्लोकस्य टीकायामित्थं कृतास्ति । १ देवैः कृताः २ मनुष्यैःकृताः ३ तिर्यग्भिः कृताः ४ स्वयं कृताश्चैते उपसर्गाणां चत्वारो मूलभेदास्तेषु देवकृतोपसर्गाणां चत्वारः प्रभेदास्ते चैवं-१ हास्येन २ द्वेषेण ३ रोषेण ४ तेषां त्रयाणां च मिश्रभावेन कृताः । मनुष्यकृतोपसर्गाणां प्रभेदाश्चत्वारस्ते चैवं- १ हास्येन २ द्वेषेण ३ रोषेण ४ दुराचारिणां-दुर्जनानां च कुसङ्गेन कृताः । तिर्यक्कृतोपसर्गाणां प्रभेदा अपि चत्वारस्ते चैवं - १ भयेन २ क्रोधेन ३ आहारप्राप्त्यर्थं

---

**શ્લોકાર્થ :**

**હાસ્ય,પ્રદ્વેષ વગેરે ભેદ-પ્રભેદવાળા, દેવાદિ દ્વારા થતા ચાર પ્રકારના ઉગ્ર ઉપસર્ગસમૂહને અભગ્ન ચિત્તવાળો હું ક્યારે સહન કરીશ ? ૨૪**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

દેવો વગેરે દ્વારા કરાતા હાસ્ય-પ્રદ્વેષ વગેરે ભેદ-પ્રભેદવાળા ઉપસર્ગો યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશના ૨૫૩ મા શ્લોકની ટીકામાં કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાએ આ પ્રમાણે બતાવ્યા છે.

**(૧) દેવો દ્વારા કરાતા ચાર પ્રકારના ઉપસર્ગો :** ૧. હાસ્યથી ૨. દ્વેષથી ૩.રોષથી ૪. ત્રણેના મિશ્રભાવથી.

**(૨) માનવો દ્વારા કરાતા ચાર પ્રકારના ઉપસર્ગો :** ૧. હાસ્યથી ૨.દ્વેષથી ૩.રોષથી ૪. દુરાચારી-દુર્જનોના સંગથી.

**(૩) તિર્યંચોથી કરાતા ચાર પ્રકારના ઉપસર્ગો :** ૧.ભયથી ૨.ક્રોધથી ૩.આહારની પ્રાપ્તિમાટે ૪.પોતાનાં બાળકો(બચ્ચાં)ના રક્ષણ માટે.

**(૪) પોતાનાથી (સ્વકૃત) કરાતા ચાર પ્રકારના ઉપસર્ગો :** ૧. પોતાના

४ अपत्यरक्षणार्थं च कृताः । स्वकृतोपसर्गाणामपि चत्वारः प्रभेदास्ते चैवं - १ स्वयं घट्टनतः २ स्तम्भनतः ३ श्लेषणतः ४ प्रपाताच्च अथवा १ वातरोगपीडया २ पित्तरोगपीडया ३ कफरोगपीडया ४ एतेषां त्रयाणां प्रकोपेनार्थात् सन्निपातेन सञ्जाताः । एवं देवादिकृतैः षोडशभेदैर्भिन्नं '**उग्गउवसग्गवग्गं**' उग्राणामुपसर्गाणां वर्गं समुदायं '**अभग्गचित्तो**' त्ति अभग्नचित्तः - स्थिरचित्तः, '**सहिस्सामि**' सहिष्यामि, कर्मक्षयस्यानन्यं कारणं मत्वा न तु परवशतयेत्यर्थः । **अयमत्रैदम्पर्यार्थः** - अपराधिजीवानां प्रति करुणातिशयं विना तथा च भवकोटिसञ्चितानां कर्मणां क्षयस्यैकलक्ष्यं विनोग्राणामुपसर्गाणां वर्गस्याभग्नचित्तेन सहनं दुःशक्यमित्यस्य मनोरथस्यै-दम्पर्यार्थः ।

अपराधिनं प्रत्यपि करुणाभरमन्थरं दृष्टिं कदा व्यापारयिष्यामीति मनोरथं प्रकाशयति -

---

શરીરાદિના ઘટ્ટનથી ૨.થાંભલા વગેરે સાથે અથડાવાથી, ૩. શરીરાદિને ઘસવાથી અને ૪. ઝંપાપાત વગેરે કરવાથી **અથવા** ૧. વાયુના રોગની પીડાથી ૨.પિત્તના વિકારથી ૩.કફજન્ય પીડાથી ૪. આ ત્રણેના પ્રકોપથી અર્થાત્ સન્નિપાત થવાથી.

આ રીતે દેવો આદિ દ્વારા થતા-કરાતા ૧૬ પ્રકારના ઉગ્ર ઉપસર્ગ - સમુદાયને, કર્મક્ષયનું અનન્ય કારણ માનીને પરવશતા કે દીનતા રહિતપણે સ્થિર ચિત્તવાળો થઈ ક્યારે સહન કરીશ ?

આ મનોરથનો ઐદંપર્યાર્થ એ છે કે-અપરાધી જીવો પ્રત્યે અત્યંત કરુણાભાવ ન હોય, કરોડો ભવોમાં ઉપાર્જેલાં કર્મોનો નાશ કરવાનું લક્ષ્ય ન હોય, તો આ આકરા ઉપસર્ગોનો સમૂહ સ્થિર ચિત્તવાળા થઈને સહન કરવો દુઃશક્ય છે. ૨૪.

**પોતાને મારી નાખવા તૈયાર થયેલા અપરાધીને પણ કરુણાથી નીતરતી દૃષ્ટિથી જોવાનો મનોરથ પ્રકાશિત કરે છે.**

**पाणपहाणपरंमि वि, परंमि परिभाविऊण परमत्थं ।**
**वावारिस्सं कइया, करुणाभरमंथरं दिट्ठिं ? ॥ २५ ॥**

**प्रेमप्रभा०** '**पाणपहाणपरंमी**' त्यादि, '**पाणपहाणपरंमि**' त्ति प्राणप्रहाणपरे प्राणानां विनाशनार्थं तत्परे '**वि**' अपि, अन्यताडनतर्जनादिकस्य निषेधं कृत्वा प्राणप्रणाशस्य प्राधान्यख्यापनार्थमपिशब्दस्य प्रयोगः । '**परंमि**' अन्यस्मिन् कस्मिंश्चिदपि जीवे '**परिभाविउण**' परिभावयित्वा-प्रकर्षेण चिन्तयित्वा, किमित्याह -'**परमत्थं**' परमार्थं, किं स्वरूपं परमार्थमित्याह - प्राणप्रहाणप्रवणस्य जीवस्य कर्मस्थितिं-तादृशकर्मोदयं-कर्मपरवशतां स्वस्य च तादृशकर्मोदयस्वरूपं परमार्थं, '**कइया**' कदेति पूर्ववत् '**करुणाभरमंथरं**' करुणायाःभरेण मन्थरां-नम्रां '**दिट्ठिं**'ति दृष्टिं '**वावारिस्सं**' व्यापारयिष्यामि ? करुणाभरमन्थरया दृष्ट्याऽवलोकनं करिष्यामीत्यर्थः । **इदमत्र तात्पर्यम्**- परे जीवे प्राणविनाशनार्थं तत्परे जाते सति साधकमुनिभिः परमार्थचिन्तनं कर्तव्यं तच्च साधनायाः परमाङ्गं,

---

**શ્લોકાર્થ :**

**મારા પ્રાણનો નાશ કરવા તૈયાર-તત્પર થયેલા (અપરાધી) જીવોને, પરમાર્થની ભાવનાવાળો બનીને, અપાર કરુણાભરી દૃષ્ટિથી હું ક્યારે નિહાળીશ ? ૨૫**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

પાંચ ઈન્દ્રિયો, ત્રણબળ, શ્વાસોશ્વાસ અને આયુષ્યઃ એ ૧૦ દ્રવ્યપ્રાણ છે. તેનો વિનાશ કરવા તત્પર થયેલા (જ્ઞાનાદિ આત્માના અનંતગુણો ભાવપ્રાણ છે. તેનો વિનાશ કરવાની કોઈની તાકાત નથી.) આત્મા ઉપર પણ પરમાર્થનો વિચાર કરીને એટલે તર્જન-તાડન વગેરે જ નહિ, મારી નાખવા તૈયાર થયેલા જીવની કર્મસ્થિતિનો, તેવા પ્રકારના તેના કર્મના ઉદયનો, કર્મની પરાધીનતાનો અને પોતાનાં તેવાં પ્રકારનાં કર્મોદયના સ્વરૂપનો (મારા તેવા પ્રકારના કર્મના ઉદય વગર તેને આવી ઈચ્છા ન જાગે તેવા સ્વરૂપનો) વિચાર કરીને, અત્યંત કરુણા સભર દૃષ્ટિથી હું ક્યારે જોઈશ ? અર્થાત્ એના ઉપર પણ અત્યંત કરુણાવાળો ક્યારે થઈશ ?

परमार्थचिन्तनं कृत्वा समतामृतेन प्लावितो मुनिः प्राणविनाशनाय तत्परं जीवं करुणाभरमन्थरया दृष्ट्या द्रष्टुं प्रभवति। तस्य परमार्थचिन्तनस्य मार्मिकं तात्त्विकं च स्वरूपमेवं-एषो जीवः शुद्धो बुद्धः स्वरूपेण स्फटिकवन्निर्मलो नैतादृक्प्राणप्रहाणप्रवृत्तिकरणशीलः परं तादृक्कर्मदोषेणैतादृशीं प्रवृत्तिं कर्तुमुद्यतः, एतत्स्वरूपेण परमार्थचिन्तनेन क्रोधोद्गमो द्वेषोद्गमश्च न भवत्यनुत्तरा समता च प्रगल्भते ॥२५॥

सम्प्रत्युच्चसाधनायाः शिखररूपं मनोरथं निदर्शयति-

**परिचियकप्पाकप्पो, कइया हं थेरकप्पनिम्माओ।**
**जिणकप्पपडिमकप्पे, अवियप्पमणो पव्वज्जिस्सं ? ॥ २६ ॥**

**प्रेमप्रभा०** '**परिचियकप्पाकप्पो**' इत्यादि, '**परिचियकप्पाकप्पो**' त्ति परिचितकल्प्याकल्प्यः, साधूनां किं कल्प्यं किं वाऽकल्प्यं तेन परिचितः,

---

પરમાર્થનું તાત્ત્વિક-માર્મિક સ્વરૂપ આ પ્રમાણે છે : આ જીવ શુદ્ધ છે. બુદ્ધ છે. સ્વરૂપથી (વાસ્તવિક દૃષ્ટિએ) સ્ફટિકરત્ન જેવો નિર્મલ છે. પ્રાણનો વિનાશ કરવાનો સ્વભાવ જીવનો નથી. પરંતુ તેવા પ્રકારના કર્મના દોષથી (કર્મના ઉદયથી) આવી પ્રવૃત્તિ કરવા તૈયાર થયો છે ! આમાં મારા કર્મનો પણ દોષ છે. તેથી જ આવા વિચારથી ક્રોધ કે દ્વેષ આવતો નથી અલબત્ત, અનુત્તરકોટિની સમતા ઝળહળી ઊઠે છે !! ૨૫

**સ્થવિરકલ્પનાં એક એક સોપાનો ચઢ્યાં પછી સાધનાના ઊંચા શિખર જેવા જિનકલ્પાદિના મનોરથનું નિદર્શન કરે છે.**

**શ્લોકાર્થ :**

**કલ્પ્ય અને અકલ્પ્યના પરિચયવાળો, સ્થવિરકલ્પી હું વિકલ્પરહિત-નિશ્ચલ મનવાળો બની ક્યારે જિનકલ્પ, પ્રતિમાકલ્પનો સ્વીકાર કરીશ ? ૨૬**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

સાધુપણામાં કલ્પ્ય શું અને અકલ્પ્ય શું ? તેના સચોટ જ્ઞાનવાળો હું સ્થવિરકલ્પ-ગચ્છમાં રહીને પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ વ્યવહાર ચારિત્રનો આરાધક

कल्प्याकल्प्यस्य स्थिरज्ञानवान्। '**कइया हं**' कदाऽहं '**थेरकप्पनिम्माओ**' गच्छे वसित्वा स्थविरकल्पस्य निर्म्माता स्थविरकल्पस्याराधकः प्रवृत्ति - निवृत्तिस्वरूपव्यवहारचारित्रस्याराधको गच्छाचाराणां पालक इत्यर्थः । '**जिणकप्पपडिमकप्पे**' त्ति जिनकल्पे प्रतिमाकल्पे च '**अवियप्पमणो**' विकल्परहितमना '**पव्वज्जिस्सं**' प्रव्रजिष्यामि, उच्चतराराधनाया मार्गे गमनं करिष्यामि?। अत्रायं कल्प्याकल्प्यस्य विस्तारः - शय्या-वस्त्र-पात्र-पिण्ड-आहारादीनां सदोषाणां ग्रहणमविधिना च ग्रहणमकल्प्यं, तेषामेव निर्दोषाणां विधिना च ग्रहणं कल्प्यं, शय्यातरस्याहारादि- ग्रहणमकल्प्यं, उपयोगस्य कायोत्सर्गमकृत्वैव गोचर्यर्थं विहरणमकल्प्यं, गृहस्थानां भाजनानि त्रोटितानि पश्चान्न दत्तानि, संस्तारकोत्तरपट्टकं मुक्त्वा अधिकोपकरणानामुपयोगकरणं, देशतः स्नानकरणं, सर्वतः स्नानस्याभिलाषकरणं, शरीरमलस्य निष्काशनं, केशानां नखानां च शोभाकरणमन्यदपि यद्यत् किमपि विभूषाकृत्यं तत्सर्वं साधूनामकल्प्यं, कल्प्यमपि शास्त्रग्रन्थेषु यत्र तत्र बहुविधं प्ररूपितं तत्सर्वं ततो विज्ञेयम् । **अत्रायं सारः**- परिचितकल्प्याकल्प्योऽहं स्थविरकल्पस्य निर्माता जिनकल्पे प्रतिमाकल्पे

---

અને ગચ્છના આચારનો પાલક હું, વિકલ્પરહિત મનવાળો (સંકલ્પ-વિકલ્પમાં અટવાયા વગર ) જિનકલ્પ અને પ્રતિમાકલ્પની આરાધનાના ઉચ્ચતર માર્ગમાં ક્યારે વિચરીશ ?

**અહીં કલ્પ્યાકલ્પ્યની વિચારણા :** શય્યા, વસ્ત્ર, પાત્ર, પિંડ, આહારાદિ દોષયુક્ત હોય તો ન કલ્પે. નિર્દોષ હોય તોય અવિધિથી ગ્રહણ કરવાં ન કલ્પે. નિર્દોષ અને વિધિયુક્ત ગ્રહણ કરાય તો જ કલ્પ્ય ગણાય. શય્યાતરનો આહારાદિ પિંડ ગ્રહણ કરવો ન કલ્પે. 'ઉપયોગ' નો કાયોત્સર્ગ કર્યા વગર ગોચરી જવું ન કલ્પે. ગૃહસ્થોનાં ભાજન ભાંગી નાખવાં, પાછાં ન આપવાં, સંથારા ઉત્તરપટ્ટાથી અધિક આસનાદિ પાથરીને સૂવું, હાથ-પગ-મોઢું વગેરે ધોવારૂપ દેશસ્નાન, સર્વસ્નાન અથવા તેની અભિલાષા, શરીર ઉપરનો મેલ ઉતારવો, વાળ કે નખની શોભા વધે એ રીતે સમારવા..... વગેરે અકલ્પ્ય છે. બીજું પણ જે કાંઈ વિભૂષા વગેરે કરાય તે સઘળુંય સાધુને અકલ્પ્ય છે. કલ્પ્ય પણ શાસ્ત્રગ્રંથોમાં જ્યાંત્યાં અનેક પ્રકારનું બતાવ્યું છે, એ કલ્પ્યાકલ્પ્યનો

चाविकल्पमना-विकल्परहितमना, विशिष्टाराधनाया मार्गे प्रव्रजिष्यामि-गमिष्यामि? इत्यस्य मनोरथस्य वैशिष्ट्यम् ॥ २६ ॥

अथ केवलज्ञान-केवलदर्शनयोः प्राप्तेः पूर्वं विशिष्टाया आत्मदशाया मनोरथं समर्थयति –

**वाउव्व अप्पडिबद्धो, कुम्मो इव गुत्तइंदिओ कइया ।**
**चंदुव्व सोमलेसो, सूरो इव दित्ततवतेओ ॥ २७ ॥**

**गयणं व निरुवलेवो, होहं उयहिव्व कइय गंभीरो ।**
**वासीचंदणकप्पो, भारंडो इव गयप्पमाओ ? ॥ २८ ॥ युग्मम् ।**

**प्रेमप्रभा०** '**वाउव्वे**'त्यादि, '**वाउव्व अप्पडिबद्धो**'त्ति वायुवदप्रतिबद्धः, वायुवदप्रतिबद्धतया विहारं कुर्वाणोऽनियतविहारकारीत्यर्थः, '**कुम्मो इव**

---

વિસ્તાર સામાચારી શાસ્ત્રોમાં તેમજ જીતકલ્પાદિમાં બતાવ્યો છે, ત્યાંથી જાણી લેવો. ૨૬

**સાધનાનાં વિશેષ સોપાન ચઢતાં ચઢતાં જીવ કેવલજ્ઞાન-કેવલદર્શનની પ્રાપ્તિની નજીક પહોંચી જાય છે. તે સમયની સાધુની ઉચ્ચ આત્મદશાના મનોરથનું બે ગાથા દ્વારા સમર્થન કરે છે.**

**શ્લોકાર્થ :**

**વાયુની જેમ અસ્ખલિત વિહારવાળો, કાચબાની જેમ ગુપ્ત ઈન્દ્રિયોવાળો, ચંદ્રની જેમ સૌમ્ય, સૂર્યની જેમ તપના તેજથી તેજસ્વી, આકાશની જેમ નિર્લેપ, સમુદ્ર જેવો ગંભીર, વાસી (છરી) ચંદન-સમાનભાવવાળો અને ભારંડપક્ષીની જેમ અપ્રમત્ત ક્યારે બનીશ ? ૨૭-૨૮**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

વાયુ-પવનની જેમ અપ્રતિબદ્ધ-રાગાદિરહિતપણે અનિયત વિહાર કરનાર, કાચબાની જેમ ગુપ્ત ઈન્દ્રિયવાળો અર્થાત્ કાચબો જેમ પોતાના અંગોપાંગ ગોપવીને રહે છે તો તેને નુકશાન થતું નથી, તેમ હું પણ ઈન્દ્રિયોને

**गुत्तइंदिओ**'त्ति कूर्म इव गुप्तेन्द्रियः, यथा कूर्मोऽङ्गोपाङ्गं गोपयित्वा तिष्ठति तथाऽहमपि, '**कइया**' कदेन्द्रियाणां गोप्ता '**होहं**'-भविष्यामि ? तथा च '**चंदुव्व सोमलेसो**' चन्द्रवत्सौम्यलेश्यः - सौम्यस्वभावः '**सूरो इव दित्ततवतेओ**' सूर्य इव दीप्ततपस्तेजा '**गयणं व निरुवलेवो**' त्ति गगनवन्निरुपलेपः, यथा गगनस्य सदा-सर्वथाऽपि विश्वेषां वस्तूनां सम्पर्कोऽस्ति तथाऽपि गगनं न केनापि सार्धं लेपयुक्तं भवति तस्य लेपरहितत्वस्वभावो निराबाधतया वर्तते तथा '**उयहिव्व गंभीरो**' उदधिः-सागरस्तद्वद् गम्भीरः, हर्षविषादादिकारणसद्भावेऽपि

---

ગોપવીને રહું તો કર્મબંધથી (અપાયથી) બચી જનારો બનું..., તે જ રીતે ચંદ્ર જેવી સૌમ્ય લેશ્યાવાળો- સૌમ્ય સ્વભાવવાળો, સૂર્યની જેમ તપના તેજથી ઓપતો-શોભતો (સાધુની શોભા શરીરની ચામડીથી નહીં પણ તપના તેજથી છે.), આકાશને જેમ કોઈ લેપ-રંગ લાગતો નથી; તેમ કર્માદિનો લેપ ન લાગે તેવો, એટલે કે આકાશ હંમેશ દરેક ઠેકાણે વિશ્વની વસ્તુઓના સંપર્કમાં કાયમ રહેવા છતાં એ લેપાતું નથી-ખરડાતું નથી પણ લેપરહિતપણું તેનો પ્રાકૃતિક-સ્વાભાવિક ગુણ છે તેવા ગુણવાળો હું સાગર જેવો ગંભીર, હર્ષ-શોક વગેરેના પ્રસંગો નિમિત્તો ઊભાં થાય તો પણ વિકારરહિત સ્વભાવવાળો, કોઈ એક માણસ પોતાના શરીરની ચામડી છરીથી ઉતારતો હોય, બીજો માણસ ભક્તિથી ભાવના ચંદનનો મારા શરીરે લેપ કરતો હોય તો પણ બંને વ્યક્તિ ઉપર દ્વેષના અને રાગના અભાવવાળો, ભારંડ નામના પક્ષીની જેમ અપ્રમત્ત-પ્રમાદરહિત હું ક્યારે થઈશ ? ભારંડપક્ષીને એક પેટ હોય છે, ડોક-મોઢાં બે હોય છે, ત્રણ પગ હોય છે, માનવીની ભાષામાં વાતચીત કરે છે, જીવ બે હોય છે, બંન્ને જીવની ઈચ્છા જુદી જુદી થાય તો બન્નેનું મોત-મરણ થાય છે, માટે તે અત્યંત અપ્રમત્તપણે જીવે છે; તેમ સંયમીએ પણ પ્રમાદ શત્રુ ઉપર વિજય મેળવવા માટે ભારંડપક્ષીની જેમ અપ્રમત્તપણે-પ્રમાદરહિત થઈને રહેવું જોઈએ. અપ્રમત્તભાવથી જ ગુણશ્રેણિ-આગળ આગળનાં ગુણસ્થાનો- ઉપર આરોહણ કરી શકાય છે. જો પ્રમાદ આવી જાય તો નિશ્ચિતપણે વિનિપાત થાય છે! પવિત્ર શ્રીકલ્પસૂત્રમાં સમર્થશાસ્ત્રકાર અને નિર્યુક્તિકાર

अविकृतस्वभावाद् '**वासीचंदणकप्पो**' वासी-छुरिका, चन्दनं-मलयजं, कल्पः -सदृशः, एकेन केनापि पुरुषेण छुरिकया शरीरस्य त्वचावतारिताऽपरेण केनापि पुरुषेण देहोपरि चन्दनस्य लेपः कृतस्तयोर्द्वयोरपि द्वेषाभावेन रागाभावेन च समवृत्तिर्वासीचन्दनसमानकल्पस्तथा च '**भारंडो इव गयप्पमाओ**' भारण्डः एको विलक्षणः पक्षी यतः - "एकोदराः पृथग्ग्रीवा-स्त्रिपदा मर्त्यभाषिणः । भारण्डपक्षिणस्तेषां मृतिर्भिन्नफलेच्छया ॥ ९ ॥" स चात्यन्ताऽप्रमत्तो जीवति तद्वद् गतप्रमादः, संयतेन प्रमादशत्रोर्जयार्थं भारण्डपक्षिवदप्रमत्तभावेन यतनीयं भवति, तेनैवाप्रमादेन गुणस्थानश्रेणौ प्रगतिर्भवति, अन्यथा तु प्रमाददोषेण विनिपातः सुनिश्चितः । विशिष्टस्यास्य मनोरथस्य परमतेजोमयप्रकाशो भव्यानां मार्गदर्शकोऽस्ति ॥ २७-२८ ॥

अथ ग्रंथकारपरमर्षिग्रन्थस्योपरसंहारं प्रकुर्वन्नाह-

---

શ્રીભદ્રબાહુસ્વામી મહારાજાએ શ્રમણભગવાન મહાવીર પરમાત્માના જીવનચરિત્રમાં કેવલજ્ઞાન પામતાં પહેલાંની સંયમયાત્રા અને આત્મદશાનું વર્ણન કર્યું છે, તેમાં આના કરતાં ઉચ્ચદશાની ઉત્કૃષ્ટ ભૂમિકાની ઉપમાઓ આપીને વિસ્તારથી વાત કરી છે. એ માટે એ ઉપમાઓને સંક્ષેપમાં સૂચવતી બે ગાથાઓ પણ મૂકી છે. ટીકાકાર મહોપાધ્યાય શ્રીવિનયવિજયજી મહારાજે એના ભાવોને સુંદર સ્પષ્ટ કર્યા છે.

અગિયારમા સાધુવિધિ **પંચાશક**માં (મૂળ **ઔપપાતિક સૂત્ર**ના ૧૭ મા સૂત્રમાં આ વાત છે.) ૪૯ મી ગાથામાં કમળપત્ર વગેરેના ગુણો જેમાં છે તે ભાવસાધુ છે, એ વાત ટીકામાં કરી છે. તેમાં લગભગ ૧૯ ઉપમાઓ છે.

આ મનોરથનો વિશિષ્ટ તેજોમય પ્રકાશ ભવ્યજીવોને સાધનામાર્ગમાં આગળ વધવા માર્ગદર્શક છે. ૨૭-૨૮

**હવે ગ્રંથકાર મહર્ષિ ઉપસંહાર કરે છે અને ભવ્યઆત્માને આવા મનોરથ કરવાનો ઉપદેશ આપે છે.**

**फुरिअसंवेगरंगा, अणुवममुणिगणगुणाणुराएण ।**
**चरणमणोरहमालं, भविया भावेह सयकालं ॥ २९ ॥**

**प्रेमप्रभा०** '**फुरिअसंवेगरंगा**' इत्यादि, '**फुरिअसंवेगरंगा**' त्ति स्फुरितः - देदीप्यमानः, संवेगस्य संसारनिर्वेदस्य मोक्षाभिलाषस्य वा रङ्गः- रसो येषां ते स्फुरित -संवेगरङ्गाः, इदृशा क इत्याह-'**भविया**' त्ति भव्याः, स्फुरितसंवेगरङ्गान् भव्यानुद्दिश्य सम्बोधयन्नाह- भो ! स्फुरितसंवेगरङ्गभव्याः '**अणुवममुणिगण-गुणाणुराएण**' त्ति अनुपमा ये मुनिगणस्य गुणास्तेषामनुरागेण जिनशासने मुनिगणस्य गुणा अनुपमाः सन्ति । जगति तेषां गुणानामनुपमत्वं प्रसिद्धं दृष्टिगोचरं च । तादृशगुणानुरागेण '**चरणमणोरहमालं**' ति चरणं-चारित्रं तस्य मनोरथानां मालां '**सयकालं**' सदाकालं, प्रतिदिनं-निरन्तरमित्यर्थः '**भावेह**' त्ति भावयत

---

**શ્લોકાર્થ :**

**દેદીપ્યમાન સંવેગના રંગવાળા હે ભવ્યજીવો! અનુપમ મુનિજનોના ગુણાનુરાગ પૂર્વક આ ચારિત્ર-મનોરથમાલામાં કહેલા ભાવો-મનોરથો કરો. ૨૯**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

અનુપમ-જેને ઉપમા ન આપી શકાય તેવા મુનિઓના સમૂહના ગુણાનુરાગથી પ્રગટ થયો છે સંવેગનો-મોક્ષાભિલાષાનો રંગ-રાગ જેને એવા હે ભવ્યજીવો! આ ચારિત્રમનોરથમાલાની અહર્નિશ-રોજ-નિરંતર ભાવના ભાવો અર્થાત્ એને આત્મસાત્ કરો.

નિર્ગુણ આત્મા પણ જો ગુણાનુરાગપૂર્વક ચારિત્રમનોરથમાળાનું ચિંતન કરે, વારંવાર આવી ભાવના ભાવે તો નિર્ગુણ કે અલ્પગુણવાળા જીવો પણ વિશિષ્ટ ઉચ્ચ ગુણોને પામે છે - માટે આ ગ્રંથની રોજ ભાવના ભાવવાની વાત ગ્રંથકારે કરી છે. નિરંતર આ ચારિત્રમનોરથમાલાની ભાવના કરવાથી જીવ ગુણશ્રેણિ ઉપર આગળ વધવાનો મહાન લાભ મેળવી શકે છે.

ભાવસાધુમાં ગુણાનુરાગ હોવો જ જોઈએ એ વાત નીચેનાં લિંગો ઉપરથી સમજાશે.

पुनःपुनश्चिन्तनेनात्मसात्कुरुत । चारित्रमनोरथमालायाः प्रतिदिनं भावनस्य यत् महत्प्रयोजनं तदाह-निर्गुणस्याल्पगुणस्यात्मनश्चारित्रमनोरथमालाया भावनेन गुणानुरागतया गुणश्रेण्यारोहणं भवतीति महान्लाभः ॥२९॥

अथान्तिमगाथायां ग्रन्थकारमहर्षिर्भावनासमेता भव्याः परमपदं प्राप्नुवन्तीति दर्शयन्नाह-

---

**ભાવ સાધુનાં સાત લિંગો :**

૧. માર્ગાનુસારી સઘળી ક્રિયા. (શાસ્ત્રવિધિ અને સંવિગ્નપુરુષોએ આચરેલી ક્રિયા માર્ગાનુસારી કહેવાય.)
૨. ધર્મ (જિનપ્રણીત ધર્મ)માં શ્રેષ્ઠ શ્રદ્ધા.
૩. પ્રજ્ઞાપનીય-સમજાવી શકાય તેવો સરળ.
૪. ક્રિયાઓમાં અપ્રમત્તતા.
૫. પોતાની શક્તિ પ્રમાણેના અનુષ્ઠાનનો આરંભ કરનાર.
૬. શ્રેષ્ઠ ગુણાનુરાગ.
૭. ગુરુઆજ્ઞાનું ઉત્કૃષ્ટ આરાધન.

**- ધર્મરત્નપ્રકરણ ગાથા - ૭૯**

જિનશાસનના મુનિઓ અનુપમ (૨૭) ગુણવાળા હોય છે અર્થાત્ ગુણથી અનુપમ હોય છે. માટે તો એ ગુણવાન મુનિઓને શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં ૮૪ ઉપમા આપી છે.

શ્રી ભાગવતી પ્રવ્રજ્યા સ્વીકારનાર જૈનમુનિ- ૭ રીતે સર્પજેવા, ૭ રીતે પર્વત જેવા, ૭ રીતે અગ્નિ જેવા, ૭ રીતે સાગર જેવા, ૭ રીતે આકાશ જેવા, ૭ રીતે વૃક્ષ જેવા, ૭ રીતે ભ્રમર જેવા, ૭ રીતે હરણ જેવા, ૭ રીતે પૃથ્વી જેવા, ૭ રીતે કમળ જેવા, ૭ રીતે સૂર્ય જેવા અને ૭ રીતે પવન જેવા છે અર્થાત્ ૧૨ ઉપમા, દરેકના ૭-૭ પ્રકાર હોવાથી ૧૨ x ૭ = ૮૪ ઉપમાવાળા છે. ૨૯.

**ગ્રંથની સમાપ્તિ કરતાં છેલ્લી ગાથામાં ગ્રંથકાર મહર્ષિ 'ભાવનાયુક્ત ભવ્ય જીવો પરમપદને પ્રાપ્ત કરનારા થાય છે' એ વાત જણાવે છે.**

**इय भावणासमेया, भव्वा संपाविऊण अचिरेण ।**
**चरणधणेसरमुणिवइ-भावं पावंति परमपयं ॥३०॥**

**प्रेमप्रभा०** '**इये**' त्यादि, '**इय**' त्ति इति '**भावणासमेया**' भावना तया समेताःयुक्ताः '**भव्वा**' त्ति भव्याः-निकटमुक्तिगामिनो जीवाः '**संपाविऊण**' त्ति सम्प्राप्य '**अचिरेण**' त्ति अचिरेण-अल्पकालेन, अचिरेण किं सम्प्राप्येत्याह- '**चरणधणेसरमुणिवइभावं**' चारित्ररूपधनस्य स्वामित्वमर्थात् मुनिपतिभावं सम्प्राप्य '**परमपयं**' ति परमपदं-मोक्षपदं-परमानन्दपदं, '**पावंति**' त्ति प्राप्नुवन्ति।

---

**શ્લોકાર્થ :**

**આવી ભાવનાથી યુક્ત જીવો-ભવ્ય પ્રાણીઓ ચારિત્રરૂપી ધનના સ્વામીભાવને - મુનીશ્વરપણાને પામી શીઘ્ર મોક્ષપદને પ્રાપ્ત કરે છે. ૩૦**

**પ્રેમપ્રભાનો ભાવાનુવાદ :**

આ પ્રમાણે ભાવના યુક્ત નિકટમુક્તિગામી ભવ્યજીવો ચારિત્રરૂપ ધનના સ્વામીભાવને અર્થાત્ મુનિપતિપણાને પામીને પરમપદ-મોક્ષપદ-પરમાનંદપદને પ્રાપ્ત કરે છે. ગાથાનો પરમાર્થ એ છે કે - ભાવનાયુક્ત ભવ્યજીવો જ અલ્પકાળમાં - ટૂંક સમયમાં ચારિત્રધનના અધિપતિ બની શ્રેષ્ઠ મુનિપણાને પ્રાપ્ત કરીને; નાશ ન પામે તેવું, પીડા ન હોય તેવું, નિરુપદ્રવ, અચલ, વૃદ્ધાવસ્થા વગરનું, સાદિ અનંત ભાંગાવાળું (શરૂઆત છે પણ અંત નથી તેવું) અને જ્યાંથી ફરી સંસારમાં પાછા ફરવાનું નથી એવા પરમપદને (જેનાથી ચઢિયાતું કોઈ પદ નથી એવા) શાશ્વત સિદ્ધિપદને પ્રાપ્ત કરનારા થાય છે.

ચારિત્રધન એ જ જગતનું સર્વોત્તમ ધન છે. એ જ વાસ્તવિક વૈભવ છે. એનાથી ચઢિયાતું ધન કે વૈભવ દુનિયામાં ક્યાંય નથી ! માટે ચારિત્રધનવાળાને અહીં ધનપતિ કહ્યો છે.

'ચરણધણેસરમુણિ' પદમાં કદાચ રચનાકારે પોતાનું નામ મૂકી દીધું હોય તે બનવા જોગ છે. તેથી ધનેશ્વરમુનિ કે ધનેશ્વરસૂરિ નામના કવિ આના રચયિતા હોય એવું પણ બને.

अस्य गाथाया अयं **परमार्थः**-भावनासमेता भव्या एवाल्पकालेन चरणधनेश्वर-स्वरूपं श्रेष्ठमुनित्वं सम्प्राप्याक्षरमव्याबाधं शिवमचलमरुजमनन्तम-पुनरावृत्तिरूपं परमपदं प्राप्नुवन्तीति ॥३०॥

अनन्तोपकारिणामनन्तकरुणासागराणामनन्तगुणनिधीनां श्रीमज्जिनेश्वराणामाज्ञा-विरुद्धं यत्किञ्चिल्लिखितमस्यां प्रेमप्रभा-टीकायां तस्य टीकाकारोऽहं मिथ्या - दुष्कृतं ददामि ।

## प्रशस्ति :

आसन्नोपकारि - काश्यपगोत्रीय - धीर - वीर - गम्भीर - शान्त-प्रशान्तोपशान्त - अनुपमरूप - अनुपमलावण्य - अनुपमबल - अनुपमयशोयुक्त - सर्वज्ञ - सर्वदर्शि - देवेन्द्रपूज्य - गणधरोपास्य - अष्टमहाप्रातिहार्यशोभित -

---

આ ગ્રંથમાં બતાવેલા મનોરથોવાળું ચારિત્ર આરાધવામાં આવે તો એ આરાધકને મોક્ષના સુખનો - ત્યાંના પરમાનંદનો અનુભવ અહીં જ ચાખવા મળે ! અને શ્રીપ્રશમરતિ આદિ ગ્રંથોમાં અને સિદ્ધપદની પૂજામાં જણાવ્યા મુજબ બાર મહિનાના પર્યાયવાળાની લેશ્યા અનુત્તર વિમાનના દેવથી પણ ચઢી જાય છે. અર્થાત્ આવા સુખની આગળ સંસારમાં સર્વશ્રેષ્ઠ ગણાતાં સર્વાર્થસિદ્ધ દેવોનાં સુખ પણ નીરસ છે ! ૩૦

અનંત ઉપકારી અનંત કરુણાના સાગર, અનંત ગુણનિધિ, શ્રી જિનેશ્વરભગવંતની આજ્ઞા વિરુદ્ધ આ'પ્રેમપ્રભા'ટીકામાં જે કાંઈ લખાઈ ગયું હોય તેનું ટીકાકાર હું મિચ્છા મિ દુક્કડં આપું છું.

## : પ્રશસ્તિ :

આસન્ન - નજીકના (વર્તમાન તીર્થના સ્થાપક હોવાથી) ઉપકારી, કાશ્યપગોત્રવાળા, ધીર-વીર-ગંભીર-શાંત-પ્રશાંત-ઉપશાંત, અનુપમ રૂપ, અનુપમ લાવણ્ય, અનુપમ બલ (આવશ્યક નિર્યુક્તિમાં બળનું વર્ણન છે.) અનુપમ યશથી યુક્ત, સર્વજ્ઞ - સર્વદર્શી, દેવેન્દ્રોથી પૂજ્ય, ગણધરોથી ઉપાસ્ય,

देवाधिदेव - **श्रमणभगवन् महावीरप्रभोः** पञ्चसप्ततितमे पट्टे सकलागम-रहस्यवेदिनः परमगीतार्था ज्योतिर्मार्तण्डा स्वगच्छे मुनीनां चारित्रशुध्दिकारकाः शासनप्रभावकशिष्याणां गुरवः परमगुरवः पूज्यपादाः सूरिवर्याः **श्रीमद्विजयदानसूरीश्वराः** सञ्जातास्तेषां पट्टपूर्वाचले सच्चारित्रचूडामणयः सुविशालगच्छाधिपतयः संयमत्यागतपोमूर्तयः सुविशालगच्छस्य योगक्षेमकारकाः स्वगुरुप्रदत्तसिद्धान्तमहोदधीति गुणनिष्पन्नविशेषणधारकाः कर्मशास्त्रनिपुणमतयः पूज्यपादा आचार्यदेवाः श्रीमन्तो धीमन्तो **विजयप्रेमसूरीश्वराः** प्रजातास्तेषां पट्टाम्बरे प्रद्योतनाभाः श्रीवर्धमानतपोनिधयो न्यायविशारदा ज्ञानदिवाकराः पूज्यपादाचार्यवर्याः श्रीमद् **विजयभुवनभानुसूरीश्वरा** उदितास्तेषां प्रथमशिष्यरत्ना

---

આઠ મહાપ્રાતિહાર્યની શોભાવાળા, દેવાધિદેવ **શ્રમણ ભગવાન શ્રીમહાવીરપરમાત્મા**ની ૭૫મી પાટને શોભાવનાર, સકલાગમરહસ્યવેદી, પરમગીતાર્થ, જ્યોતિષમાર્તંડ, સ્વગચ્છમાં મુનિઓના ચારિત્રની શુદ્ધિને કરનાર, શાસનપ્રભાવક અનેક શિષ્ય-પ્રશિષ્યોના ગુરુદેવ, પરમગુરુદેવ પૂજ્યપાદ આચાર્યવર્ય શ્રીમદ્ **વિજય દાનસૂરીશ્વરજી મહારાજા** થયા. તેમની પાટે સચ્ચારિત્રચૂડામણિ, સુવિશાલગચ્છાધિપતિ, સંયમ-ત્યાગ-તપોમૂર્તિ, સુવિશાલગચ્છના યોગ-ક્ષેમકારક, ગુરુભગવંતે આપેલ 'સિદ્ધાન્તમહોદધિ' નામના સાર્થક બિરુદના ધારક, કર્મશાસ્ત્રનિપુણમતિ, પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા** થયા. તેઓના પટ્ટગગનમાં સૂર્ય જેવા વર્ધમાનતપોનિધિ (વર્ધમાનતપની ૧૦૮ ઓળી પૂર્ણ કરનાર) ન્યાયવિશારદ, જ્ઞાનદિવાકર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા** ઉદય પામ્યા. તેઓશ્રીના પ્રથમ શિષ્ય સંસારીપક્ષે નાનાભાઈ, જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, સમતાસાગર, કેન્સર જેવી ભયંકર બીમારીમાંય અપૂર્વ સમતા સાથે માસક્ષમણાદિ તપશ્ચર્યા કરનાર પૂજ્યપાદ પંન્યાસપ્રવર **શ્રી પદ્મવિજયજી ગણિવર્ય** થયા. તેઓશ્રીના પ્રથમ શિષ્ય આચાર્ય **વિજય મિત્રાનંદસૂરિએ**, આ અજ્ઞાતકર્તા મુનિવરે કે સૂરિવરે રચેલી ચારિત્રમનોરથમાલાની **'પ્રેમપ્રભા'** નામની ટીકા, પોતાના આયુષ્યના ૭૪મા

ज्ञाननिधयः चारित्ररत्नाः समतासागराः पूज्य - पंन्यासप्रवराः **पद्मविजयजी-गणिवरास्तेषां** प्रथमविनेयाणुनाचार्य- **विजयमित्रानन्दसूरिणाऽस्या** अज्ञातकर्तृकायाश्चारित्रमनोरथमालायाः **'प्रेमप्रभा'** टीका स्ववयसश्चतुःसप्ततितमे वर्षे प्रव्रज्याया एकोनषष्ठितमेऽब्दे सूरिपदप्राप्तिसमारोहस्यैकोन-विंशतितमे वर्षे वि.सं. २०५७ तमे वर्षे राजनगरे नारणपुरेपनगरस्योपाश्रयेऽनन्तोपकारिणां करुणासागराणां वीरविभूनां सप्तसप्ततितमे पट्टे शोभमानानां परमशासनप्रभावकानां व्याख्यानवाचस्पतीनां शासनसंरक्षकाणां सिद्धान्तनिष्ठानां दीक्षादानवीराणां भारतवर्षालङ्काराणां पूज्यपादानामाचार्यदेवानां **श्रीमद्विजयरामचन्द्रसूरीश्वराणां** पुण्यप्रभावसाम्राज्ये विरचिता दीपावलिकायाः शुभातिशुभदिने समाप्तिमगात्, द्वादशतीर्थपति श्रीवासुपूज्यस्वामिनां शीतलमङ्गलछत्रछायायामिति । शुभं भवतु संघभट्टारकस्य ।

---

વર્ષે, દીક્ષાના ૫૯મા વર્ષે, આચાર્યપદ પ્રાપ્તિના ૧૯મા વર્ષે વિ.સં.૨૦૫૭માં નારણપુરા - અમદાવાદમાં ચાતુર્માસ દરમ્યાન, વીરપરમાત્માની ૭૭મી પાટને શોભાવનારા પરમશાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનસંરક્ષક, સિદ્ધાંતનિષ્ઠ, દીક્ષાના દાનવીર, ભારતવર્ષાલંકાર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ના ધર્મસામ્રાજ્યમાં રચી અને બારમા તીર્થપતિ શ્રી વાસુપૂજ્યસ્વામીની શીતલ-મંગલ છત્રછાયામાં દીપાવલીના શુભદિવસે પૂર્ણ કરી. શ્રમણપ્રધાન શ્રીચતુર્વિધ સંઘનું કલ્યાણ થાઓ.

# चारित्रमनोरथमाला-मूलम्

केसिंचि सउन्नाणं, संवेगरसायणं पवण्णाणं ।
उत्तमगुणाणुराया, सत्ताणं फुरइ इय चित्ते ॥१॥

कइया संविग्गाणं, गीयत्थाणं गुरूण पयमूले ।
सयणाइसंगरहिओ, पव्वज्जं संपवज्जिस्सं ? ॥२॥

सावज्जजोगवज्जण-पउणो अणवज्जसंजमुज्जुत्तो ।
गामागराइएसुं, अप्पडिबद्धो य विहरिस्सं ? ॥३॥

अणवरयमविस्सामं, कइया नियभावणासुपरिसुद्धं ।
दुद्धरपंचमहव्वय-पव्वयभारं धरिस्सामि ? ॥४॥

कइया आमरणंतं, धण्णमुणिनिसेवियं च सेविस्सं ।
निस्सेसदोसनासं, गुरुकुलवासं गुणावासं ? ॥५॥

कइया सारणवारण-चोयणपडिचोयणाई सम्ममहं ।
कम्मिवि पमायखलिए, साहूहिं कयं सहिस्सामि ? ॥६॥

अतुरियमचवलमसंभम-वक्खेवविवज्जिओ कया मग्गे ।
जुगमित्तनिहियदिट्ठी, पुरओ इरियं विसोहिस्सं ? ॥७॥

मियमहुरं अणवज्जं, कइया कज्जे वयं वइस्सामि ? ।
सोहिस्सामि य कइया, बायालीसेसणादोसे ? ॥८॥

पडिलेहिय सुपमज्जिय, उवगरणायाणमोयणे कइया ।
सुनिरिक्खिय सुपमज्जिय, थंडिलखेलाइपरिट्ठवणं ? ॥९॥

मणवयकायाण कया, कुसलाण पवत्तणेण इयराण ।
सम्मं नियत्तणेणं, तिगुत्तिगुत्तो भविस्सामि ? ॥१०॥

विच्छिन्नविसयवंछो, देहविभूसाइवज्जिओ कइआ ।
परिजुण्णमय( इ )लवत्थो, सामण्णगुणे धरिस्सामि ? ॥११॥

कइया कालविहाणं, काउं आयंबिलाइतवोकम्मं ।
कयजोगो जुग्गसुयं, अंगोवंगं पढिस्सामि ? ॥१२॥

कइया पकप्प-पणकप्प-कप्पववहारजीयकप्पाई ।
छेयसुयं सुयसारं, विसुद्धसद्धो पढिस्सामि ? ॥१३॥

सीलंगसंगसुभगो, अणंगभंगंमि विहियसंसग्गो ।
चंगसंवेगरंगो, कया रमिस्सामि निस्संगो ? ॥१४॥

परदूसणपरिमुक्को, अत्तुक्करिसंमि विमुहपरिणामो ।
दसविहसामायारी-पालणनिरओ कया होहं ? ॥१५॥

सहमाणो य परिसह-सिन्नं नीउच्चमज्झिमकुलेसुं ।
लद्धावलद्धवित्ती, अण्णायउंछं गवेसिस्सं ॥१६॥

रागद्दोसविउत्तो, संजोयणविरहिओ कया कज्जे ।
पन्नगबिलोवमाए, भुंजिस्सं सम्ममुवउत्तो ? ॥१७॥

सुत्तत्थपोरिसिपरो, जुत्तो य समत्तजीयकप्पेहिं ।
मासकप्पेण कया, विहरिस्सं उज्जुयविहारो ? ॥१८॥

परपरिवायविरत्तो, समचित्तो सत्तुमित्तसत्तेसु ।
कइया विगहारहिओ, सज्झायपरो भविस्सामि ? ॥१९॥

विलसंतअज्जुणगुणे, सुकुसुमबाणासणे फुरियकरुणे ।
विहरिस्सं धम्मवणे, बहुमयदमणे अहं कइया ? ॥२०॥

कइया विमलासोए, परागसुमणसवसेण कयमोए ।
धम्मारामे रम्मे, पयडियसम्मे रमिस्सामि ? ॥ २१ ॥

भयभेरवणिक्कंपो, सुसाणमाईसु विहियउस्सग्गो ।
तवतणुअंगो कइया, उत्तमचरियं चरिस्सामि ? ॥ २२ ॥

तवसुत्तसत्तपभिइ - भावणजुत्तो कया पढियपुव्वो ।
पडिमापडिवत्तिधरो, परमत्थपयं पसाहिस्सं ? ॥ २३ ॥

चउहा दिव्वाइकयं, हासपओसाइभेयपडिभिण्णं ।
उग्गउवसग्गवग्गं, अभग्गचित्तो सहिस्सामि ? ॥२४॥

पाणपहाणपरंमि वि, परंमि परिभाविऊण परमत्थं ।
वावारिस्सं कइया, करुणाभरमंथरं दिट्ठिं ? ॥ २५ ॥

परिचियकप्पाकप्पो, कइया हं थेरकप्पनिम्माओ ।
जिणकप्पपडिमकप्पे, अवियप्पमणो पव्वज्जिस्सं ? ॥ २६ ॥

वाउव्व अप्पडिबद्धो, कुम्मो इव गुत्तइंदिओ कइया ।
चंदुव्व सोमलेसो, सूरो इव दित्ततवतेओ ॥ २७ ॥

गयणं व निरुवलेवो, होहं उयहिव्व कइय गंभीरो ।
वासीचंदणकप्पो, भारंडो इव गयप्पमाओ ? ॥ २८ ॥ युग्मम् ।

फुरिअसंवेगरंगा, अणुवममुणिगणगुणाणुराएण ।
चरणमणोरहमालं, भविया भावेह सयकालं ॥ २९ ॥

इय भावणासमेया, भव्वा संपाविऊण अचिरेण ।
चरणधणेसरमुणिवइ-भावं पावंति परमपयं ॥३०॥

## પૂ.પં.શ્રી પદ્મવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળા ટ્રસ્ટનો પરિચય

વિ.સં.૨૦૨૦માં પૂજ્યપાદ અખંડબાલબ્રહ્મચારી ધર્મતીર્થપ્રભાવક સિદ્ધાંત સંરક્ષક આચાર્યદેવ શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાના સદુપદેશથી આ ગ્રંથમાળાની સ્થાપના બોરસદ (ગુજરાત) મુકામે થઈ હતી. સમ્યગ્જ્ઞાનની ઉપાસના અને સમ્યગ્જ્ઞાનનું દાન એ જેનો મુખ્ય ઉદ્દેશ છે.

આ ગ્રંથમાળાએ આજ સુધીમાં એક એકથી ચઢિયાતા લગભક ૪૫ ઉપરાંત ગ્રંથો પ્રકાશિત કર્યા છે. સાથે સાથે 'ધર્મદૂત' માસિકના માધ્યમથી સમ્યગ્જ્ઞાનનો-તત્ત્વજ્ઞાનનો પ્રકાશ પાથરવાનું ભગીરથકાર્ય અવિરત ચાલુ છે, જેનો અમને અનહદ આનંદ છે.

ઘણા ગ્રંથોની તો બે-બે, ત્રણ-ત્રણ આવૃત્તિઓ બહાર પડી ચૂકી છે, જે ગ્રંથમાળાની લોકપ્રિયતા સિદ્ધ કરે છે.

આ ગ્રંથ પ્રકાશનની જ્ઞાનયાત્રામાં આપ ઉદારતા દાખવીને મજબૂત અને સદ્ધર બનાવો તથા જૈનશાસનના મૌલિક વિવિધ વિષયોના પ્રચાર કાર્યમાં સહભાગી બનો, એ જ વિનંતી.

સમ્યગ્જ્ઞાનનું લેખન કરાવવાથી, એનો પ્રસાર-પ્રચાર કરવાથી એમાં સહભાગી થવાથી, એની આરાધના કરવાથી જ્ઞાનાવરણીયકર્મનો ક્ષય થાય છે.

લિ.

'પૂ.પં.શ્રીપદ્મવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળા ટ્રસ્ટ'નું ટ્રસ્ટીગણ


❖ શા.અશોકકુમાર હિંમતલાલ
❖ શા.નૌતમભાઈ રસિકલાલ વકીલ
❖ કુમારપાળ અમીચંદજી બાગરેચા
❖ શા.ચંપકલાલ હીરાલાલ
❖ શા.રસિકલાલ રામચંદ


### લવાજમ ભરવા માટે સંપર્ક


❖ C/o. અશોકકુમાર હિંમતલાલ શાહ, એચ.એ.માર્કેટ, ત્રીજે માળે, કપાસિયા બજાર, અમદાવાદ-૨. ફોન : (O) ૨૧૨૩૨૮૭ (R) ૬૬૧૨૫૦૭

❖ દીપકકુમાર શશિકાંતભાઈ ઝવેરી, મુંબઈ. ફોન : (R) ૨૩૬૪૮૩૭૮/૯ (O) ૨૩૮૬૫૬૦૩

❖ વસંતકુમાર ધરમચંદજી જૈન, મુંબઈ. ફોન : (O) ૨૩૭૨૯૫૧૦ (R) ૨૨૪૧૧૧૪૧

❖ જ્યોતિન્દ્રભાઈ શાહ, અમદાવાદ. ફોન : (R) ૬૬૪૦૬૨૬, ૬૬૦૦૨૮૩

## પૂ.પં.શ્રીપદ્મવિજયજી ગણિવર જૈનગ્રંથમાળાનાં પ્રાણવંતાં પ્રકાશનો :

❖ ૧. પદ્મસૌરભ
૨. ભાગ્યના ખેલ (બે આવૃત્તિ)
૩. દીવાદાંડી ભાગ -૧ (બે આવૃત્તિ)
૪. મંત્રાધિરાજ (બે આવૃત્તિ)
❖ ૫. પદ્મ પરિમલ
❖ ૬. મહાસાગરનાં મોતી
❖ ૭. પુણ્યપાપના પડછાયા
૮. પંચસૂત્ર-પ્રથમસૂત્ર (ત્રણ આવૃત્તિ)
૯. કથીર અને કંચન
૧૦. અહિંસાવિચાર (ગુજરાતી)
૧૧. વિરલવિભૂતિ (બે આવૃત્તિ)
❖ ૧૨. ચાલો, બ્રહ્મચર્યના પુનિતમાર્ગે
૧૩. દીવાદાંડી ભાગ-૨
૧૪. મંગલં જિનશાસનમ્ (ત્રણ આવૃત્તિ)
❖ ૧૫. કથા કલ્પવેલી
૧૬. સામાયિક ધર્મ (ત્રણ આવૃત્તિ)
❖ ૧૭. મહાનિશીથસૂત્ર
૧૮. સામાયિક-ચૈત્યવંદન સૂત્ર (અંગ્રેજી) (બે આવૃત્તિ)
૧૯. ચન્દ્રાયાત્રાનું રહસ્ય
❖ ૨૦. આઠ સ્વપ્નનો ફળાદેશ
❖ ૨૧. દીપજલે સંસાર
૨૨. સમાધિવિચાર (બે આવૃત્તિ)
❖ ૨૩. આનંદઘન ચોવીશી (હિંદી)
❖ ૨૪. તીર્થંકર આરાધના
❖ ૨૫. સંયમનાં સૌંદર્ય
❖ ૨૬. ચેતન ! જ્ઞાનસુધારસ પીજે
૨૭. પાઈઅસુભાસિયસંગહો
❖ ૨૮. મનમંદિર આગમદીવો
૨૯. બાર ભાવના-ભવ ભાવના
૩૦. અદ્ભુત આરાધનાઓ ભાગ-૧
૩૧. રાત્રિભોજન મહાપાપ (છ આવૃત્તિ, ૩૦,૦૦૦ નકલ)
૩૨. સંયમરંગ લાગ્યો
૩૩. ધર્મપરીક્ષા પ્રત
૩૪. દેવસિરાઈ પ્રતિક્રમણસૂત્ર (અંગ્રેજી બે આવૃત્તિ)
૩૫. ભવઆલોચના (બે આવૃત્તિ)
૩૬. Eating After Sunset the Great sin.
૩૭. માંગલ્યદીપ
૩૮. ઉપદેશ કલ્પવેલી
૩૯. ચાતુર્માસિક તથા જીવનના નિયમો
૪૦. રાત્રિભોજન મહાપાપ - હિંદી
૪૧. રત્નના દીવા
૪૨. અંતરની પ્રાર્થના
૪૩. પદ્મપ્રેરણા
૪૪. શતક સંદોહ
૪૫. સમરાદિત્ય પ્રત સંસ્કૃત ભા.૧
૪૬. અનેકાંતદર્શનમાં દ્રવ્યનું સ્વરૂપ
૪૭. દ્રવ્યગુણપર્યાયનો રાસ ઢાળ-૧
૪૮. ચારિત્રમનોરથમાળા સટીક-ભાવાનુવાદ
૪૯. અધ્યાત્મબિંદુ (સંસ્કૃત)
૫૦. ચાતુર્માસિક નિયમો (પાંચ આવૃત્તિ)
❖ ૫૧. ઠાણાંગસૂત્ર દીપિકા ભાગ-૧

❖ આ નિશાનવાળાં પુસ્તકો ઉપલબ્ધ નથી.

## જિનશાસનનું ચારિત્ર

એક દિવસમાં, એક ભવમાં, વધુમાં વધુ ૭-૮ ભવમાં મોક્ષ અપાવે એવું મહાનચારિત્ર શ્રીતીર્થંકરદેવોએ પોતે લીધું. કેવલજ્ઞાન-કેવલદર્શન થયા પછી પહેલાં ચારિત્રધર્મનો અને પછી શ્રુતધર્મનો ઉપદેશ આપ્યો. વીતરાગશાસનના ચારિત્રને પાળવાનું કામ તલવારની ધાર ઉપર ચાલવા કરતાં કઠિન છે. તોય અનંત આત્માઓ પુરુષાર્થમાં સફળ થયા. એ પુરુષાર્થનું સત્ત્વ હજી જેઓમાં પ્રગટ્યું નથી, તેઓએ અંતરના ઉમંગ અને ઉછરંગથી જે મહાન મનોરથો કર્યા એને કંડારતો મહાન ગ્રંથ એટલે જ આ **'ચારિત્રમનોરથમાળા'**. વારંવાર વાંચન-મનન-ચિંતનથી સિંહ જેવું સત્ત્વ પ્રગટાવવાની ક્ષમતા ધરાવતો આ એક વિરલ ગ્રંથ છે.

*- વિજયમિત્રાનંદસૂરિ*

JINESHWAR, Ph. : 079-6404874 (M) 98240 15514